RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા     બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૭૯ ફાગણ વદ-૧૧     શુક્રવાર, તા.૦૫-૦૪-૨૦૨૪     અંક : ૧૪૧  વર્ષ : ૨૧     news@aaspassindia.com     કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

# રેપો રેટ 6.5 % યથાવત

## RBIએ સતત સાતમી વખત રેપો રેટ યથાવત રાખ્યો

નવીદિલ્હી,
ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે આજે પોલિસી રેટ અંગે મોનેટરી પોલિસી કમિટીના નિર્ણયની જાહેરાત કરી હતી. મોનેટરી પોલિસી કમિટીએ રેપો રેટ ૬.૫ ટકા યથાવત રાખ્યો છે.

RBI ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે મેક્રો ઈકોનોમિક સ્થિતિની સમીક્ષા કર્યા બાદ MPCએ રેપો રેટને સ્થિર રાખવા માટે બહુમતીથી નિર્ણય લીધો છે. MPCના ૬માંથી ૫ સભ્યોએ રેપો રેટમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય લીધો હતો. RBIએ છેલ્લી સતત સાતમી વખત રેપો રેટ યથાવત રાખ્યો હતો. RBIની MPCની ત્રણ દિવસીય બેઠક ૩ એપ્રિલે શરૂ થઈ હતી, આ બેઠક દરમિયાન લેવામાં આવેલા નિર્ણયોની આજે પત્રકાર પરિષદમાં જાહેરાત કરવામાં આવી હતી. રિઝર્વ બેંકના MPCએ છેલ્લે ૧૪ મહિના પહેલા ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટમાં ફેરફાર કર્યો હતો. તે સમયે રેપો રેટ વધારીને ૬.૫૦ ટકા કરવામાં આવ્યો હતો. એ બાદથી રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.




# પાકિસ્તાનમાં જઈ ભારત આંતકીઓને કરે છે ઠાર

## ઇન્ટરનેશનલ મીડિયા બ્રિટિશ અખબાર ધ ગાર્ડિયને ભારતને લઈને કર્યો દાવો

લંડન,
ભારત હવે આતંકવાદીઓને તેમની જ ભાષામાં જડબાતોડ જવાબ આપી રહ્યું છે. પાકિસ્તાનમાં એક પછી એક 'દુશ્મન' ખતમ થઈ રહ્યા છે. બ્રિટિશ અખબાર ધ ગાર્ડિયને આ અંગે રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત સરકારે પાકિસ્તાનમાં આતંકીઓને મારવાનો આદેશ આપ્યો છે. ભારત સરકારે વિદેશી ધરતી પર વસતા આતંકવાદીઓને ખતમ કરવા માટે એક જોરદાર સ્ટ્રેટેજી બનાવી છે અને એ જ વ્યૂહરચનાનાં ભાગરૂપે પાકિસ્તાનમાં છૂપો ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. ગુપ્તચર અધિકારીઓનો દાવો છે કે ૨૦૨૦થી અત્યાર સુધીમાં ૨૦ હત્યાઓ થઈ છે. જોકે, ભારતે આ આરોપોને નકારી કાઢ્યા છે અને તેમને દૂષિત ગણાવ્યા છે.

ધ ગાર્ડિયન પોતાના રિપોર્ટમાં ભારતીય અને પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓને ટાંકીને મોટો દાવો કર્યો છે. રિપોર્ટમાં બંને દેશોના ગુપ્તચર અધિકારીઓની મુલાકાતો અને પાકિસ્તાની તપાસકર્તાઓ દ્વારા શેર કરાયેલા દસ્તાવેજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભારતની ગુપ્તચર એજન્સી રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW) એ ૨૦૧૯ (પુલવામા હુમલાની ઘટના) પછી રાષ્ટ્રીય સુરક્ષા માટે સાહસી અભિગમ અપનાવ્યો અને કથિત રીતે વિદેશમાં તેના દુશ્મનોને ખતમ કરવા માટે કાર્યવાહી કરવાનું શરૂ કર્યું છે.

વોશિંગ્ટન (અમેરિકા) અને ઓટાવા (કેનેડા)એ પણ ભારત પર આક્ષેપો કર્યા હતા. કેનેડાએ તેના પર શીખ આતંકવાદી અને અન્યની હત્યા કરવાનો આરોપ લગાવ્યો હતો. આમાં ભારતની ભૂમિકા પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. એ જ રીતે ગયા વર્ષે અમેરિકાએ પણ તેના પર બીજા શીખ આતંકવાદીની હત્યાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. તાજેતરના દાવા મુજબ, ૨૦૨૦ થી, ભારતે પાકિસ્તાનમાં ઝડપી કાર્યવાહી કરી છે અને અત્યાર સુધીમાં લગભગ ૨૦ લોકો માર્યા ગયા છે. આ પહેલા પણ ભારત આ હત્યાઓ સાથે અનૌપચારિક રીતે જોડાયેલું હતું.

# દારૂનું કૌભાંડ ભાજપે કર્યું છે : સંજયસિંહ

## કેજરીવાલ વિરુદ્ધ ષડ્યંત્ર, AAP વિરુદ્ધ નિવેદન આપનાર મંગુટા હવે NDAમાંથી ચૂંટણી લડી રહ્યા છે



નવીદિલ્હી,
AAP નેતા અને રાજ્યસભાના સાંસદ સંજય સિંહે શુક્રવારે પ્રેસ કોન્ફરન્સ કરી અને દારૂ કૌભાંડ પાછળ ભાજપનો હાથ હોવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની એક ષડ્યંત્ર હેઠળ ધરપકડ કરવામાં આવી છે.ઈઢએ TDP સાંસદ મંગુટા રેડ્ડી અને તેમના પિતા રાઘવ રેડ્ડી પર દબાણ કરીને કેજરીવાલ વિરુદ્ધ નિવેદન નોંધવામાં આવ્યું છે.

સંજય સિંહે વધુમાં કહ્યું કે મંગુટા રેડ્ડી હવે વડાપ્રધાનની તસવીર લગાવીને ચૂંટણી લડી રહ્યા છે. ખરેખરમાં તેલુગુ દેશમ પાર્ટી એનડીએની સહયોગી પાર્ટી છે. સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યા બાદ બુધવારે સાંજે સંજય સિંહને તિહાર જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતો. તેઓ છ મહિનાથી જેલમાં હતા. તિહાર જેલમાંથી મુક્ત થયેલા આમ આદમી પાર્ટીના નેતા અને સાંસદ સંજય સિંહ આજે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે ભાજપ અને કેન્દ્ર સરકાર વિરુદ્ધ ઘણા મોટા ખુલાસા કર્યા હતા.

સંજય સિંહે કહ્યું કે એક વ્યક્તિ છે; મગુંટા રેડ્ડી, જેણે ૩ નિવેદન આપ્યાં, તેમના પુત્ર રાઘવ મગુંટાએ ૭ નિવેદન આપ્યાં. ૧૬ સપ્ટેમ્બરના રોજ, જ્યારે મગુંટા રેડ્ડીને ED દ્વારા સૌપ્રથમ પૂછવામાં આવ્યું કે શું તેઓ અરવિંદ કેજરીવાલને જાણે છે. તેમણે સત્ય કહ્યું અને જણાવ્યું કે તેઓ અરવિંદ કેજરીવાલને મળ્યા હતા, પરંતુ ચેરિટેબલ ટ્રસ્ટની જમીન મામલે. જે બાદ તેમના પુત્રની ધરપકડ કરવામાં આવી હતી અને ૫ મહિના સુધી જેલમાં રાખ્યા બાદ તેમના પિતાએ પોતાનું નિવેદન બદલ્યું હતું.

# લખનઉમાં ચરણસિંહ એરપોર્ટ પરથી ૨ દિવસમાં ૩૦ દાણચોરો રફૂચક્કર

## ઘટસ્ફોટ થતા જ કસ્ટમ્સની આખી ટીમ સસ્પેન્ડ

લખનઉ,
ભારતમાં સોનાની દાણચોરીનો અનોખો કિમીયો. લખનઉમાં ૩૦ દાણચોરો એરપોર્ટ પરથી ભાગતા કસ્ટમની સમગ્ર ટીમ સસ્પેન્ડ કરવામાં આવી. ચૌધરી ચરણ સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સની કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે બે દિવસમાં ૩૦ દાણચોરોના ભાગી જવા અને ૬૨ દાણચોરોનું આગમન થયાની વિગતો સામે આવી. એરપોર્ટ પર થયેલ દાણચોરી મામલે આ ઘટસ્ફોટ થતા જ કસ્ટમ્સની આખી ટીમને સસ્પેન્ડ કરી દેવામાં આવી છે. તેમની સામે ખાતાકીય તપાસ પણ શરૂ કરવામાં આવી છે.

# NCERTના ધો. ૧૨ના અભ્યાસક્રમમાંથી દૂર કરાયો બાબરી ધ્વંસ

## પોલિટિકલ સાયન્સ બુકમાં 'લોકશાહી અધિકાર' નામના પાંચમા પ્રકરણમાં ગુજરાત રમખાણો સહિતનો ઉલ્લેખ દૂર

નવીદિલ્હી,
નેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) એ ધોરણ ૧૨ ની પોલિટિકલ સાયન્સ બુકમાં ઘણા ફેરફારો કર્યા છે. પુસ્તકમાંથી બાબરી મસ્જિદ, હિંદુત્વની રાજનીતિ, ૨૦૦૨ના ગુજરાત રમખાણો અને લઘુમતીઓ સંબંધિત કેટલાક સંદર્ભો હટાવી દેવામાં આવ્યા છે. નોંધનીય છે કે, આ પુસ્તક શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ થી લાગુ કરવામાં આવશે. તાજેતરના વર્ષોમાં પુસ્તકોમાંથી ઘણા સંવેદનશીલ વિષયો દૂર કરવામાં આવ્યા છે.

NCERTએ તેની વેબસાઈટ પર આ ફેરફારો જાહેર કર્યા છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) સાથે સંલગ્ન શાળાઓમાં NCERT પુસ્તકો ભણાવવામાં આવે છે. દેશમાં આ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓની સંખ્યા લગભગ ૩૦ હજાર છે. CBSE બોર્ડની શાળાઓ ભારતના લગભગ દરેક ભાગમાં હાજર છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે અન્ય રાજ્યોના બોર્ડના પુસ્તકોમાં પણ આવા ફેરફારો જોવા મળે છે.

એક ખાનગી મીડિયાના અહેવાલ મુજબ 'ભારતીય રાજનીતિઃ ન્યૂ ચેપ્ટર' નામના પોલિટિકલ સાયન્સના આઠમા પ્રકરણમાં 'અયોધ્યા ધ્વંસ'નો સંદર્ભ હટાવી દેવામાં આવ્યો છે. પ્રકરણમાં 'રાજકીય ગતિવિધિની પ્રકૃતિ માટે રામજન્મભૂમિ આંદોલન અને અયોધ્યા ધ્વંસનો વારસો શું છે?' તેને બદલીને 'રામ જન્મભૂમિ આંદોલનનો વારસો શું છે?' કરવામાં આવ્યું છે. NCERTનું કહેવું છે કે, આવું એટલા માટે કરવામાં આવ્યું છે જેથી પ્રશ્નોના જવાબોને નવા ફેરફારો સાથે જોડી શકાય.

# કોંગ્રેસનો ૨૫ ગેરંટીવાળો ચૂંટણી ઢંઢેરો જાહેર

## મજૂરોને રોજના ૪૦૦ અને ગરીબ પરિવારની મહિલાઓને વાર્ષિક ૧ લાખ રૂપિયા : ૩૦ લાખ જગ્યાએ ભરતીની જાહેરાત




નવીદિલ્હી,
લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે શુક્રવારે એટલે આજે પોતાનો ઘોષણા પત્ર જાહેર કર્યો છે. દિલ્હીમાં કોંગ્રેસ મુખ્યાલયમાં સોનિયા, રાહુલ, ખડગે અને મેનિફેસ્ટો કમિટીના અધ્યક્ષ પી ચિદંબરમે ૫ ન્યાય અને ૨૫ ગેરંટીનું એલાન કર્યું છે. પાર્ટીના ઘોષણા પત્રમાં મજૂરોને દિવસના ૪૦૦ રૂપિયા અને ગરીબ પરિવારની મહિલાઓને વાર્ષિક ૧ લાખ રૂપિયા આપવા અને MSPને કાયદો બનાવવાનો ઉલ્લેખ છે.

કોંગ્રેસે પોતાના મેનિફેસ્ટોમાં યુવા, મહિલા, મજૂર અને ખેડૂતો પર ફોકસ કર્યું છે. આ બધા વર્ગો માટે વિવિધ પ્રકારની સ્કીમનું વચન આપ્યું છે. પાર્ટીએ કહ્યું છે કે તેમનો ઘોષણા પત્ર વર્ક, વેલ્થ અને વેલફેર પર આધારિત છે.

# રાજસ્થાનના ચુરુમાં મોદીની જનસભા

ચુરૂ,
પીએમ મોદી આજે રાજસ્થાનના ચુરુમાં જનસભાને સંબોધશે. અહીં ભાજપના ઉમેદવાર દેવેન્દ્ર ઝાઝરિયાના સમર્થનમાં જનસભાને સંબોધશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભા અગાઉ ૬ એપ્રિલે નાગૌરમાં થવાની હતી, પરંતુ તેમના કાર્યક્રમમાં ફેરફારને કારણે આ બેઠક પુષ્કરમાં યોજાવા જઈ રહી છે.

ચુરુ એ શેખાવતી વિભાગની લોકસભા બેઠક છે અને ભાજપે શેખાવતીથી વિધાનસભા ચૂંટણીમાં બહુ સારું પ્રદર્શન કર્યું ન હતું. આવી સ્થિતિમાં પીએમ મોદી અહીંથી જનસભા યોજીને માત્ર ચુરુ લોકસભા સીટના મતદાતાઓને જ નહીં પરંતુ નજીકના સીકર અને ઝુનઝુનુના મતદારોને પણ પ્રભાવિત કરવાનો પ્રયાસ કરશે. આ જ કારણ છે કે ચુરુની સાથે સીકર અને ઝુંઝુનુ લોકસભા સીટના તમામ લોકોને ચુરુમાં મોદીની સભા માટે બોલાવવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે આ વખતે ચુરુમાં ભાજપે સાંસદ રાહુલ કાસવાનની ટિકિટ રદ કરીને દેવેન્દ્ર ઝાઝરિયાને ઉમેદવાર બનાવ્યા છે.ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે શેખાવતી ક્ષેત્રના ત્રણ જિલ્લા ચુરુ, ઝુનઝુનુ અને સીકરમાં વિધાનસભા ચૂંટણીમાં વધુ સારું પ્રદર્શન કર્યું હતું. ભાજપ પર લીડ મેળવી હતી. આ વખતે કોંગ્રેસે સીકર સીટ સીપીઆઈ(એમ)ને ગઠબંધન હેઠળ આપી છે. જ્યારે ચુરુના બીજેપી સાંસદ કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. આ વખતે ઝુનઝુનુમાં કોંગ્રેસનો આકરો મુકાબલો છે. રાજકીય જાણકારોનું કહેવું છે કે વિધાનસભાની ચૂંટણી મુજબ કોંગ્રેસે ત્રણેય બેઠકો પર લીડ મેળવી છે. જોકે, વિધાનસભાની ચૂંટણી અનેલોકસભાની ચૂંટણીઅલગ-અલગ મુદ્દાઓ પર લડવામાં આવે છે. વિપક્ષના નેતા રાજેન્દ્ર સિંહ રાઠોડને ચુરુના તારાનગરથી હારનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે સીકરમાં કોંગ્રેસને બમ્પર જીત મળી છે.

પુષ્કરમાં જાહેર સભા દ્વારા ભાજપ અજમેર અને નાગૌર બંને લોકસભા બેઠકો જીતવાનો પ્રયાસ કરશે. આ માટે પાર્ટીએ બંને લોકસભા ક્ષેત્રના લોકોને પીએમ મોદીની સભા માટે આમંત્રણ આપ્યું છે. નોંધનીય છે કે કોંગ્રેસને અલવિદા કરીને આવેલા જ્યોતિ મિર્ધાને ભાજપે નાગૌર સીટ માટે પોતાનો ઉમેદવાર બનાવ્યો છે. પાર્ટીએ અજમેરમાં ભગીરથ ચૌધરી પર ફરીથી વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ભગીરથ ચૌધરી ગત વિધાનસભા ચૂંટણી હારી ગયા હતા.

# સોનિયા ગાંધી અને અશ્વિની વૈષ્ણવ સહિત ૧૪ સાંસદો રાજ્યસભાના સભ્ય બન્યા

નવીદિલ્હી,તા.૫
કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષા સોનિયા ગાંધી અને રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ સહિત ૧૪ સાંસદોએ ગુરુવારે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા. નવા સંસદ ભવન ખાતે ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે તેમને શપથ લેવડાવ્યા હતા. સોનિયા ગાંધીએ રાજસ્થાનમાંથી ઉપલા ગૃહના સભ્ય તરીકે શપથ લીધા જ્યારે વૈષ્ણવે ઓડિશાથી રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા.રાજ્યસભાના સભ્યો તરીકે શપથ લેનારા ૧૪ નેતાઓમાં કોંગ્રેસના નેતા અજય માકન અને કર્ણાટકના સૈયદ નાસિર હુસૈન, ઉત્તર પ્રદેશના ભાજપના નેતા આરપીએન સિંહ અને પશ્ચિમ બંગાળના ભારતીય જનતા પાર્ટી સમિક ભટ્ટાચાર્યનો સમાવેશ થાય છે.

# માણસમાં બર્ડ ફ્લૂ ફેલાવવાની સંભાવના કોરોના કરતાં ૧૦૦ ગણો વધુ જીવલેણ

## ૨૦૦૩થી H5N1 બર્ડ ફ્લૂથી સંક્રમિત દર ૧૦૦ દર્દીઓમાંથી બાવન મૃત્યુ પામ્યા છે

નવીદિલ્હી,
કોવિડ-૧૯ થી પણ વધુ ગંભીર બીમારી H5N1 બર્ડ ફ્લૂ (Bird Flu) રોગ ફેલાવવાની સંભાવના છે. વૈજ્ઞાનિકો અને નિષ્ણાતો બર્ડ ફ્લૂને કોવિડ-૧૯ થી ૧૦૦ ગણો વધુ ખતરનાક કહે છે. અને સંભવ છે કે તેનાથી ૫૦ ટકા સંક્રમિત લોકોને અસર થઈ શકે છે. આરોગ્ય નિષ્ણાતોએ બર્ડ ફ્લૂ H5N1ના સંભવિત જોખમ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે આ નવો રોગ કોરોના મહામારી કરતા ૧૦૦ ગણો વધુ ખતરનાક સાબિત થઈ શકે છે. આ ફ્લૂના કારણે લોકોના મોત થવાની પણ પ્રબળ સંભાવના છે. પિટ્સબર્ગમાં બર્ડ ફ્લૂના અગ્રણી સંશોધક ડૉ. સુરેશ કુચીપુડીએ ચેતવણી આપી છે કે H5N1માં રોગચાળો ફેલાવવાની ક્ષમતા છે. આ એટલા માટે છે કારણ કે તે મનુષ્યો તેમજ ઘણા સસ્તન પ્રાણીઓને સંક્રમિત કરવાની ક્ષમતા ધરાવે છે. ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી કન્સલ્ટન્ટ અને કેનેડા સ્થિત ફાર્માસ્યુટિકલ કંપની બાયોનિયાગ્રાના સ્થાપક જહોન ફુલ્ટને પણ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે એમ પણ કહ્યું છે કે જો H5N1 મહામારીનું રૂપ ધારણ કરે છે તો તે ખૂબ જ ગંભીર હશે. તે કોવિડ -૧૯ કરતાં વધુ ઘાતક હોઈ શકે છે. ફુલ્ટને કહ્યું કે તે COVID કરતા ૧૦૦ ગણું વધારે ઘાતક રીતે સંક્રમિત કરવાની ક્ષમતા ધરાવે છે.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અનુસાર, ૨૦૦૩ થી H5N1 બર્ડ ફ્લૂથી સંક્રમિત દર ૧૦૦ દર્દીઓમાંથી ૫૨ મૃત્યુ પામ્યા છે. અત્યાર સુધીમાં ૮૮૭ કેસ નોંધાયા છે.

જેમાંથી કુલ ૪૬૨ લોકોના મોત થયા છે. તે જ સમયે, કોવિડ -૧૯ થી સંક્રમિત દર્દીઓનો મૃત્યુ દર ૦.૧ ટકા કરતા ઓછો છે. જો કે, રોગચાળાની શરૂઆતમાં તે લગભગ ૨૦ ટકા હતો.લાઈવ સાયન્સના અહેવાલ મુજબ, H5N1 એ એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા છ નો પેટા પ્રકાર છે. આ બર્ડ ફ્લૂ વાયરસનું જૂથ છે. તે અત્યંત જોખમી માનવામાં આવે છે, તે મરઘાંમાં ગંભીર અને ઘણીવાર જીવલેણ રોગનું કારણ બને છે. તે મુખ્યત્વે પક્ષીઓને અસર કરે છે. H5N1 મનુષ્યો સહિત જંગલી પક્ષીઓ અને ક્યારેક સસ્તન પ્રાણીઓને પણ સંક્રમિત કરી શકે છે. આ રોગ મનુષ્યો અને પ્રાણીઓ માટે જીવલેણ બની શકે છે. H5N1 વાયરસ પ્રથમ વખત ૧૯૯૬ માં ચીનમાં પક્ષીઓમાં જોવા મળ્યો હતો. એક વર્ષ પછી હોંગકોંગમાં ફાટી નીકળ્યો હતો.

વૃધ્ધ વડીલો માટે
વ્યાજબી દરે
ટીફીન સેવા
ભાવનગર વૃધ્ધાશ્રમ તરફથી
શુધ્ધ-સાત્વીક અને પૌષ્ટિક ભોજનની ટીફીન સેવા શરૂ છે.
રેગ્યુલર, જૈન તથા મોળુ ભોજન મળી શકશે.
મો : ૯૪૦ ૯૦ ૮૧૪૮૨
ફોન : ૦૨૭૮-૨૨૦૨૨૮૮
સૌજન્ય : દેવેન શેઠ (શેઠ બ્રધર્સ)

# પ્રચાર-પ્રસારનો ધમધમાટ : નરેન્દ્ર મોદીની ૧૨ ચૂંટણી સભા અને રોડ શોનું થઈ રહ્યું છે આયોજન



ગાંધીનગર,તા.૪

ગુજરાતમાં ૭મી મેના રોજ યોજાનારી લોકસભાની ચૂંટણીમાં હજુ પ્રચાર-પ્રસારનો ધમધમાટ જોવા મળતો નથી. ભાજપે તમામ ૨૬ બેઠકોના ઉમેદવારો જાહેર કરી દીધા છે. કોંગ્રેસના હજુ ૭ બેઠકોના ઉમેદવારો જાહેર કરવાના બાકી છે. હાલ ઉમેદવારો પોત પોતાની રીતે ગૃપ મીટિંગો અને લોક સંપર્ક કરીને પ્રચાર કરી રહ્યા છે. પણ એકાદ સપ્તાહ બાદ પ્રચારનો ધમધમાટ જોવા મળશે.

ભાજપના પ્રચાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૧૦થી ૧૨ જેટલી સભાઓ અને રેલીઓ યોજાશે. જેમાં જે વિસ્તારમાં વિરોધ જોવા મળી રહ્યો છે. એવા વિસ્તારોમાં મોદીની સભા અને રેલીઓ યોજાશે. જો કે હજુ વડાપ્રધાન મોદી પ્રચાર માટે ગુજરાતમાં ક્યારે આવશે તેનો સત્તાવાર કાર્યક્રમ જાહેર થયો નથી, પણ બે કે ત્રણ તબક્કામાં મોદીનો પ્રચાર માટેનો કાર્યક્રમ ગોઠવાશે.ગુજરાતમાં લોકસભાની ચૂંટણી ત્રીજા તબક્કામાં ૭મી મેના રોજ યોજાશે તેને ધ્યાનમાં રાખીને રાજકીય પક્ષો દ્વારા પ્રચાર પ્રસાર માટે તૈયારીઓ જોરશોરમાં ચાલી રહી છે. આ દરમિયાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં ૧૦ થી ૧૨ જેટલી જંગી જાહેર સભા અને રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે અને રાજયના આઠ મહાનગરો ઉપરાંત લોકસભાના ક્લસ્ટર મુજબ જાહેર સભા અને રેલીનું આયોજન કરાશે. ભારતીય જનતા પાર્ટી દ્વારા ૨૬ લોકસભા બેઠકને ક્લસ્ટર બનાવી દેવાયા છે. આ ક્લસ્ટર મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. અર્બન વિસ્તારમાં આ રોડ શોની સાથોસાથ જંગી જાહેર સભા પણ યોજાશે. જેમાં વડાપ્રધાન મોદીની સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણય અને વિકાસના કામોની યાદી જાહેર કરવામાં આવશે.

# વડોદરામાં મોડીરાત્રે પ્લાસ્ટિકની કંપનીમાંભીષણ આગ

## શેડ બળીને ખાખ કોઈ જાનહાનિ થઈ નથી



વડોદરા

વડોદરાના જિલ્લાના સાવલી તાલુકાના મંજુસર જીઆઈડીસીમાં ગત મોડીરાત્રે આગનો બનવા સામે આવ્યો હતો. આ આગ પ્લાસ્ટિક કંપનીમાં લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્લાસ્ટિકની કંપનીમાં આગ લાગતા આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ આગના બનાવ અંગે ફાયર વિભાગની જાણ કરતા ત્રણ ફાયર સ્ટેશનની ચાર ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર ભારે જહેમત બાદ કાબૂ મેળવી છે.

સાવલી જીઆઈડીસીમાં અવારનવાર આગના બનાવો સામે આવતા હોય છે. ગતરાત્રે ૧૧:૩૦ કલાકે ફાયર વિભાગને કોલ મળ્યો હતો કે, કે.બી. પ્લાસ્ટિક નામની કંપનીમાં ભીષણ આગ લાગી છે. આ કોલ મળતા જ ઈઆરસી ફાયર સાથે ટીપી ૧૩ અને દાંડિયાબજાર ફાયર સ્ટેશનની ટીમો ચાર ગાડીઓ સાથે પહોંચી આગને કાબૂમાં લેવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો.

# વરાછા : ૪.૧૨ લાખના હીરા ચોરી કારીગર છૂ

## કારીગર ચોરી કરતો કેમેરામાં દેખાતાં ફરિયાદ

વરાછા

વરાછા માતાવાડીમાં હીરાના કારખાનામાંથી ૪.૧૨ લાખના હીરાની ચોરી કારીગર ફરાર થયો છે. સ્ટોક ઓછો મળતા સીસીટીવી કેમેરામાં તપાસ કરતા કારીગર ચોરી કરતો જોવા મળ્યો હતો. માલિકે ફોન કરી બોલાવ્યો છતાં તે બિમારીના બહાના બતાવી કારખાને આવતો ન હતો. છેવટે હીરાવેપારી વિજયભાઈ ભંડેરીએ વરાછા પોલીસમાં ફરિયાદ આપી છે. પોલીસે કારીગર રાજેન્દ્ર શાંતિ મકવાણા (મૂળ રહે, પાર્વતી સ્મૃતિ બિલ્ડિંગ, થાને, મહારાષ્ટ્ર) વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધ્યો છે. કારીગર કારખાનામાં જ રહેતો હતો. કારીગરને ૬ મહિના પહેલા નોકરી પર રખાયો હતો. ૨ માર્ચે વેપારી કારખાને આવ્યા હતા. તે સમયે વિજયભાઇ ઘરે ગયા જ્યારે ભાઈ ઓફિસે બેઠાં હતા. આ અરસામાં કારીગરે હીરા ચોરી લીધા હતા.

# ૪ દિવસ બાદ તાપમાન ૪૦ ડિગ્રીને આંબશે

## આ અઠવાડિયું વાતાવરણ વાદળછાંયુ રહેશે



અમદાવાદ,

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસને લઈને આગાહી કરવામાં આવી છે. જે અનુસાર ચોથા અને પાંચમા દિવસે કેટલાક જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ અથવા તો તેનાથી વધુ જઈ શકે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં તાપમાનનો પારો ઉંચકાય તેવી સંભાવનાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

અગાઉ હવામાન વિભાગ દ્વારા એપ્રિલ મહિનાના બીજા સપ્તાહમા મોટાભાગના જિલ્લાનું તાપમાન વધવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી. ઉપરાંત સામાન્ય તાપમાન કરતાં એક ડિગ્રી તાપમાન વધુ રહેવાની સંભાવના પણ હવામાન વિભાગે વ્યક્ત કરી હતી તે અનુસાર એપ્રિલ મહિનાના પ્રથમ સપ્તાહમાં વાદળછાયા વાતાવરણ બાદ બીજા સપ્તાહથી સીધા કિરણો જમીન પર પડતાં ગરમીનો અનુભવ વધુ પ્રમાણમાં થાય તેવી શક્યતા છે.

### ઉત્તર અને દક્ષિણ તરફના દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ ઝડપી રહેશે

ગુજરાત રાજ્યના ઉત્તર અને દક્ષિણ તરફના દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ ઝડપી રહેશે. ઉત્તર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં એટલે કે, કચ્છના અખાત તરફ ઉત્તર અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી જ્યારે ખંભાતના અખાતમાં ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાશે. ગુજરાતના મેદાની પ્રદેશ ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવનો ફૂંકાવાને કારણે આગામી ત્રણ દિવસ હજુ પણ વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. ત્યારબાદ ધીમે ધીમે તાપમાનનો પારો વધતા ગરમીનો અનુભવ થશે.

# કારખાનામાં ટાંકી સાફ કરવા ઉતરેલા બે શ્રમિકના ગૂંગળામણથી થયા મોત

## બે મજૂરો હાલ હોસ્પિલટમાં સારવાર હેઠળ

મોરબી

મોરબીના ખારચિયા ગામે કારખાનામાં ટાંકી સાફ કરવા ઉતરેલા બે શ્રમિકાના ગૂંગળામણથી મોત નિપજ્યા છે. જ્યારે બે મજૂરો હાલ હોસ્પિલટમાં સારવાર હેઠળ છે. આ મામલે મોરબી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મોરબી જિલ્લાના ખારચિયા ગામ પાસે આવેલ બાયઝોનિક લાઈફ સાયન્સ નામના કારખાનામાં ગુરૂવારે ટાંકી સાફ કરવા માટે ચાર શ્રમિકો ઉતર્યા હતા. જેમાં બે મજૂરોને ગૂંગળામણથી જીવ ગુમાવ્યા પડ્યા છે. જ્યારે બે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. બીજી તરફ આ બનાવની જાણ થતા જ પોલીસની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડીને તપાસનો ધમધામટ શરૂ કર્યો છે.

# ૮૦ નકલી માર્કશીટ બનાવનાર રાજેન્દ્ર બિહારથી ઝડપાયો

## આરોપી રાજેન્દ્ર ગુરુકુળ શિક્ષા મંદિર સંસ્થાનનો સેકેટરી : અત્યાર સુધી ૪ આરોપીની ધરપકડ

અમદાવાદ,

દેશની વિવિધ યુનિવર્સિટી અને બોર્ડની નકલી માર્કશીટ-ડિગ્રી બનાવવાના આંતરરાષ્ટ્રીય કૌભાંડમાં ઉત્રાણ પોલીસે ગુનો નોંધી અગાઉ ૩ આરોપી ધ્રુવિન કોઠિયા, વિશાલ તેજાણી અને સંજય ગેલાણીની ધરપકડ કરી હતી. હવે પોલીસે બિહારના કટિહાર ખાતે આવેલા ગુરુકુળ શિક્ષા મંદિર સંસ્થાનના ડાયરેકટર કમ સેક્રેટરી રાજેન્દ્ર રોહિત ઠાકુરની બુધવારે ધરપકડ કરી હતી.

આરોપી રાજેન્દ્રે વર્ષ ૨૦૧૧માં આ સંસ્થા શરૂ કરી હતી. અત્યાર સુધી આરોપી ૮૦ જેટલી નકલી ડિગ્રી-માર્કશીટ બનાવી હોવાનું સામે આવ્યું છે. ટિહારમાં રાજેન્દ્ર મોટું માથું હોવાથી તેની સામે લોકલ પોલીસ પણ કાર્યવાહી કરવામાં ગલ્લાતલ્લા કરતી હતી. શરૂઆતમાં ઉત્રાણ પોલીસ ફકત આરોપીનો મોબાઈલ કબજે કરી શકી હતી. જેમાં સુરતના ઉચ્ચ પોલીસ અધિકારીએ બિહાર પોલીસ સાથે ટેલિફોનીક સંકલન કરતાં રાજેન્દ્રનો કબજો મેળવી શકાયો હતો.

### ગુરુકુળ શિક્ષા મંદિર સંસ્થાન વેબસાઈટ બનાવી

આરોપી રાજેન્દ્ર ઠાકુરે ગુરુકુળ શિક્ષા મંદિર સંસ્થાન વેબસાઈટ બનાવી છે. આ વેબસાઈટમાં દેશની અલગ અલગ રાજ્યોની ૩૨ યુનિવર્સિટી અને ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની અલગ અલગ ૧૨ બોર્ડની માહિતી દર્શાવી છે. જેમાં ફી સહિતની તમામ વિગતો ઉપલબ્ધ કરાવી છે.

# મોહન ભાગવત ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે



અમદાવાદ,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતની આગામી મુલાકાત વડોદરા અને ભરૂચ જેવા મતવિસ્તારોમાં વધતી જતી જૂથવાદની પૃષ્ઠભૂમિમાં મહત્વ ધરાવે છે.કારણ કે ચાલી રહેલા રાજકીય વિખવાદ પર તેની સંભવિત અસર વિશે અટકળો છે. ઈજીજી વડા મોહન ભાગવત ૬ એપ્રિલ શનિવારના રોજ વડોદરા પહોંચવાના છે.૭ એપ્રિલે ભાગવત ગરુડેશ્વર ખાતેના દત્ત મંદિરમાં સવારના દર્શન માટે જશે.આ દરમિયાન વડોદરામાં બૌદ્ધિકો સાથે બેઠક કરશે.

# કોંગ્રેસે ૨૦૨૨માં હારેલા ત્રણ ઉમેદવારોને લોકસભામાં ઉતાર્યા

## સુરેન્દ્રનગરથી ઋત્વિક મકવાણા, જૂનાગઢથી હીરાભાઈ જોટવા, વડોદરાથી જશપાલસિંહ પઢિયારને ટિકિટ



સુરેન્દ્રનગર

લોકસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસે ૧૨મી યાદી જાહેર કરી છે, જેમાં ગુજરાતના ત્રણ ઉમેદવારોનાં નામ છે. સુરેન્દ્રનગરથી ઋત્વિક મકવાણા, જૂનાગઢથી હીરાભાઈ જોટવા, વડોદરાથી જશપાલસિંહ પઢિયારને ટિકિટ મળી છે. હવે કોંગ્રેસના ૪ ઉમેદવારો જાહેર થવાના બાકી છે.

સુરેન્દ્રનગર સીટ પરથી ઋત્વિક મકવાણા, જૂનાગઢથી હીરાભાઈ જોટવા, વડોદરાથી જશપાલસિંહ પઢિયારને મેદાનમાં ઉતાર્યા છે. ઋત્વિક મકવાણા વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ચોટીલા સીટ પર જીત્યા હતા. જોકે વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તેમનો પરાજય થયો હતો. જ્યારે જૂનાગઢ સીટ માટે જાહેર કરાયેલા હીરાભાઈ જોટવાએ ગઈ વિધાનસભા ચૂંટણીમાં કેશોદ સીટ પરથી ઝંપલાવ્યું હતું.

# સુરતમાં એક બેન્ક મેનેજરે નજીવી બાબતે કર્યો આપઘાત

સુરત,

સુરતમાં એક બેક્ર મેનેજરે નજીવી બાબતે આપઘાત કરી લેતા શોકનું મોજુ ફરી વળ્યું છે. ઘટનાસ્થલેથી પોલીસને સ્યુસાઈડ નોટ મળી છે પરંતુ આપઘાતનું ચોક્કસ કારણ હજીસુધી જાણવા મળ્યું નથી. આ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવની વિગત મુજબ સુરતના કાપોદ્રામાં બેક્ર મેનેજર તરીકે કામ કરતા રાકેશ નવાપરિયાએ ગળાફાંસો ખાઈ લઈને આત્મહત્યા કરી હતી. આ અંગે પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાસ્થલે આવીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે મૃતકે લખેલી એક સ્યુસાઈડ નોટ કબજે કરી છે.

જેમાં બેક્ર મેનેજર રાકેશ નવાપરિયાએ જણાવ્યું છે કે સોરી ભાઈ હું માનસિક રીતે એટલો પડી ભાંગ્યો હતો કે મારે આ પગલું ભરવું પડે છે. તે સિવાય તેમણે પરિવારના સભ્યોને યાદ કરીને તમામને જયશ્રી ક્રિશ્ના લખ્યું હતું.

# વીજ રિમોટથી મીટર સાથે ચેડાં : 7.23 કરોડ દંડ

## એક જ મીટરમાં આટલો મોટો દંડ પહેલી ઘટના : પીપોદરાની યોગેશ્વર એસ્ટેટની શ્રીરામ ટેક્સોલેન પર મધરાતે ટીમ ત્રાટકી

અમદાવાદ,

પીપોદરાની યાર્ન કંપનીમાં ડીજીવીસીએલે મધરાતે દરોડો પાડ્યો હતો. કંપની રિમોટથી મીટરને કંટ્રોલ કરીને વીજ વપરાશ ઘટાડતી હતી, જેથી ૭.૨૩ કરોડનો દંડ ફટકારાયો છે. એક જ મીટરમાં આટલો મોટો દંડ પહેલી ઘટના છે.ડીજીવીસીએલની વિજિલન્સ, પોલીસ સહિતની ટીમે બાતમીના આધારે યોગેશ્વર એસ્ટેટમાં મધરાતે ૨ વાગ્યે ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં શ્રીરામ ટેક્સોલેન કંપનીના ૩ દરવાજાને અંદરથી તાળું મારેલું હતું.

ટીમે દરવાજો કૂદીને અંદર જઈ ચેક કરતાં ટેબલ પરથી રિમોટ મળી આવ્યું હતું. જેનો ઉપયોગ મીટરના એમ્પિયરના કંટ્રોલ માટે થતો હતો. ટીમે કેસ નોંધી દંડ પેટે ૬.૭૫ કરોડ તેમજ કંમ્પાઉન્ડિંગના ૪૮ લાખ મળી ૭.૨૩ કરોડનું બિલ પકડાવી દીધું હતું. આવી તોતિંગ વીજ ચોરી જોઈને અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. કંપનીના માલિકે મીટરમાં એક્સપર્ટ પાસે સર્કિટ લગાવી રિમોટથી મીટરનું કંટ્રોલ કરતા હતા. રિમોર્ટથી વીજ મીટરમાં એમ્પિયર વધારી કે ઘટાડી શકાતો હતો. ફેક્ટરીમાં જ્યારે વધારે વીજળીનો ઉપયોગ થવાનો હોય ત્યારે રિમોર્ટથી મીટરમાં એમ્પિયર ઘટાડી દેવામાં આવતા હતા.

# પૂર્વ કચ્છમાંથી એમડી ડ્રગ્સના જથ્થા સાથે પંજાબનો એક યુવક ઝડપાયો

ભુજ,

કચ્છમાં ફરી એકવાર ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હતો. મળતી જાણકારી અનુસાર, પૂર્વ કચ્છ પોલીસે પંજાબના એક યુવકને એમડી ડ્રગ્સ સાથે ઝડપી લીધો હતો. પંજાબના યુવક પાસેથી ૬૪.૨૦ ગ્રામ ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ડ્રગ્સની કિંમત ૨૧ લાખ ૧૦ હજાર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. ડ્રગ્સ કેસમાં અન્ય બે આરોપીઓ ફરાર થઇ ગયા હતા.

પૂર્વ કચ્છ પોલીસે ૬૪.૨૦ ગ્રામ સાથે પંજાબના તરનતારન જિલ્લાનાં યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસે બાતમીના આધારે એમડી ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. બીજી તરફ બનાસકાંઠામાં ધાનેરા વિસ્તારમાં બે શખ્સો સ્મેક નામના નશીલા દ્રવ્યોનું વેચાણ કરતા હોવાની સીઆઈડી ગાંધીનગરને બાતમી મળી હતી. આ માહિતીના આધારે દરોડા પાડી સ્મેક નામના ડ્રગ્સ સાથે કેરાજી ગેનાજી રાજપુત અને દાના બાબુભાઈ રબારીને ઝડપી પાડ્યા હતા.

# ખાદ્યતેલમાં રૂ.૧૦, કપાસિયા તેલમાં ૧૫નો થયેલો વધારો



અમદાવાદ,

ખાદ્યતેલના ભાવમાં રૂ.૧૦નો અને કપાસિયા તેલમાં રૂ.૧૫નો વધારો થયો છે. અન્ય તેલોના ભાવમાં સ્થિરતા જોવા મળી હતી. મગફળી બજારમાં ભાવમાં નોંધનીય ફેરફાર જોવા મળ્યો છે. ચણા બેસન બજારમાં સતત સ્થિર વલણ રહેતા વેપારીઓમાં નિરાશા જોવા મળી છે. એરંડા બજારમાં ભાવમાં વધઘટ જણાતી હતી. મગફળી બજારમાં ભાવમાં નોંધપાત્ર ફેરફાર હતો. જૂનાગઢમાં ૬,૦૦૦ ગુણીની આવક હતી. જેમાં પિલાણના ૨૪,૨૦૦, જી ૧૦ ૨૮,૧૦૦, જી૨૦ ૩૧ ૨૮,૩૦૦ અને ટીજે ૩૭ ૨૭,૩૦૦ ઉપર જણાતા હતા. ખાદ્યતેલના ભાવમાં રૂ.૧૦નો અને કપાસિયા તેલમાં રૂ.૧૫નો વધારો થયો છે. અન્ય તેલોના ભાવમાં સ્થિરતા જોવા મળી હતી.

રાજકોટમાં સીંગતેલમાં ૧૫ કિગ્રા ટીન ૨૫૬૦-૨૬૧૦, ૧૫ કિગ્રા લેબલ ટીન ૨૫૧૦ – ૨૫૬૦, ૧૫ લીટર નવા ટીન ૨૪૩૦ – ૨૪૮૦, ૧૫ લીટર લેબલ ટીન ૨૨૮૦– ૨૩૩૦ ઉપર હતા. સાઈડ તેલોમાં કપાસિયા તેલમાં રૂ. ૧૫ કિગ્રા નવા ટીન ૧૭૩૫-૧૭૬૫, ૧૫ કિગ્રા જુના ટીન ૧૬૦૫ – ૧૬૫૫, ૧૫ લીટર નવા ટીન ૧૫૩૫ – ૧૫૮૫, ૧૫ લીટર જુના ટીન ૧૪૮૫- ૧૫૩૫ ઉપર જણાઈ રહ્યા છે.

# દાહોદમાં બે મુસાફરોએ વેન્ડર સાથે માથાકૂટ કરી ટ્રેનમાંથી બહાર ફેંકી દીધો

દાહોદ,

પશ્ચિમ રેલવેના રતલામ મંડળના બિલડી નજીક પેન્ટ્રી કારમાં વેન્ડર તરીકે કામ કરતા કર્મચારીને ટ્રેનમાં મુસાફરી કરી રહેલા બે મુસાફરોએ ગાળો બોલી, મારામારી કરી ચાલુ ગાડીમાંથી ફેંકી દેતા ચકચાર પછી જવા પામી છે. જોકે ટ્રેન ધીમી ગતિએ ચાલતી હોવાથી વેન્ડરનો બચાવ થયો હતો. પરંતુ તેને શરીરે ઈજાઓ પહોંચતા બેભાન અવસ્થામાં ૧૦૮ મારફતે મેઘનગરના સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. જ્યારે બંને મુસાફરોને આરપીએફ દ્વારા ઝડપી પાડી આગળની તપાસ હાથ ધરી છે

પ્રાપ્ત માહિતી અનુસાર, અમૃતસરથી બાંદ્રા તરફ જતી ૧૨૯૦૪ અમૃતસર- બાંદ્રા ગોલ્ડન ટેમ્પલ મેલમાં જી૬માં સવાર મુસાફરો સવારથી જ પેન્ટ્રી કારમાં વેન્ડર તરીકે કામ કરતા કર્મચારી સાથે જોડેલો જનરલ કોચમાં ખાણીપીણીનું સામાન વેચવા અવરજવર કરી રહ્યો હતો. આ દરમિયાન ઉપરોક્ત બંને મુસાફરો વેન્ડર જોડે માથાકૂટ કરી પરેશાન કરી રહ્યા હતા.

# પોતાને કેન્દ્રીય જેલમાં ટ્રાન્સફર ન કરવા નિર્દેશ આપવા હાઈકોર્ટમાં સંજીવ ભટ્ટે કરી



પાલનપુર,

ગુજરાત કેડરના પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટ ફરી એકવાર સમાચારોમાં છે. સંજીવ ભટ્ટને પાલનપુર કોર્ટે ૧૯૯૬ના ડ્રગ હેરફેરના કેસમાં દોષિત ઠેરવ્યા હતા. તે જેલમાં છે. દરમિયાન પૂર્વ આઈપીએસ અધિકારીએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી છે. તેમણે માગ કરી છે કે રાજ્ય સરકાર અને જેલ સત્તાવાળાઓને તેમને કેન્દ્રીય જેલમાં ટ્રાન્સફર ન કરવા નિર્દેશ આપવામાં આવે. તેમણે આશંકા વ્યક્ત કરી છે કે જેલમાં તેમના જીવનને ભયજનક ગુનેગારો અને આતંકવાદીઓથી જોખમ છે જેમની તેમણે તેમની સેવા દરમિયાન ધરપકડ કરી હતી. રાજ્ય સરકારે તેનો વિરોધ કર્યો અને સંજીવ ભટ્ટને પૂછ્યું કે તેમણે તેમની સેવા દરમિયાન કયા આતંકવાદીની ધરપકડ કરી હતી? તેણે ૨૦-૨૫ વર્ષ સુધી એવી કોઈ પોસ્ટ પર કામ નથી કર્યું જેમાં તેણે ગુનેગારોને પકડ્યા હોય.

ભટ્ટે ૨૮ માર્ચે અરજી દાખલ કરી હતી. તે જ દિવસે પાલનપુર જિલ્લા કોર્ટે એનડીપીએસ કેસમાં તેને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. કોર્ટે તેને જામનગર જિલ્લા કોર્ટની કસ્ટડીમાં ટ્રાન્સફર કરવાનો આદેશ પણ આપ્યો હતો, જ્યાં જૂન ૨૦૧૯માં તેને ૧૯૯૦ના કસ્ટોડિયલ ડેથ કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

# ચૂંટણી અંતર્ગત ડિસ્ટ્રીક્ટ ગ્રીવન્સ કમિટિની રચના

## જપ્ત વસ્તુઓ છોડાવવા તીજોરી અધિકારીનો સંપર્ક કરવો

ભાવનગર, તા.૫

લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત આદર્શ આચારસંહિતાની અમલવારી માટે ફ્લાઈંગ સ્ક્વોડ (FST) તથા સ્ટેટિક સર્વેલન્સ ટીમ (SST)ની વિવિધ ટીમો કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ ટીમો દ્વારા જિલ્લાની સાત વિધાનસભા મતદાર વિભાગના ચોક્કસ પોઈન્ટ ઉપર વાહન ચેકિંગ કરી કોઈપણ વાહનચાલક કે વ્યકિત પાસેથી રોકડ અને કિંમતી વસ્તુઓ મળી આવે તો તેને જપ્ત કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે. આ ટીમો દ્વારા જપ્ત કરવામાં આવેલ રોકડ અને કિંમતી વસ્તુઓની જપ્તી સામે અપીલ માટે જિલ્લામાં "ડિસ્ટ્રીક્ટ ગ્રીવન્સ કમિટિ (DGC)" ની રચના કરવામાં આવી છે.

આ કમિટીના કન્વીનર તરીકે નોડલ અધિકારી ખર્ચ અને જિલ્લા વિકાસ અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે. જિલ્લામાં જપ્ત થયેલ રોકડ કે કિંમતી વસ્તુઓ માટે છોડવા માટે રજૂઆત જિલ્લા તિજોરી અધિકારી અને સભ્ય, ડિસ્ટ્રીક્ટ ગ્રીવન્સ કમિટિ, ભાવનગરને જિલ્લામાં થયેલ જપ્તી માટે ફોન નં.૭૫૬૭૦૨૨૯૩૮, ઈ-મેઈલ- treasury-bav@gujarat.gov.in ઉપર કરી શકાશે.

# કાટકડા ગામે મંડળીની જમીન પર કબ્જો કરનાર ત્રણ સામે ફરિયાદ

## જમીન પર કબજો કરી તેમાં વાવેતર પણ કર્યું હતુ, ત્રણેય સામે એટ્રોસીટી એક્ટ હેઠળ દાઠા પો.સ્ટે.માં ગુનો દાખલ

ભાવનગર, તા.૫

મહુવા તાલુકાના કાટકડા ગામે આવેલી સહકારી મંડળીની જમીન પર કબજો જમાવી તેમાં વાવેતર કરનારા ત્રણ શખ્સો સામે દાઠા પોલીસે એટ્રોસિટી એક્ટ હેઠલ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ખોડુભાઈ ચંમ્પુભાઈ ખુમાણ, મગન નથુભાઈ પરમાર અને સવજી નાનુભાઈ પરમાર નામના શખ્સોએ કાટકડા ગામે આવેલી સહકારી મંડળીની જમીન ઉપર ગેરકાયદેસર રીતે કબ્જો કર્યો હતો. આ ત્રણેય આરોપી સામે ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે અને પોલીસે વિધિવત રીતે તપાસ હાથ ધરી છે.

મહુવા ખાતે રહેતા નાનજીભાઈ હરસુરભાઈ બારૈયાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ખોડુભાઈ ચંમ્પુભાઈ ખુમાણ, મગન નથુભાઈ પરમાર અને સવજી નાનુભાઈ પરમારના નામો જણાવ્યા છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે મહુવા તાલુકા અનુસુચિત જાતી સયુક્ત ખેતી સહકારી મંડળીની જમીન કાટકડા ગામમાં આવેલી છે અને તે જમીન પર આરોપીઓએ ગેરકાયદેસર રીતે કબજો કર્યો હતો.

કબજો કરનારા ત્રણેય શખ્સો જમીનમાં વાવેતર પણ કરતા હતા આમ, સહકારી મંડળીની જમીન પર કબજો કરવામાં આવ્યો હોય ફરિયાદીએ ત્રણેય આરોપીઓ સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરવા માટે ફરિયાદ આપતા દાઠા પોલીસે આ બનાવ અંગે ત્રણે આરોપી સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવ. યુનિ.ના કેમ્પસ ઓફિસરને શખ્સે મારી નાખવાની ધમકી આપી

### એક મહિના પહેલા કુલપતિને મળવા આવેલા અને ધમાલ કરતા શખ્સને અટકાવતા ધમકી આપ્યાની ફરિયાદ

ભાવનગર, તા.૫

ભાવનગર યુનિવર્સિટી કાર્યાલય ખાતે કુલપતિને મળવા માટે આવેલો શખ્સ ધાંધલ ધમાલ કરતો હોય તેને યુનિવર્સિટી કેમ્પસ ઓફિસર (સુરક્ષા વિભાગ)એ નીચે જવાનું કહેતા ઉશ્કેરાઇ ગયેલા શખ્સે જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ભાવનગર યુનિવર્સિટીના કેમ્પસ ઓફિસર (સુરક્ષા વિભાગ) કલ્પેશસિંહ ઝાલાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અભિજીતસિંહ ચૂડાસમાનું નામ જણાવ્યું છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે તા.૭ માર્ચના રોજ આરોપી તેમજ અન્ય વિદ્યાર્થીઓ કુલપતિને મળવા માટે આવ્યા હતા પરંતુ કુલપતિ ન હોય ફરિયાદીએ તમામને નીચે જવાનું કહેતા અન્ય વિદ્યાર્થીઓ નીચે જતા રહ્યાં હતા પરંતુ અભિજીતસિંહ ચૂડાસમા નીચે ગયો ન હતો અને તેણે ધાંધલ ધમાલ કરી હતી.

આરોપીએ કુલપતિ નહી આવે તો હુ ઓફિસને તાળુ મારી દઈશ અગાઉ પણ મે તાળુ માર્યું હતું અને ચાવી આપી ન હતી તેમ જણાવી ફરિયાદીને ગાળો આપતાં આખરે પોલીસને બોલાવવામાં આવી હતી એટલે આરોપી અભિજીતસિંહે ફરિયાદીને હુ તને નોકરી નહી કરવા દઉ કેમ્પસમાં નહી રહેવા દઉ તેમ જણાવી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# કોંગ્રેસમાં કોરાણે મુકાતા પ્રિયંકાબેન ચંદાણીએ આખરે પક્ષ સાથે છેડો ફાડ્યો

## પ્રિયંકાબેનના સ્થાને ભાવનાબેન વોરાને મહિલા કોંગ્રેસના પ્રમુખ બનાવ્યા બાદ આપી દીધું રાજીનામુ



ભાવનગર, તા.૫

ભાવનગર શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ પદે પ્રિયંકાબેન ચંદાણીના સ્થાને તાકીદની અસરથી ભાવનાબેન વોરાને કાર્યકારી અધ્યક્ષ બનાવ્યા બાદ આખરે પ્રિયંકાબેને કોંગ્રેસ સાથે છેડો ફાડી રાજીનામુ આપ્યું છે.

ઉલ્લેખનીય છે કે, તેમના પતિ કમલેશ ચંદાણી શહેર કોંગ્રેસના મહામંત્રી હતા જેઓને સસ્પેન્ડ કરાયાના કલાકોમાં જ પ્રિયંકાબેને સામેથી રાજીનામુ આપી કોંગ્રેસને રામ રામ કર્યા હતાં.

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ જેનીબેન ઠુમ્મરને પ્રિયંકાબેને પત્ર લખી તેઓ તથા તેમના પતિની છેલ્લા ૮ વર્ષની કોંગ્રેસ પક્ષમાં નિષ્ઠા અને નિસ્વાર્થ ભાવે કરેલ કામગીરીને કોરાણે મુકાઇ છે. વોર્ડ પ્રમુખથી શહેર પ્રમુખની શપથ દરમિયાન સેંકડો મહિલા અને કાર્યકર્તાઓને પોતે પક્ષ સાથે જોડી પક્ષને મજબુત બનાવેલ છતાં અવગણના થતા અને માન-સન્માન નહીં હોવાથી સાથે વિચારધારા પણ નહીં મળતા પોતે કોંગ્રેસના પ્રમુખ પદેથી રાજીનામુ આપે છે તેમ જણાવ્યું હતું.

### મેં કોંગ્રેસ પક્ષને ઘણું આપ્યું છે, સસ્પેન્ડનું પગલું દુઃખદ : ચંદાણી



કોંગ્રેસમાંથી સસ્પેન્ડ થયેલા મહામંત્રી કમલેશ ચંદાણીએ પ્રતિક્રિયામાં જણાવ્યું હતું કે, લોકહિત કાર્ય કરવા માટે કોઈ પક્ષના બંધનો ક્યારેય બાધા રૂપ બનતા નથી મે કોંગ્રેસ પક્ષને ઘણું આપિયુ છે અને પક્ષ પાસે કોઈ અપેક્ષા રાખી નથી. હાલ પક્ષ જે પગલાં લીધા તે આશ્ચર્ય જનક અને દુઃખદ છે જેથી મારા સમર્થકો અને કોંગ્રેસ કાર્યકર્તાઓમાં ખુબજ નારાજગી હોવાનો દાવો તેમણે કર્યો છે.

# રેલવેએ ૩.૩ કરોડ અને સાયન્સ સેન્ટરે ૧.૬૫ કરોડ ઘરવેરો ભર્યો

## કોર્પોરેશનમાં રિબેટ યોજનાનો લાભ લેવા લાઈનો લાગી, ૧૦૯૧૪ કરદાતાઓએ મેળવ્યું રૂા.૩૭ લાખનું વળતર

ભાવનગર, તા.૫

ભાવનગર મહાપાલિકા દ્વારા મિલ્કત વેરામાં એપ્રિલ માસમાં ૧૦ ટકા વળતર અપાઇ રહ્યું છે. રિબેટનો લાભ લેવા હાલ કોર્પોરેશનની કચેરી પર કરદાતાઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે. બીજી બાજુ ઓનલાઈન પણ વેરો ભરવામાં આવી રહ્યો છે. આજ સુધીમાં ૧૦૯૧૪ કરદાતાઓએ રિબેટ યોજનાનો લાભ લઇ રૂા.૩૭ લાખનું વળતર મેળવ્યું છે. ગુરૂવારે રેલ્વેના પાછલા બાકી રૂા.૩.૩ કરોડ અને સાયન્સ સેન્ટરના ૧.૬૫ કરોડનો વેરો ભરપાઇ થતા આવકનો આંક ઉંચો ગયો હતો.

પશ્ચિમ રેલવે દ્વારા અગાઉ ૮ કરોડની ભરપાઈ થતા કોર્પોરેશનને ઐતિહાસિક વસુલાત થઈ હતી. જ્યારે ગુરૂવારે ૩.૩ કરોડનો વધુ એક હપ્તો પશ્ચિમ રેલવે દ્વારા ચુકવાયો છે. જ્યારે આ મહિનાના અંત સુધીમાં બાકીના ૩ કરોડ પણ ચુકવી આપવા રેલવે તંત્રએ ખાત્રી આપી છે. ગુરૂવારે રીજનલ સાયન્સ સેન્ટર દ્વારા પણ રૂા.૧.૬૫ કરોડનો વેરો ભરપાઈ કર્યો છે. સરકારી મિલકતોના કરોડો રૂપિયાના વેરા વસૂલવા માટે કોર્પોરેશન દ્વારા અનેક વાર નોટિસો બજાવવા છતાં વેરો ભરપાઈ થતો ન હતો. પરંતુ છેલ્લા ઘણા સમયથી કોર્પોરેશન દ્વારા કડકાઈ કરતા હવે મિલ્કત વેરો ભરપાઈ થઈ રહ્યો છે.

ગુરૂવારે ૪,૧૦૪ કરદાતાઓ દ્વારા ૧.૯૬ કરોડનો વેરો ભર્યો હતો. જ્યારે છેલ્લા ત્રણ દિવસમાં ૧૦,૯૧૪ કરદાતાઓએ ૭.૨૫ કરોડનો વેરો ભરપાઈ કર્યો છે. જે પૈકી ૭,૧૪૫ કરદાતાઓએ ઓનલાઈન ૩.૯૩ કરોડનો વેરો ભર્યો છે. જેમાં તેઓને ૩૭ લાખનો રિબેટનો લાભ પણ મળ્યો હતો તેમ આસિસ્ટન્ટ કમિશનર ડો.મહેશ હિરપરાએ વિગતો આપી જણાવ્યું હતું.

### લોઢાવાળા હોસ્પિટલમાં સોમવારે મોતીયોના ઓપરેશન માટે ફ્રી કેમ્પ

ભાવનગર, તા.૫

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠ વી.સી.લોઢાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલ પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિકિલનિક ભાવનગર દ્વારા - ગુજરાત સરકારના અંધત્વ નિયંત્રણ પોગામ અંતર્ગત સ્વ કંચનબેન કનૈયાલાલ શાહના સ્મરણાર્થે અનંતરાય કે. શાહ અને પરિવારના સૌજન્યથી તા.૮ને સોમવારે મોતીયાના નિશુલ્ક ઓપરેશન માટે નિશુલ્ક તપાસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં આંખના નિષ્ણાંત ડો હર્ષાબેન મહેશ્વરી સવારે ૧૦ થી ૧૨.૩૦ તથા ડો.નિશાબેન ચૌહાણ ૪ થી ૬ દરમ્યાન દર્દીઓને વિનામૂલ્યે તપાસી નિદાન કરશે અને મોતીયા હોય તેઓને વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે. જેનો જરૂરીયાત મંદ દર્દીઓએ લાભ લેવા સંસ્થા દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવે છે.

# ધારાશાસ્ત્રીઓ, આપ અને કોંગી કાર્યકરો મળી ૧૭૫થી વધુએ કેસરીયા કર્યાનો દાવો

## ભાજપમાં કેન્દ્ર અને રાજ્ય જ નહીં સ્થાનિક સ્તરે પણ ભરતી મેળો





ભાવનગર, તા.૫

લોકસભા ચૂંટણીનો જંગ ધીમે ધીમે જામી રહ્યો છે ત્યારે ભાજપમાં જાણે કે ટોપ ટુ બોટમ ભરતી મેળો ચાલુ હોય તેમ રાજ્ય અને કેન્દ્રની સાથે શહેર કક્ષાએ પણ અન્ય પક્ષના આગેવાનો, કાર્યકર્તાઓને આવકાર આપવામાં આવી રહ્યો છે. ગઈકાલે ભાવનગરમાં ૭૫ કરતા વધુ એડવોકેટો સહિત પોણા બસ્સો કરતા વધુ કોંગ્રેસના હોદ્દેદારો તેમજ કાર્યકરો ભાજપમાં જોડાયા હતાં.

શહેર ભાજપ કાર્યાલય ખાતે શહેર અધ્યક્ષ અભયભાઈ ચૌહાણની અધ્યક્ષતા તેમજ મહામંત્રીઓ અલ્પેશભાઇ પટેલ, નરેશભાઇ મકવાણા અને પાર્થભાઈ ગોંડલિયા, મેયર ભરતભાઇ બારડ તેમજ ચૂંટાયેલા હોદ્દેદારો, વરિષ્ટ આગેવાનો અને કાર્યકરોની ઉપસ્થિતિમાં શહેર કોંગ્રેસ મહામંત્રી કૌશિકભાઈ ચાંદલિયા, શારદાબેન વરિયા, વડવા અ વોર્ડના મહિલા મોરચાના પ્રમુખ બીનાબેન વિજયભાઈ ચૌહાણ, વરિષ્ટ એડવોકેટ મહેશભાઈ રાજ્યગુરુ, ઉદ્યોગપતિ અક્ષયભાઈ જાજડિયા, ભરતભાઈ શાહ, પ્રજ્ઞેશભાઈ ઠાકોર, અલ્પાબેન ભાવેશભાઈ ગોહેલ સહિત પોણા બસ્સો કરતા વધુ કોંગ્રેસ તથા આપના હોદ્દેદારો અને કાર્યકરો ભાજપમાં જોડાયા હતાં, જેમાં ૭૫ કરતા વધુ એડવોકેટો પણ શામેલ છે. તેમ એક યાદીમાં જણાવાયું છે.

### પાંચટોબરા પાસેથી દેશી બનાવટની જામગરી સાથે શખ્સ ઝડપાયો

ભાવનગર, તા.૫

એસ.ઓ.જી. સ્ટાફ ભાવનગર ગ્રામ્ય વિસ્તારમાં પેટોલીંગમા હતા દરમ્યાન મળેલ બાતમી આધારે ગારીયાધાર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પાંચ ટોબરાથી ફાચરીયા ગામ જતા કાચા રસ્તેથી કાસમભાઈ એહમદભાઈ જંગી/ સંધી (ઉવ. ૪૦ ધંધો-મજુરીકામ રહે.ગામ.બઝરડા તા.ધંધુકા.હાલ. ખિજડીયા ગામ તા.(ઉમરાળા)ને એક દેશી બનાવટની જામગરી બંદુક સાથે ઝડપી પાડી મજકુર વિરુધ્ધ આર્મ્સ એકટ મુજબ કાર્યવાહી કરી ગારીયાધાર પોલીસ સ્ટેશન ખાતે આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(૧-બી)એ મુબજ ગુન્હો રજીસ્ટર કરાવ્યો હતો.

### ભાવનગરના આધેડનું ટાણા પાસે બાઈક સ્લીપ થતાં મોત

ભાવનગર,તા.૫

ભાવનગર શહેરના રીંગ રોડ, લીલાપાર્ક, પ્લોટ નં.૩૪માં રહેતા અનિલભાઈ ભુપેન્દ્રભાઈ જાની (ઉ.વ.૫૫) ગત તા.૨-૪ના રોજ તેમનું બાઈક લઈ ટાણા ગામે જઈ રહ્યા હતા. ત્યારે ટાણા ગામના એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે વળાંકમાં પહોંચતા કાબૂ ગુમાવી લેતા બાઈક સ્લીપ થઈ ગઈ હતી. જે બનાવમાં અનિલભાઈ જાનીને માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવારમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન ઈજાગ્રસ્ત આધેડનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે પરેશભાઈ ભુપેન્દ્રભાઈ જાની (ઉ.વ.૫૪, રહે, સાગવાડી, કાળિયાબીડ, સીતારામ સ્ટ્રીટ)એ આપેલી જાહેરાતના આધારે સિહોર પોલીસે અકસ્માતે મોતની એન્ટ્રી કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતી ફિલ્મ "યા દેવી સર્વભૂતેષુ"ના કલાકારોએ ભાવનગર આવી કર્યુ પ્રમોશન

## મહિલા સશક્તિકરણના વિષય અને વાર્તા ધરાવતી ફિલ્મ દ્વારા ગુજરાતી મનોરંજન જગતમાં કંઈક નવું કરવાનો પ્રયાસ



ભાવનગર, તા.૫

આજના યુવાવર્ગથી માંડી દરેક ઉંમરના ગુજરાતીઓ આપણી પોતાની ભાષા ગુજરાતી ફિલ્મોના પ્રભાવમાં આવી રહ્યા છે અને લોકો વધુમાં વધુ ગુજરાતી ફિલ્મો જોવાનું પસંદ કરી રહ્યા છે ત્યારે હાલમાં જ રિલીઝ થયેલ ગુજરાતી ફિલ્મ "યા દેવી સર્વભૂતેષુ"ના કલાકારોએ આજે કલનાગરી ભાવનગરની મુલાકાત કરી હતી.

ભાવનગરના મેક્સસ સિનેમા ખાતે આ ફિલ્મનો એક હાઉસફુલ શૉ યોજાયો હતો જેમાં કલાકારોની હાજરીને કારણે દર્શકો ખુશ થયા હતા અને આ ફિલ્મની સરાહના કરી હતી. મહિલા સશક્તિકરણના ધારદાર વિષય સાથેની વાર્તા ધરાવતી આ ફિલ્મમાં મુખ્ય કલાકાર તરીકે અભિનય કરનાર કવિષા સંઘવીની આ પ્રથમ ફિલ્મ છે અને જેમાં તેમણે દેવિકાનો કિરદાર નિભાવ્યો છે. અન્ય કલાકારોમાં ગુજરાતી રંગભૂમિ અને ફિલ્મના જાણીતા કલાકાર નિસર્ગ ત્રિવેદી, શિલ્પા ઠાકર અને કિન્નલ નાયક પણ મહત્વના કિરદાર નિભાવી રહ્યા છે.

ફિલ્મના દિગ્દર્શક અમિત રમેશ રુઘાની દ્વારા જ આ ફિલ્મની વાર્તા પણ લખવામાં આવી છે જ્યારે આ વિષયને પ્રેક્ષકો સુધી પહોંચાડવામાં નિર્માતા આરવ પટેલ અને પ્રિન્સ પટેલનો ખૂબ જ મહત્વનો ફાળો રહ્યો છે. નવા કલાકારોને પ્રોત્સાહન આપી ગુજરાતી મનોરંજન જગતમાં કંઈક નવું કરવાના પ્રયાસોને નિર્માતા આરવ પટેલ અને પ્રિન્સ પટેલએ આ ફિલ્મ દ્વારા પ્રેક્ષકોને નવા વિષય સાથે મહિલાઓને પ્રધાન્ય મળી રહે તેવી કોશિશ કરી છે. કલનાગરી ભાવનગરના પ્રેક્ષકોને પણ આ કલાકારો એ તેમની ગુજરાતી ફિલ્મ "યા દેવી સર્વભૂતેષુ" જોવા અપીલ કરી હતી અને ભાવનગરનો આભાર માન્યો હતો.

# ૭૮ લાખ ડોલર અમેરિકાની બેંકમાં જમા છે, તમે વારસદાર બની જાઓ!

## ખોટા વારસદાર બની રૂ.૨૬ કરોડ મેળવવાની લાલચમાં વેપારીએ રૂ.૧૬ લાખ ગુમાવી દીધા



રાજકોટ,તા.૫

વિદેશની બેંકમાં પડેલા મૃત વ્યક્તિના ખાતામાંથી કરોડો રૂપિયાની રકમના ખોટા વારસદાર બનાવી કુલ ૬૫ કરોડથી વધુ રકમમાંથી ૨૬ કરોડ આપવાની લાલચ આપી રાજકોટના વેપારી પાસેથી રૂ.૧૬ લાખ ગઠીયાઓએ ઉસેડી લીધાની ફરિયાદ છે. કોઠારિયા રોડ, મોરારિનગર-૫માં રહેતા અને ઓનલાઈન ટ્રેડિંગનું કામકાજ કરતા નિલેશ વલ્લભભાઈ પાધરા નામના વેપારીએ ફેસબુક એકાઉન્ટ ધરાવનાર નતાશા મિત્રા, ત્રણ અલગ અલગ બેંક એકાઉન્ટ ધરાવનાર સહિતનાઓ સામે ફરિયાદ નોંધાવી છે.વેપારીની ફરિયાદ મુજબ, ગત તા.૨૪-૭-૨૦૨૩ના રોજ ફેસબુક પર નતાશા મિત્રાની લિંકમાંથી મેસેજ આવ્યો હતો. જે મેસેજમાં મીઠી મીઠી વાત લખી હતી અને તેમાં એક મેલ આઈડી લખેલું હતું. જેથી તે મેલ આઈડીના આધારે વાતચીત શરૂ કરી હતી. વાતચીતમાં સામે વાળી વ્યક્તિ સિન્થિયા હોવાનું અને તે અમેરિકામાં એનવાયસીબી બેંકમાં ચીફ એડમિન ઓફિસર હોવાનું જણાવ્યું હતું. એટલું જ નહિ તેને તેનું ઓળખ કાર્ડ, બેંક સર્ટિફિકેટ પણ મોકલ્યું હતું. બાદમાં તે વ્યક્તિએ મેસેજમાં જણાવ્યું કે, ભારતના એક બિઝનેસમેન છે. તેમનું મૃત્યુ નીપજ્યું છે અને તેમના નામની ૭૫ લાખ ડોલરની એફડી છે.વ્યાજ સહિત ૭૮.૭૫ લાખ ડોલરની રકમ જમા છે, પરંતુ તેમના કોઇ વાલીવારસ નથી. જો તમે તેના વારસદાર બની જાઓ, હું વારસદાર બાબતોના બધા સર્ટિફિકેટ્સ અહીંથી રજૂ કરી દઈશ. જે રકમ મળશે તેમાં ૬૦ ટકા રકમ મારી અને બાકીની ૪૦ ટકા રકમ તમને આપીશની વાત કરી હતી. આમ પોતાને ભારતીય રકમ મુજબ રૂ.૬૫.૩૬ કરોડની રકમમાંથી ૪૦ ટકા રકમ મળવાની હોવાની લાલચમાં હા પાડી હતી. ત્યાર બાદ એનવાયસીબી બેંકના મેલ આઈડી પરથી મારા નામનું વારસદાર તરીકેનું સર્ટિ. મળ્યું હતુ. ત્યાર બાદ મને અમેરિકાની બેંકમાંથી મેલ આવવાનું શરૂ થયા હતા.ત્યારે એક મેલમાં આ બિઝનેસમેન મૃત્યુ પામ્યા છે. તેમનું બેંક ખાતું બંધ થઈ ગયું છે. તે ચાલુ કરવા માટે તેમજ આ બાબતનું નોટરાઈઝ કરવા માટે વકીલ રાખવા પડશે. જે અંગેની રકમ તમારે જમા કરાવી પડશેનું જણાવ્યું હતું. જેથી મેલમાં જણાવેલા ત્રણ બેંક એકાઉન્ટમાં કુલ રૂ.૧૬,૧૫,૮૦૦ની રકમ જમા કરાવી હતી. થોડા દિવસ બાદ વધુ એક મેલ આવ્યો હતો જેમાં બીજા વધુ ડોક્યુમેન્ટ તૈયાર કરવા માટે રૂ.૨૦ લાખની વધુ માગણી કરતા પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો આથી સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

# મારા સમર્થનમાં તમામ સમાજ, ક્ષત્રિય વિરૂધ્ધ પાટીદાર કરવાની જરૂર નથી : રૂપાલા

## મીડિયાને પણ હવે આ ઈસ્યુ પુરો કરવા અપીલ



રાજકોટ,તા.૫

લોકસભા ચૂંટણીમાં રાજકોટ સંસદીય બેઠકમાં સર્જાયેલા વિવાદના કેન્દ્રમાં રહેલા ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા દિલ્હીથી ગુજરાત પરત આવી ગયા છે અને તેઓએ જણાવ્યું હતુ કે હું દિલ્હી કેબીનેટની મીટીંગમાં ગયો હતો નિયમ મુજબ બ્રીફીંગ કરવાનું હોય છે અને તે પુરૂ કરીને આવ્યો છું. કેબીનેટમાં તેમના સાથીદાર અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા પણ તેમની સાથે જ આવ્યા હતા. રૂપાલાએ રાજકોટ અને હવે સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પહોંચી ગયેલા ક્ષત્રિય સમાજના તેમની સામેના મોરચા અંગે જણાવ્યું કે આગેવાનો બેઠક કરી રહ્યા છે અને તેમની પાસે માહિતી છે. તેમાં હું ટીપ્પણી કરૂ તે યોગ્ય ગણાય છે. રૂપાલાએ દાવો કર્યો કે મારા સમર્થનમાં ફકત પાટીદાર જ નહીં તમામ સમાજ છે. ક્ષત્રિય સમાજના ઘણા બધા આગેવાનોએ મને સમર્થન જાહેર કર્યુ છે. મે અગાઉ નામ પણ આપ્યા છે અને અત્યારે પણ આપી શકું છું પરંતુ આગમાં ઘી હોમવાનું કામ મારૂ નથી. રૂપાલાએ કહ્યું કે મારા વિચારો અગાઉ પણ વ્યકત કર્યા છે. જે રીતે ક્ષત્રિય સમાજની માંગણી સામે હવે રાજકોટ સહિતના શહેરોમાં પાટીદાર સમાજ તેમના ટેકામાં આવી રહ્યો છે તે અંગેના પ્રશ્નનાના જવાબમાં રૂપાલાએ કહ્યું કે આ વિવાદને ક્ષત્રિય વિરૂધ્ધ પાટીદાર કરવાની કોઈ જરૂર નથી અને હવે તમારે પણ તેમાં વધુ એડ્રેસ કરવાની જરૂર નથી. મેં આપને કહી દીધુ છે હવે તેમાં પેટા પ્રશ્નો જેટલા ધારવા હોય તેટલા ધારી શકાય છે આમ કહીને રૂપાલાએ કહેવાનું ટાળ્યું હતું અને એરપોર્ટથી ગાંધીનગર જવા રવાના થઈ ગયા હતા અને સાંજ સુધીમાં રાજકોટ પહોંચે તેવા સંકેત છે. બીજી તરફ રાજકોટ સહિતના શહેરોમાં પણ હવે રૂપાલા હટાવના નારા સાથે ક્ષત્રિય સમાજે વધુ આક્રમક વલણ ધારણ કર્યુ છે અને તેથી આ વિવાદમાં નવો તનાવ સર્જાવાની પણ ધારણા છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

# ઈરાન ઈઝરાઇલ વચ્ચે તંગદિલી

ઇઝરાઇલ અને ઈરાન વચ્ચે તનાવ વધી રહયો છે બંને વચ્ચે ક્યારે યુદ્ધ ફાટી નીકળે તે કહી શકાય તેમ નથી ઇઝરાઇલ એરિયામાં ઈરાનના દુખાવાસ પર મિસાઈલ થી હુમલો કર્યો હતો જેમાં ઈરાનના બે જનરલ સહિત આઠ લોકોના મોત થતા ઈરાન હવે વળતો પ્રહાર કરવા માટે સજ્જત થયું છે ઈરાનના સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલે સોમવારે બેઠક યોજી અને ઇઝરાઇલ પર જવાબી હુમલા કરવાનો પ્લાન ઘડવામાં આવ્યો છે ઈરાને પણ વળતા હુમલા ની તૈયારી શરૂ કરી દીધી છે અને બદલો લેવાની ધમકી આપતા પરિસ્થિતિ ભયંકર રીતે વણસી રહી છે

આ હુમલામાં માર્યા ગયેલા ઇરાન ના જનરલે હિજબુલ્લા અમાસ અને ઉર્થી જેવા આતંકી સંગઠનોને ઇઝરાઇલ સામે લડવામાં બહુ મદદ કરી હતી.

ગાઝામાં યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે ઈરાન સમગ્ર મધ્ય પૂર્વમાં જે ભૂમિકા ભજવે છે તેના તરફ વિશ્વનું ધ્યાન આકર્ષાયું છે. ઇઝરાયલ-ગાઝા સંઘર્ષમાં ઈરાન હમાસને ટેકો આપે છે. તેણે ઇરાક, સીરિયા તથા પાકિસ્તાનમાં હુમલા કર્યા છે અને તેનાં શસ્ત્રોનો ઉપયોગ રશિયા દ્વારા યુક્રેન સામે કરવામાં આવી રહ્યો છે. લેબનોનમાંથી ઇઝરાયલ પર હુમલો, જોર્ડનમાં અમેરિકન દળો પર ડ્રોન હુમલો અને રાતા સમુદ્રમાંનાં પશ્ચિમી જહાજો પર યમનમાંથી હુમલો, જોકે, આ બધા મધ્ય પૂર્વમાંના કેટલાક હુમલાઓમાં પોતાની પ્રત્યક્ષ સંડોવણીનો ઈરાન સતત ઇનકાર કરતું રહ્યું છે, પરંતુ ઈરાન સમર્થિત જૂથોએ આ હુમલાઓની જવાબદારી લીધી છે.

સવાલ એ છે કે આ જૂથો કોણ છે અને આ સંઘર્ષોમાં ઈરાન કેટલી હદે સંડોવાયેલું છે. તે સૌ કોઈ જાણે છે આ સંઘર્ષોમાં તે વારંવાર સંકળાતું રહે છે.

ઈરાન તેની સીધી સંડોવણીનો સતત ઇનકાર કરતું હોવા છતાં તહેરાન ૪૫ વર્ષ પહેલાંની દેશની ક્રાંતિ પછી ચરમપંથી જૂથોને ટેકો આપતું રહ્યું છે. એ જૂથો ૧૯૮૦ના દાયકાની શરૂઆતથી દેશની રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચનાનો મહત્ત્વનો હિસ્સો બન્યાં છે.

ઈરાનની રાજધાની તહેરાનમાં લગભગ એક વર્ષથી બંધક બનાવવામાં આવેલા પર અમેરિકન રાજદ્વારી અધિકારીઓને મુક્ત કરાવવા માટે વોશિંગ્ટનમાં જીમી કાર્ટર વહીવટી તંત્ર તલપાપડ હતું અને ઈરાનને શિક્ષા કરવી જોઈએ તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે એકલું પાડી દેવું જોઈએ તેવો મત પ્રવર્તતો હતો. તેને પગલે અમેરિકા અને પશ્ચિમના સાથી દેશો ઇરાકની તરફેણ કરવા લાગ્યા હતા. ઇરાકમાં એ વખતે, ૧૯૭૯થી ૨૦૦૩ સુધી સદ્દામ હુસૈનનું શાસન હતું. એ પછી ઇરાક અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું હતું તથા તે ૧૯૮૦થી ૧૯૮૮ સુધી ચાલ્યું હતું. ઇરાક અને ઈરાન બન્ને યુદ્ધવિરામ માટે સહમત થવાની સાથે તેનો અંત આવ્યો હતો, પરંત બન્ને દેશોમાં મોટા પાયે ખુવારી થઈ હતી. લગભગ ૧૦ લાખ લોકો માર્યા ગયા હતા અથવા ઘવાયા હતા અને ઈરાનનું અર્થતંત્ર ખેદાનમેદાન થઈ ગયું હતું.

તેના પરિણામે ઈરાનના ટોચના અધિકારીઓમાં એવો વિચાર આકાર પામ્યો હતો કે તહેરાને બેલેસ્ટિક મિસાઇલ પ્રોગ્રામ અને પ્રોક્સી નેટવર્કના વિકાસ સહિતનાં વિવિધ માધ્યમો મારફત ભવિષ્યમાં કોઈ પણ આક્રમણને ખાળવા સક્ષમ બનવું જરૂરી છે. એ પછી અમેરિકાના વડપણ હેઠળ અફઘાનિસ્તાન (૨૦૦૧) અને ઇરાક (૨૦૦3) પર કરવામાં આવેલા આક્રમણ તેમજ સમગ્ર આરબ વિશ્વમાં ૨૦૧૧ પછી થયેલા વિવિધ બળવાને લીધે ઉપરોક્ત વિચાર દૃઢ બન્યો હતો.

# આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના



ફ્રાઈડે ફોટો સ્ટોરી - ચિરાગસિંહ પરમાર

વાસંતી વૈભવ : પાનખર પૂર્ણ થતા જ ઋતુઓના રાજા વસંતનું આગમન થાય છે. સદાબહાર વસંતનો અસલી વૈભવતો વનવગડામાં જોવા મળે છે. વાસંતી વાયરાથી નિશ્ચેતન વગડામાં જાણે નવો જ પ્રાણ ફૂંકાય છે. ફાગણનો પ્રારંભ થતા જ રંગબેરંગી ફૂલોથી ભરપૂર વૃક્ષો કોઈ નવોઢાએ શણગાર સજ્યો હોય એમ પ્રકૃતિને સોળે શણગાર સજી દે છે. ભાવનગર - તળાજા નેશનલ હાઈવે પર બોગનવેલ અને કરેણ પર આવેલા રંગબેરંગી પુષ્પો રુપી ખીલેલી વસંત જોતા જ કવિ શ્રી મનોજ ખંડેરિયાની રચના યાદ આવે...

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલોએ બીજું કૈં નથી, પગલાં વસંતના.

# મને કાંઈ ન થાય - આ એક વહેમને કાયમ માટે છોડીએ

## હીટ-વેવ અને હાર્ટ એટેક-સ્ટ્રોકથી બચવા જાતે જ કાળજી લેવી રહી

કાળઝાળ ઉનાળો તપી રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા ત્રણેક દિવસથી આપણે અસહ્ય ગરમી અને બફારાનો અનુભવ કરી રહ્યા છીએ. આ સ્થિતિ હૃદય માટે કેવી અને કેટલી જોખમી છે એની થોડી વાત. છેલ્લા દસ વર્ષમાં ગુજરાતમાં ત્રણસો જેટલા મૃત્યુ આ કારણે થયાના અહેવાલો પણ અખબારમાં છપાયા છે. સામાન્ય રીતે આપણી સમજ એવી છે કે શિયાળામાં અતિશય ઠંડીને કારણે લોહીનું વહન કરતી નળીઓ (બ્લડ વેસલ્સ) સંકોચાઈ જવાથી હાર્ટ એટેક આવતો હોય છે. આ જરાય ખોટી માહિતી નથી. પણ આને કારણે આપણને એક વિચાર એવો આવે કે તો પછી ઉનાળામાં તો આ બ્લડ વેસલ્સ પહોળી થતી હશે અને હૃદયને વધુ લોહી મળતું હશે ને!

શરીર વિજ્ઞાનની દૃષ્ટિએ આ વિચાર તાર્કિક છે પણ સંપૂર્ણ સત્ય નથી. શું કામ? એ સરળ રીતે સમજીએ. માનવશરીર સામાન્ય સંજોગોમાં પોતાનું તાપમાન ૯૮.૬ ડિગ્રી ફેરનહીટ (એટલે કે 39 ડિગ્રી સેલ્સિયસ) રાખવા સતત પ્રયત્ન કરતું હોય છે. આ આપણું નોર્મલ બોડી ટેમ્પરેચર છે. શરીરનું તાપમાન જ્યારે આ નોર્મલ રેન્જમાં હોય ત્યારે શરીરની તમામ ક્રિયાઓ એકસુત્રમાં બંધાઈને ચાલતી હોય. આવા વખતે હૃદય, ફેફસાં, કિડની વિગેરે સામાન્ય સ્થિતિમાં કાર્યરત હોય અને શરીરની ચયાપચય (એટલે કે મેટાબોલિઝમ) ની પ્રક્રિયા પણ એકદમ સામાન્ય હોય.

હવે વાત કરીએ હીટ-વેવનીપ..તો જ્યારે અચાનક બહારનું તાપમાન, તડકો અને બફારો ખૂબ વધે છે (એટલે કે વાતાવરણનું તાપમાન ૪૨ ડિગ્રીથી ઉપર જવા માંડે અને વાતાવરણમાં ભેજ એટલે કે હ્યુમિડીટીનું પ્રમાણ પણ બહુ વધારે હોય) ત્યારે માનવશરીર એને અનુરૂપ થવા અનેક રીતે વધારાની જહેમત ઉઠાવે છે. જેમ કે શરીરને ઠંડું રાખવાના ભાગરૂપે અતિશય પરસેવો વળેપ.હવે આ પરસેવો થવાને કારણે શરીરમાંથી પાણી ઓછું થાય અને એટલે ડીહાઇડ્રેશનની અસરો ઘટાડવા શરીર આપોઆપ ચામડી (સ્કિન) તરફ જતી બ્લડ વેસલ્સને પહોળી કરે જેથી વધારે પ્રમાણમાં લોહી સ્કિન સુધી પહોંચે. આપણે જાણીએ છીએ કે શુધ્ધ લોહી શરીરના દરેક અંગો સુધી પહોંચાડવાનું કામ આપણું હૃદય કરે છે, એટલે સ્વાભાવિક છે કે હૃદય પર વધુ લોડ આવવાને કારણે હૃદયના ધબકારા વધે.

કરંટ ટોપિક

સામાન્ય દિવસોમાં હૃદય જે કામ કરતું હોય એ કરવા માટે આવા ગરમી અને બફારાના દિવસોમાં બમણી મહેનત કરવી પડે. આ માટે વધારાના ઓક્સિજનની જરૂર પડે એટલે ફેફસાંએ પણ પોતાની ક્ષમતા વધારવી પડે. શરીરના તાપમાનને નિયંત્રિત રાખવા ચયાપચયની ક્રિયા પણ વધુ મહેનત સાથે હાથ ધરવી પડે એના પરિણામે હૃદય પર વધુ ને વધુ લોડ આવતો રહે. શરીર પોતાનું તાપમાન નીચું લાવવા રક્તવાહિનીઓને ફેલાવે જેને કારણે હૃદયના ધબકારાનો વેગ વધતો ચાલે. હૃદયના ધબકારા વધવાથી લોહીનો પુરવઠો પૂરતા પ્રમાણમાં ન પહોંચે અને એને કારણે બ્લડપ્રેશર અચાનક અસામાન્ય રીતે ઘટી જાય. આના શરૂઆતના લક્ષણોમાં અતિશય પરસેવો થવો, નબળાઈ લાગવી, માથાનો દુ:ખાવો, નાડી (પલ્સ) તેજ થવી, ધબકારા વધતા અનુભવવા, ઉલ્ટી-ઉબકા આવવાપવિગેરે હોય છે.

આવું અનુભવાય ત્યારે જ ચેતી જવું બહુ જરૂરી હોય છે. યાદ રાખોપતમારું શરીર તમને આ બધા સિગ્નલ સતત આપતું જ હોય છે. પણ આપણા સ્વભાવમાં રહેલી બેદરકારી, નિષ્કાળજી, બેફિકરાઈ જ આપણને મુશ્કેલીમાં મૂકતા હોય છે. ઉપર જણાવેલ લક્ષણો અનુભવાયા પછી પણ આપણે તડકામાં કે ગરમી અને ભેજ મિશ્રિત વાતાવરણમાં રહીએ છીએ ત્યારે હૃદયની મર્યાદા આવી જવાથી શરીરને પૂરતું લોહી મળવાનું બંધ થવાથી વ્યક્તિને ચક્કર આવે છે અથવા ઘણીવાર અચાનક બેભાન થઈને પડે છે અમુક કિસ્સામાં (ખાસ તો હૃદયની કે બ્લડ પ્રેશરની જૂની બીમારી હોય, ૭૦ થી વધુની વય હોય અથવા કોઇ નાનું બાળક હોય) આવે વખતે હૃદય પોતાનાથી બનતા પૂરતા પ્રયત્નો કર્યા પછી હથિયાર હેઠા મૂકી દે છે, જેને આપણે હાર્ટ એટેક (SCA - Sudden Cardiac Arrest) તરીકે ઓળખીએ છીએ. અત્યારે બની રહેલા કેટલાક કમનસીબ કિસ્સાઓ આનું જ પરિણામ છે.

આવું ન થાય એ માટે શું કરી શકીએ?....

૧. મને કાંઈ ન થાય - આ એક વહેમને કાયમ માટે છોડીએ. શરીરની ફિઝિયોલોજી કુદરતી છે. એને આપણી તંદુરસ્તી, સ્વભાવ, નિયમિતતા વિગેરેથી થોડીઘણી કેળવી શકાતી હોય છે પણ એનો અર્થ એ નથી કે એ વિપરીત સંજોગોમાં પણ આપણને સાથ આપે જ. (આમ તો ઉપર દર્શાવેલી તમામ શારીરિક પ્રક્રિયા આપણને બચાવવા જ થઈ હોય છે, પરંતુ સમયસર ચેતી ન જવાને પરીણામે કમનસીબ અંજામ ભોગવવાનો આવે છે)

૨. જ્યારે જ્યારે આવા હીટ-વેવની શક્યતા હોય ત્યારે તડકામાં ખાસ તો સવારે ૧૧ થી બપોરે 3 વાગ્યા સુધીના સમયગાળામાં બહાર નીકળવાનું ટાળવું. જરૂરી જ હોય તો બંધ વાહનમાં અથવા ટોપી/છત્રી/ચશ્મા/શરીર ઢાંકે એવા સુતરાઉ વસ્ત્રો સાથે નીકળવું. આવે વખતે સનસ્ક્રીનનો ઉપયોગ કરવો તથા પીવાનું પાણી સાથે રાખવું.

3. આ સમગ્ર શારીરિક ઘટનાક્રમ સરવાળે તો શરીરમાંથી પાણી ઓછું થવાને કારણે થતો હોવાથી ખૂબ પાણી પીવાનું રાખવું (કિડનીના અને હૃદયરોગના દર્દીઓએ આ બાબતે પહેલા પોતાના ડોક્ટરની સલાહ લેવી). કોઈપણ સંજોગોમાં શરીરને hydrated રાખવું એ આ પરિસ્થિતિનો સામનો કરવાનો ઉત્તમ અને એકમાત્ર ઈલાજ છે એ યાદ રાખવું. આમ તો સાદું પાણી પૂરતું છે પણ શરીરને જરૂરી અમુક [illegible] પણ પરસેવાસ્વરૂપે બહાર નીકળી જતા હોવાથી ફ્રૂટ જ્યુસ, લીંબુપાણી, નારિયેળપાણી, ડાઇલ્યુટ કરેલા સ્ક્વોશ, દૂધ, ચા કોફી (મર્યાદિત પ્રમાણમાં) લઈ શકાય.

૪. આવા સમયે આલ્કોહોલિક પીણાંઓથી દૂર રહેવું કારણ કે એ સરવાળે dehydration માટે જવાબદાર નીવડે છે.

૫. પ્રમાણમાં ઠંડો (વાસી નહીં હોં) ખોરાક લેવાનું રાખવું. ખાસ તો સલાડ અને ફ્રૂટ લેવા કેમ કે એમાં પાણીનું પ્રમાણ વધારે હોય અને સાથોસાથ શરીરને જરૂરી વિટામિન અને અન્ય પોષક દ્રવ્યો એમાંથી મળી રહેતા હોય છે.

જો હીટ સ્ટ્રોક અનુભવાય (અગાઉ ઉપર દર્શાવેલ લક્ષણો જણાય) તોપ

- તાત્કાલિક કોઈપણ શારીરિક શ્રમ ધરાવતી પ્રવૃત્તિ કરતા હો તો એ બંધ કરવી.

ઘરના, ઓફિસના કે અન્ય કોઈ સ્થળે હો તો ત્યાંના પ્રમાણમાં ઠંડો હોય એવા ભાગમાં શાંતિથી, જરાય ઉચાટ વગર બેસવું. એ.સી., કે પંખાનો ઉપયોગ કરવો. (કૂલરનો ઉપયોગ શક્ય હોય તો ટાળવો)

- બારીઓને પડદાથી ઢાંકવી.
- ઘરમાં લાઈટ વિગેરે ચાલુ હોય તો એને બંધ રાખવા.
- ઢીલાં, હળવાં, પરસેવો શોષી લે શકે એવા સુતરાઉ વસ્ત્રો પહેરવા.

# અમેરિકાની વિઝા લોટરીનું અવનવું

## ઈમીગ્રન્ટ વિઝા શું છે એને વિશે લોકો બહુ છું જાણે છે જે લોકોનું એક સપનું હોય છે કે અમેરિકા જવું પરંતુ અમેરિકા જવા માટે યોગ્યતા ધરાવતા ન હોય તો તેને માટે વિઝા લોટરી અમેરિકાએ શરૂ કરી હતી અમેરિકામાં વિઝા બુલેટિન નામનું એક સામાયિક પણ પ્રસિદ્ધ થાય છે વિઝા શું છે એની ઘણાને ખબર નથી પાસપોર્ટ શું છે એ પણ ઘણા લોકો જાણતા નથી ત્યારે વિઝા લોટરી વિશે જાણવું જરૂરી બની જાય છે

પાસપોર્ટ અને વિઝા શબ્દો મુસાફરી માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા શબ્દો છે પરંતુ બંને વચ્ચે શું તફાવત છે? તે તમને આ લેખ માં જાણવા મળશે. મુસાફરી માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા બે શબ્દો છે 'પાસપોર્ટ' અને 'વિઝા'. તમારા દેશની બહાર મુસાફરી કરવા માટે, પાસપોર્ટ આવશ્યક દસ્તાવેજ છે. દર વર્ષે, દરેક દેશ તેના પાસપોર્ટને તેની શક્તિ અનુસાર રેન્કિંગ કરવામાં આવે છે. મૂળભૂત રીતે, ચોક્કસ પાસપોર્ટ પર મુસાફરી કરવા માટે તમારે કેટલા દેશોના વિઝા મેળવવાની જરૂર છે.

એચ-૧બી (H-1B) એ યુનાઈટેડ સ્ટેટ્સમાં એવો વિઝા છે જે ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટ, સેક્શન ૧૦૧(એ)(૧૫)(એચ) (૧૦૧(a)(૧૫)(H)) હેઠળ નોન-ઈમિગ્રેશન છે. તે યુ.એસ. (.જી.)ના નોકરીદાતાઓને વિશેષતા ધરાવતા વ્યવસાયોમાં કામચલાઉ ધોરણે વિદેશી કામદારોની ભરતી કરવાની છૂટ આપે છે. જો એચ-૧બી (ૐ-૧ૠ) દરજ્જાનો વિદેશી કર્મચારી કામ છોડે અથવા પ્રાયોજક નોકરીદાતા તેને છૂટો કરે તો કર્મચારીએ અન્ય નોન-ઈમિગ્રન્ટ દરજ્જા માટે અરજી કરીને તે દરજ્જો મેળવવો જ પડે અથવા અન્ય નોકરીદાતાની શોધ કરવી પડે (દરજ્જામાં ફેરફારની અરજી અને/અથવા વિઝામાં ફેરફારને આધિન), અથવા યુનાઈટેડ સ્ટેટ્સ છોડવું પડે.

આજની તારીખે મોટાભાગના લોકો એવું માને છે કે ધરતી પર જો કોઈ સ્વર્ગ હોય તો તે અમેરિકા છે અમેરિકા એક વાત થાય એ થયા એટલે સર્વ વાતે સુખી થઈ ગયા એમ લોકો માને છે આ માટે અમેરિકા લોકોનું એક સપનું બની ચૂક્યું છે એમાંય ગ્રીન કાર્ડ એટલે વાત પૂરી એકવાર ગ્રીન કાર્ડ મળી જાય તો જિંદગી નો જંગ જીતી જવાય.

અમેરિકાએ કેવો દેશ છે કે ત્યાં સ્થાયી થવાનું જગત ભરના લોકો વિચારે જ છે અમેરિકાની અંદર લાખો માણસો અન્ય દેશોમાંથી આવીને સ્થાયી થયા છે અને અમેરિકાના વિકાસની અંદર ખૂબ મહત્વનો ફાળો આપ્યો છે ખાસ કરીને ભારતના લોકો અમેરિકામાં જઈને અમેરિકાને પ્રથમ સ્થાન પર જે કાર્યવાહી કરી છે જે પુરુષાર્થ કર્યો છે તેને અમેરિકન લોકો પણ સલામ કરે છે ભારતનો પટેલ પાવર અમેરિકાની અંદર સૂરજની જેમ ચમકે છે આવી જ રીતે સિલિકોન વેલી પણ ભારત થકી ઉજળી છે ભારતના લોકો અને કારણે અમેરિકાના વિકાસને ચાર ચાંદ લાગ્યો છે આ વસ્તુ અમેરિકાની અંદર આવેલા અત્યાર સુધીના તમામ રાષ્ટ્રપ્રમુખો બરાબર જાણે છે અને અમેરિકાએ વિઝા લોટરી પણ શરૂ કરી હતી. લોટરી એટલે એક પ્રકારનો જુગાર ગણી શકાય જેને સરકારે પણ પ્રોત્સાહન આપ્યું છે ભારતના ઘણા રાજ્યોએ લોટરી શરૂ કરી છે ખાનગી કંપનીઓ લોટરી શરૂ કરે એ વાત તો સમજી શકાય પણ સરકાર પોતે જો લોટરી શરૂ કરે તો તે જુગારને ઉત્તેજન આપ્યું છે તેમ ન કહી શકાય?

મહારાષ્ટ્ર સરકારે ૧૨ એપ્રિલ, ૧૯૬૯માં લોટરી શરૂ કરી. એક રૂપિયો આપો અને લોટરીની ટિકિટ ખરીદો. તમારી ટિકિટનો જે નંબર હોય એ નંબર લોટરીમાં ખેંચાય તો તમને એક રૂપિયાના બદલામાં એક લાખ રૂપિયા મહારાષ્ટ્ર સરકાર આપશે. તમે લખપતિ બની જશો. એ સમયે એક લાખ રૂપિયાની કિંમત એક કરોડ રૂપિયા જેટલી હતી. ભારતની જેમ અમેરિકા જેવા સમૃદ્ધ દેશો પણ લોટરી ના રવાડે ચડી ચૂક્યા છે અમેરિકાએ પણ વર્ષ ૧૯૯૦માં લોટરી કાઢી. એમની લોટરીમાં પૈસા આપીને કોઈ ટિકિટ ખરીદવાની નથી. લોટરીનો નંબર નસીબવંત નીવડે તો એ ધરાવનારને અમેરિકાની સરકાર લાખ કે એથી વધુ

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

ડોલર આપતી નથી. અમેરિકાએ વર્ષ ૧૯૯૦માં આ જે લોટરી શરૂ કરી છે એ વિશ્વના જુદા જુદા દેશોના લોકો, જેઓ અમેરિકા આવવા ઈચ્છતા હોય, અમેરિકન સ્વપ્નું સેવતા હોય, પણ એમનું કોઈ સગુંવહાલું અમેરિકામાં રહેતું ન હોય, એમની એવી કોઈ લાયકાત ન હોય કે જેથી તેઓ અમેરિકાની ચાર 'ફેમિલી પ્રેફરન્સ કેટેગરી' કે 'ઍમ્પ્લૉયમૅન્ટ બેઝ્ડ કેટેગરી' હેઠળ ગ્રીનકાર્ડ મેળવી શકે છે, એમના દેશમાં અંધાધૂંધી ન હોય, અરાજકતા ન હોય, જેથી તેઓ અમેરિકામાં રાજકીય આશરો માગી શકે, તેઓ અમેરિકાની મિલિટરીમાં જોડાઈને ગ્રીનકાર્ડ પ્રાપ્ત કરવા ઈચ્છતા ન હોય. આવા લોકો અમેરિકા કાયમ માટે આવી શકે એ માટે અમેરિકાની સરકારે વર્ષ ૧૯૯૦માં 'વિઝા-લોટરી' કાઢી, એને તેઓ 'ડાઈવર્સિટી ઈમિગ્રન્ટ' કહે છે, એટલે કે વિભિન્નતા ધરાવતા ઈમિગ્રન્ટો. જે દેશમાંથી છેલ્લાં પાંચ વર્ષમાં વધુ દેશવાસીઓ અમેરિકામાં સ્થળાંતર કરીને ગયા હોય એ દેશના લોકોને આ ડાઈવર્સિટી વિઝામાં ભાગ લેવા નથી મળતો. આ વિઝા- લોટરીનો ઉદ્દેશ જ એ છે કે જે દેશના લોકો ઈમિગ્રન્ટ વિઝા મેળવી નથી શકતા એમને અમેરિકામાં કાયમ રહેવા માટે આ વિઝા- લોટરી દાખલ કરવામાં આવી છે.

અમેરિકામાં દર વર્ષે લાખો લોકો ગેરકાનું ની રીતે અમેરિકામાં પ્રવેશે જ છે અને પકડાઈ ત્યારે મોટી સજા ને પાત્ર બને છે દર વર્ષે અમેરિકાની સરકાર ૫૫,૦૦૦ ઈમિગ્રન્ટ વિઝા, જે લોકો વિઝા-લોટરીમાં વિજેતા બને છે એમને આપે છે. આ માટે એમણે એક કાગળ ઉપર અરજી કરવાની રહે છે, જેમાં એમનું નામ, જન્મતારીખ, રહેઠાણ અને એમના વિશેની અન્ય વિગતો, જન્મ ક્યાં થયો છે એ દેશનું નામ, લગ્ન કર્યાં હોય તો એમની પત્ની યા પતિ કયા દેશના નાગરિક છે, એમણે કયા દેશમાં જન્મ લીધો હતો આ સર્વે જણાવવાનું રહે છે. આવી અરજીઓ ક્યારે કરવાની, કેટલા સમય સુધીમાં કરવાની, ક્યાં કરવાની, કેવી રીતે કરવાની એની જાણકારી અમેરિકાનું ઈમિગ્રેશન ખાતું જે દર મહિને 'વિઝા બુલેટિન' બહાર પાડે છે એમાં જણાવે છે. અરજી માટે ફી આપવાની નથી હોતી. લોટરી સિસ્ટમ દ્વારા એ અરજીઓનો ડ્રો કરવામાં આવે છે. જે લોકો વિજેતા બને એમને જાણ કરવામાં આવે છે. ત્યાર બાદ એ વિજેતા બનેલા લોકોએ ઈમિગ્રન્ટ વિઝા માટે જે પગલાંઓ લેવાનાં હોય છે એ લેવાં પડે છે. આફ્રિકા, એશિયા, યુરોપ, નોર્થ અમેરિકા, સાઉથ અમેરિકા મેક્સિકો, સેન્ટ્રલ અમેરિકા, આ દેશોના નાગરિકોને વિઝા- લોટરીમાં ભાગ લેવાની પરવાનગી નથી. આમાં ભારતનો પણ સમાવેશ થઈ જાય છે. જો આ દેશોમાંના, ભારતમાંના પણ, કોઈએ એવા દેશમાં જન્મ લીધો હોય, જે દેશના લોકો વિઝા-લોટરીમાં ભાગ લેવા માટે કાયદેસર કાબેલ હોય અથવા જેમણે એવા લોકો જોડે લગ્ન કર્યાં હોય, જે વ્યક્તિનો જન્મ એવા દેશમાં થયો હોય, જે દેશના નાગરિકો વિઝા-લોટરીમાં ભાગ લઈ શકે એમ હોય તેઓ એમના જન્મસ્થળના કારણે યા લગ્નના કારણે વિઝા-લોટરીમાં ભાગ લઈ શકે છે. વિજેતા બનતાં એમને ગ્રીનકાર્ડ આપવામાં આવે છે. જે લોકો વિજેતા બને એમને અને એમની સાથે-સાથે એમની પત્ની યા પતિ અને એકવીસ વર્ષથી નીચેની વયના અવિવાહિત સંતાનોને પણ ગ્રીનકાર્ડ આ વિઝા-લોટરી હેઠળ આપવામાં આવે છે. તેઓ 'ડાઈવર્સિટી ઈમિગ્રન્ટ' કહેવાય છે. અમેરિકા જવાનું સપનું સાકાર કરવા માટે વિઝા મેળવવા જરૂરી છે તેને માટે યોગ્યતા પ્રાપ્ત કરો પૈસા પ્રાપ્ત કરો અને અમેરિકામાં જવાનું સપનું સાકાર કરો.



# ૮મીએ ૪ કલાક ૨૫ મિનિટનું સૂર્યગ્રહણ દિવસભર અંધકાર છવાયેલો રહેશે

નવીદિલ્હી,
વર્ષનું પ્રથમ ચંદ્રગ્રહણ હોળીના દિવસે થયું હતું. આ પછી, વર્ષ ૨૦૨૪નું પહેલું સૂર્યગ્રહણ ૮ એપ્રિલ, ૨૦૨૪, સોમવારના રોજ થવાનું છે. ધર્મ અને જ્યોતિષમાં સૂર્યગ્રહણને લગતી ઘણી માન્યતાઓ છે, પરંતુ વિજ્ઞાનમાં તેને ખગોળીય ઘટના કહેવામાં આવે છે જેના વિશે લોકો હંમેશા ઉત્સાહિત રહે છે. વર્ષનું પહેલું સૂર્યગ્રહણ ઘણી રીતે ખાસ રહેવાનું છે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર, આ સૂર્યગ્રહણ કુલ ૪ કલાક અને ૨૫ મિનિટ સુધી ચાલશે, જે ૫૦ વર્ષમાં સૌથી લાંબો સમયગાળો હશે. આ ગ્રહણ સંપૂર્ણ સૂર્યગ્રહણ હશે. જો કે આ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં, પરંતુ અમેરિકામાં સ્પષ્ટપણે જોઈ શકાશે. આ સૂર્યગ્રહણ માટે અમેરિકામાં પણ ખાસ તૈયારીઓ કરવામાં આવી રહી છે. ભારતીય સમય અનુસાર, આ સૂર્યગ્રહણ ૮ એપ્રિલે રાત્રે ૯:૧૨ વાગ્યે શરૂ થશે અને ૧:૨૫ વાગ્યે સમાપ્ત થશે. અમેરિકાના સમય અનુસાર આ ગ્રહણ બપોરે ૨:૧૫ વાગ્યે શરૂ થશે. કુલ સૂર્યગ્રહણનો કુલ સમયગાળો ૪ કલાક ૨૫ મિનિટનો રહેશે, જેમાંથી લગભગ ૮ મિનિટ સુધી સમગ્ર પૃથ્વી અંધારામાં છવાયેલી રહેશે. જો કે તે ભારતમાં દેખાશે નહીં, આ સૂર્યગ્રહણ ઘણા દેશોમાં જોઈ શકાશે પરંતુ અમેરિકાના ઉત્તરીય ભાગમાં આ સૂર્યગ્રહણ સ્પષ્ટપણે જોઈ શકાશે. ગ્રહણ દરમિયાન અમેરિકામાં પણ ખાસ સાવચેતી રાખવામાં આવી રહી છે. ૮ એપ્રિલે અમેરિકાના ઘણા રાજ્યોમાં શાળાઓ પણ બંધ રહેશે. ત્યાંના નાગરિકોને ગ્રહણ દરમિયાન ઘરમાં જ રહેવા માટે કહેવામાં આવ્યું છે જેથી તેઓ સૂર્યના હાનિકારક કિરણોથી સુરક્ષિત રહી શકે.

# ફિલ્મ 'પુષ્પા ધ રુલ'નું ધમાકેદાર પોસ્ટર રિલીઝ




મુંબઈ,
જે ફિલ્મની ચાહકો પાર્ટ ૧ રિલીઝ થયા ત્યારથી રાહ જોઈ રહ્યા હતા. તેના માટે એક ખુશીના સમાચાર સામે આવ્યા છે. ટુંક સમયમાં જ પુષ્પા-૨ ફિલ્મ રિલીઝ થશે એ પહેલા તમને જણાવી દઈએ કે, હાલમાં આ ફિલ્મનું પોસ્ટર શેર કરવામાં આવ્યું છે.મેકર્સ દ્વારા શેર કરાયેલા પોસ્ટરમાં ચારેબાજુ સિંદુર જોવા મળી રહ્યું છે. આ સિંદુરની આસ-પાસ દીવા પણ જોવા મળી રહ્યા છે તેમજ પગમાં ઝાંઝર બાંધો કોઈ ડાન્સ કરી રહ્યું છે. પુષ્પા ફિલ્મે સારી એવી કમાણી કરી હતી. આ ફિલ્મના ડાયલોગ પણ સૌને ખુબ પસંદ આવ્યા હતા. ચાહકોનું માનવું છે કે, આ પગ અલ્લુ અર્જુનના છે. આ પહેલા મેકર્સે એક પોસ્ટર શેર કર્યું હતુ. આ પોસ્ટરમાં અલ્લુ અર્જુનનો હાથ જોવા મળી રહ્યો હતો. ફિલ્મનું ટીઝર ૮ એપ્રિલના રોજ રિલીઝ થશે. તમને જણાવી દઈએ કે, મેકર્સે આ ફિલ્મની પહેલી ઝલક શેર કરવા માટે ૮ એપ્રિલનો દિવસ પસંદ કર્યો છે. કારણ કે, આ દિવસે સુપર સ્ટાર અલ્લુ અર્જુનનો જન્મદિવસ પણ છે.

# વેનેઝુએલાના રહેવાસી વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિનું ૧૧૪ વર્ષની વયે નિધન

વેનેઝુએલા,
વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિએ દુનિયાને અલવિદા કહી દીધુ છે. આ વ્યક્તિનું નામ જુઆન વિસેન્ટ પેરેઝ મોરા હતું અને તેમની ઉંમર ૧૧૪ વર્ષ હતી. જુઆન વિસેન્ટ પેરેઝ મોરા વેનેઝુએલાના રહેવાસી હતા. ફેબ્રુઆરી ૨૦૨૨ માં ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સે તેમને સૌથી વૃદ્ધ વ્યક્તિ જાહેર કર્યા હતા. તે સમયે તેમની ઉંમર ૧૧૨ વર્ષ ૨૫૩ દિવસ હતી. વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર જુઆનના મોતની જાણકારી



આપી હતી. જુઆનનો જન્મ ૨૭ મે ૧૯૦૯ના રોજ થયો હતો. તેમના ૧૧ પુત્રો, ૪૧ દોહિત્રી, ૧૮ પૌત્ર-પૌત્રીઓ અને ૧૨ ગ્રેટ-ગ્રેટ ગ્રાન્ડ ચિલ્ડ્રન છે. ગિનિસના અહેવાલ પ્રમાણે જુઆન વ્યવસાયે એક ખેડૂત હતા. તેમણે જણાવ્યું હતું કે, તેમની લાંબી ઉંમરનું રહસ્ય સખત મહેનત, સમય પર આરામ કરવો અને દરરોજ શેરડીમાંથી બનેલો એક ગ્લાસ દારૂ છે. ૫ વર્ષની ઉંમરે જ જુઆને પોતાના પિતા અને ભાઈઓ સાથે ખેતરમાં કામ કરવાનું શરૂ કરી દીધુ હતું. તેઓ શેરડી અને કોફીની ખેતીમાં મદદ તેમને કરતા હતા. ત્યારબાદ તેઓ શેરિફ (લોકલ પોલીસ અધિકારી) બન્યા અને તેમના વિસ્તારમાં જમીન સંબંધિત મુદ્દાઓ ઉકેલવા લાગ્યા.

# સલમાન મામુનું વલણ અને ઊર્જા અદ્ભુત છે : અલીઝેહ અગ્નિહોત્રી



મુંબઈ,
ફિલ્મ 'ફરે'થી બોલિવૂડમાં એન્ટ્રી કરનાર અલીઝેહ અગ્નિહોત્રી સલમાન ખાનની ભત્રીજી છે. તે સલમાનની બહેન અલવીરા ખાન-અગ્નિહોત્રી અને અભિનેતા અતુલ અગ્નિહોત્રીની મોટી પુત્રી છે. તાજેતરમાં, સલમાન ખાન અને અલીઝેહ બંનેએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર ચાહકો સાથે એક સારા સમાચાર શેર કર્યા છે. તેણે કહ્યું હતું કે ટૂંક સમયમાં જ અલીઝેહની ફિલ્મ 'ફરે'ૃ પ્લેટફોર્મ ઢીપ પર રિલીઝ થવાની છે. અલીઝેહે તેના મામા સલમાન ખાનની પ્રશંસા કરી, જેમણે તેને દરેક પગલા પર સાથ આપ્યો. અલીઝેહે કહ્યું, "સલમાન મામુનું વલણ અને તેની ઉર્જા અદ્ભુત છે. તે આટલો મોટો સ્ટાર છે. પરંતુ તે ક્યારેય પોતાને આ વાતનો અહેસાસ થવા દેતો નથી. તેને ખુદને પણ યાદ નથી કે તે દુનિયાનો સુપરસ્ટાર છે. તે હંમેશા સામાન્ય વ્યક્તિની જેમ વર્તે છે. તેની ઉર્જા જોઈને આપણે બધા દંગ રહી જઈએ છીએ. હું પણ તેની ઉર્જા સામે થાકી જાઉં છું. તે હજુ પણ નાના છોકરાની જેમ વર્તે છે. જે રીતે તે પોતાનું કામ કરે છે, માત્ર મને જ નહીં પરંતુ દરેકે તેની પાસેથી પ્રેરણા લેવી જોઈએ. અલીઝેહે વધુમાં કહ્યું, "કેટલીકવાર તમે લોકો જે કહે છે તેના કરતાં તમે જે જુઓ છો તેનાથી વધુ શીખો છો. હું પણ સલમાન મામુને જોઈને ઘણી બાબતો શીખી છું. પણ આજ સુધી હું તેની ઉર્જા મેળવી શક્યો નથી. મારે મારા કામમાં પણ એ ઉર્જા લાવવાની છે.

# ૬૩ વર્ષના પાદરીએ ૧૨ વર્ષની બાળકી સાથે લગ્ન કર્યા : પોલીસ પણ હાજર રહી

ઘાના,
ધર્મને લઈને ગમે તેટલી થિયરી આપવામાં આવે. પરંતુ તેની સાચી વ્યાખ્યા શું છે? વિદ્વાનોમાં કે બૌદ્ધિકોમાં કહેવું જોઈએ કે આ અંગે ઊંડો વિરોધાભાસ છે. આજે પણ આપણી વચ્ચે એવા ઘણા લોકો છે જેઓ પોતાના અંગત ફાયદા માટે ધર્મનો ઉપયોગ કરે છે. આ લોકો કેવી રીતે નિર્દોષ લોકોને છેતરવાનો ઢોંગ કરે છે? ઘાનામાં થયેલા લગ્નને જોઈને આ વાતનો ખ્યાલ આવી શકે છે, જેમાં ભારે વિરોધનો સામનો કરવો પડ્યો હતો અને પોલીસને બોલાવવાની સ્થિતિ પણ આવી હતી.

તમને જણાવી દઈએ કે, ઘાનાના નુગુઆમાં ૬૩ વર્ષીય પાદરી ગબોર્બુ વુલોમો નુઉમો બોરકેટે લાવેએના ઓક્રોમો નામની ૧૨ વર્ષની છોકરી સાથે લગ્ન કર્યા હોવાના અહેવાલ છે. એક મહેમાન જે આ લગ્નની તરફેણમાં હતો. કહ્યું કે, આ લગ્ન લાંબા સમયથી ચાલતા રિવાજને કારણે થયા છે. જેમાં કહેવાય છે કે પાદરીકુંવારી યુવતી સાથે લગ્ન કરશે.

તેમણે ખુલાસો કર્યો કે હાલમાં નુગુઆમાં નવ વર્ષથી વધુ ઉંમરની કોઈ કુંવારી છોકરી નથી. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે પાદરીએ છોકરીને લગ્ન માટે પસંદ કરી હતી જ્યારે તે માત્ર ૬ વર્ષની હતી. ઘાનાના પલ્સ અહેવાલ આપે છે કે છોકરી હવે શુદ્ધિકરણ પર કેન્દ્રિત અન્ય પરંપરાગત સમારોહમાં ભાગ લેશે. રિપોર્ટમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે 'એવું માનવામાં આવે છે કે આ ધાર્મિક વિધિ પછી, છોકરી ગ્બોર્બુ વુલોમોની પત્ની તરીકે તેની અપેક્ષિત જવાબદારીઓને યોગ્ય રીતે નિભાવશે. રસપ્રદ વાત એ છે કે આમાં બાળકો હોવાનો પણ સમાવેશ થાય છે. ૬૩ વર્ષના પાદરીએ ૧૨ વર્ષની છોકરી સાથે લગ્ન કર્યાના આ સમાચારે વિવાદ સર્જ્યો છે

# ભૂલ ભૂલૈયા ૩'માં માધુરી દીક્ષિતની એન્ટ્રી કન્ફર્મ, ફિલ્મમાં ભૂત બનશે ?



મુંબઇ,
કાર્તિક આર્યન તેના અપકમિંગ પ્રોજેક્ટને લઈને ચર્ચામાં રહે છે. તેના ખાતામાં ઘણી ફિલ્મો છે. મોટા મોટા ડાયરેક્ટર્સ તેની સાથે ફિલ્મ બનાવવા માંગે છે. હાલમાં જ તેને વિશાલ ભારદ્વાજની ફિલ્મ સાઈન કરી. તેમાં તે ગેંગસ્ટર હુસૈન ઉસ્તરાના રોલમાં જોવા મળવાનો છે. ફિલ્મને લઈને વધુ જાણકારી સામે આવી નથી. પરંતુ આ ફિલ્મ આવતા વર્ષે થિયેટરોમાં રિલીઝ થશે. અત્યારે તે 'ભૂલ ભુલૈયા ૩'ના શૂટિંગમાં બિઝી છે. થોડા દિવસ પહેલા ફર્સ્ટ શેડ્યુલ પૂર્ણ થયું છે. ૧ લી એપ્રિલે કાર્તિક આર્યને જર્મની વેકેશનથી પરથી પરત ફરીને કામ શરુ કર્યુ છે.

પહેલા શેડ્યુલમાં કાર્તિક આર્યનની સાથે તૃપ્તિ ડિમરી અને વિદ્યા બાલન પણ જોવા મળશે. બંને એક્ટરની સાથે મળીને ઘણાં ભાગની શૂટિંગ પૂરું કર્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ એવું જાણવા મળ્યું છે કે મુંબઈ સિવાય અન્ય ઘણી જગ્યાએ શૂટિંગ થશે. આ ફિલ્મમાં તેમની સાથે વધુ એક એક્ટ્રેસ જોડાવવાની છે, જે છે માધુરી દીક્ષિત. વિદ્યા બાલન અને કાર્તિક આર્યન મળીને 'ભૂલ ભુલૈયા ૩'માં ખૂબ ધૂમ મચાવવાના છે.

# પેપ્સિકો કંપની ભારતના મધ્યપ્રદેશમાં બીજી ઉત્પાદન સુવિધા ઉભી કરશે

## પ્લાન્ટ સ્થાપવાની તૈયારીમાં છે કંપની

મધ્યપ્રદેશ,
પેપ્સિકો કંપની ભારતમાં તેની વિસ્તરણની યોજના બનાવી રહી છે. ત્યારે તેના ભાગરૂપે મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં ફ્લેવર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સ્થાપવા માટે રૂ. ૧,૨૬૬ કરોડનું રોકાણ કરશે. કંપનીના નિવેદન અનુસાર, ૨૨ એકરમાં ફેલાયેલો આ પ્લાન્ટ ભારતમાં પેપ્સિકોના પીણા ઉત્પાદનમાં વધારો કરવા માટે સ્થાપવામાં આવી રહ્યો છે. જેનાથી વધારે રોજગારીનું સર્જન કરવામાં અને સ્થાનિક અર્થતંત્ર પર સકારાત્મક અસર કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. જેની કામગીરી થોડા સમયમાં જ શરૂ કરવામાં આવશે. એક અમેરિકન બહુરાષ્ટ્રીય ખાદ્ય, સ્નેકસ અને પીણાની કંપની છે પેપ્સીકો ભારતમાં તેનો મોટા પાયે પ્લાન્ટ સ્થાપવાની તૈયારીમાં છે. તેના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર જાગ્રત કોટેચાએ જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશ સરકારના સમર્થનથી, અમે આ પ્રદેશના સામાજિક-આર્થિક લેન્ડસ્કેપને વધારવામાં પ્રભાવશાળી પ્રગતિ કરીને અમારી પહોંચને વિસ્તારવાનું લક્ષ્ય રાખીએ છીએ. PepsiCo India સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ બેવરેજિસ જ્યોર્જ કોવૂરે જણાવ્યું હતું કે નવું યુનિટ ભારતમાં કંપનીનું બીજું ઉત્પાદન સુવિધા હશે.કંપની પાસે હાલમાં પંજાબના ચન્નો ખાતે એક (ફ્લેવર) ઉત્પાદન સુવિધા છે. અગ્રણી બેવરેજ અને ફૂડ મેન્યુફેક્ચરિંગ કંપની પેપ્સિકોએ આજે ??જણાવ્યું હતું કે તે આસામના નલબારીમાં તેનો પ્રથમ ખાદ્ય ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવા માટે રૂ. ૭૭૮ કરોડનું રોકાણ કરશે. પેપ્સિકોના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ૪૪.૨ એકરમાં ફેલાયેલા આ પ્લાન્ટને ૨૦૨૫ માં શરૂ કરવાની દરખાસ્ત છે અને તેનો ઉદ્દેશ્ય આસામના ૫૦૦ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારની તકો પૂરી પાડવાનો છે. પેપ્સિકો ઈન્ડિયાએ આસામ કૌશલ્ય વિકાસ મિશન અને રોજગાર અને કારીગરો તાલીમ નિદેશાલય સાથે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા અને ક્ષેત્રમાં મહિલાઓની રોજગાર ક્ષમતા વધારવા માટે સલામત અને સહાયક કાર્ય વાતાવરણ બનાવવા માટે ત્રિપક્ષીય એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. કંપનીનો લક્ષ?યાંક ઓછામાં ઓછો ૭૫ ટકા મહિલાઓનું પ્રતિનિધિત્વ કરવાનો છે.

# અભિજીત ભટ્ટાચાર્યએ બોલિવૂડની ટીકા કરી કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં કોઈ દેશભક્ત નથી

મુંબઇ,
અભીજીત ૯૦ના દાયકાના પ્રખ્યાત ગાયક હતા. તેણે પોતાની કારકિર્દીમાં ઘણા સુપરસ્ટાર્સ માટે ગીતો ગાયા છે. તેણે શાહરૂખ માટે ઘણા ગીતોમાં પોતાનો અવાજ આપ્યો, જે લોકોને ખૂબ પસંદ આવ્યા. સિંગિંગ સિવાય તે ઘણા સિંગિંગ રિયાલિટી શોમાં જજ તરીકે પણ જોવા મળી ચૂકી છે.

પોતાની ગાયકીથી લોકોના દિલ પર રાજ કરનાર અભિજીત ભટ્ટાચાર્ય ઘણીવાર પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં આવે છે. એક ઈન્ટરવ્યુમાં પાકિસ્તાની ગાયકોને પ્રમોટ કરવા બદલ સલમાન ખાનની ટીકા કરનાર સિંગર પોતાના નવા નિવેદનના કારણે ચર્ચામાં આવી ગયો છે. તાજેતરની વાતચીત દરમિયાન, ગાયકે કહ્યું કે બોલિવૂડમાં એક પણ અભિનેતા સાચો રાષ્ટ્રવાદી કે દેશભક્ત નથી. તેણે કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બેવડા ધોરણો છે. તે જ સમયે, તેમણે એ વાત પર પણ પ્રકાશ પાડ્યો કે એક સાચા દેશભક્ત હોવાને કારણે તેમને ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો હતો.

ગાયકે કહ્યું કે તે એક સાચો રાષ્ટ્રવાદી હોવાને કારણે તેને સહન કરવું પડ્યું. તેણે કહ્યું કે આજકાલ લોકો આવો ઢોંગ કરે છે. એક કપલ પર નિશાન સાધતા ગાયકે કહ્યું કે પતિ સોશિયલ મીડિયા પર એક વાતનો પ્રચાર કરે છે, જ્યારે તેની પત્ની, જે રાજકારણમાં સક્રિય છે, તે કંઈક બીજું કહે છે.

# મયંક યાદવે નોર્ટજે-ઉમરાનનો રેકોર્ડ તોડ્યો સિઝનનો સૌથી ઝડપી બોલ પણ ફેંક્યો

## બેંગલુરુ સામે, તેણે ૧૫૬.૭ કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંકયો



બેંગ્લુરૂ
ભારત અને લખનૌ સુપર જાયન્ટ્સનો નવો ફાસ્ટ બોલિંગ સેન્સેશન મયંક યાદવ સતત એક પછી એક રેકોર્ડ બનાવી રહ્યો છે. લખનૌની પંજાબ કિંગ્સની જીત બાદ તેણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામેની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને સતત બે મેચમાં તે પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો. જ્યારે મંગળવારે મયંકે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) સામે ચાર ઓવરમાં માત્ર ૧૪ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી, જેના કારણે તેની ટીમ ૨૮ રનથી મેચ જીતવામાં સફળ રહી હતી. જ્યારે તે પહેલા પંજાબ કિંગ્સ સામે તેણે ચાર ઓવરમાં ૨૭ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી.

આરસીબી સામેની મેચમાં મયંકે આ સિઝનનો સૌથી ઝડપી બોલ ફેંક્યો હતો. તેણે પોતાનો જ રેકોર્ડ તોડ્યો. વાસ્તવમાં પંજાબ સામેની મેચમાં મયંકે ૧૫૫.૮ કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંક્યો હતો. તે જ સમયે, બેંગલુરુ સામે, તેણે ૧૫૬.૭ કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંકીને પોતાનો રેકોર્ડ સુધાર્યો. આ સિઝનમાં આ અત્યાર સુધીનો સૌથી ઝડપી બોલ છે.

# મનોજ બાજપેયી સિનેમાને સમાજમાં પરિવર્તનનું માધ્યમ માને છે



મુંબઇ,
સિનેમાને સમાજનો દર્પણ કહેવામાં આવે છે. લોકો વારંવાર કહે છે કે ફિલ્મો સમાજનું પ્રતિબિંબ છે. અભિનેતા મનોજ બાજપેયીએ પણ તાજેતરમાં આ જ વાતનો પુનરોચ્ચાર કર્યો છે. શું સિનેમા સમાજમાં પરિવર્તન લાવી શકે છે? આ અંગે મનોજ બાજપેયીએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. મનોજ બાજપેયી કહે છે કે સિનેમાએ સમાજમાં ક્રાંતિ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તાજેતરમાં, તેની ફિલ્મ 'સાઈલેન્સ ૨' ના ટ્રેલર લોન્ચ પ્રસંગે, અભિનેતાએ જણાવ્યું હતું કે સિનેમા લોકોને કેવી રીતે અસર કરે છે? મનોજ બાજપેયી સાયલન્સ ૨માં એસીપી અવિનાશ વર્માની ભૂમિકા ભજવી રહ્યા છે. મનોજ બાજપેયી કહે છે, 'સિનેમા આપણા સમયની ઝલક રજૂ કરે છે. સિનેમા અરીસો બની શકે છે. જો કે સિનેમા કોઈ ચળવળ શરૂ કરી શકતું નથી, તે ચોક્કસપણે આંદોલનનો એક ભાગ બની શકે છે. મેં હંમેશા કહ્યું છે કે એકલી સિનેમા કંઈ કરી શકતી નથી. મનોજ બાજપેયીએ વધુમાં કહ્યું કે, 'દરેક શાસકે સિનેમા અને કલાનો ઉપયોગ કર્યો છે. સિનેમા કોઈ રસ્તો બતાવી શકતી નથી. પરંતુ, તે સમાજને ચોક્કસ અરીસો બતાવી શકે છે. અભિનેતાએ કહ્યું, 'જ્યારે અમિતાભ બચ્ચન એક ગુસ્સો યુવાન તરીકે આવ્યા ત્યારે બેરોજગારી, હતાશા અને નિરાશા હતી અને સામાન્ય માણસને ખબર ન હતી કે પોતાનો ગુસ્સો કેવી રીતે વ્યક્ત કરવો. તેણે પોતાની જાતને અમિતાભ બચ્ચનમાં જોયો અને ફિલ્મો જોતી વખતે તેણે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો અને વિચાર્યું કે આ તે જ (સામાન્ય માણસ) છે જે સિસ્ટમ અને દુનિયા સામે લડી રહ્યો છે.

# બાઈક પર જતા યુવક ઉપર હોકી વડે હુમલો કરી ૪ બુકાનીધારીઓ ૫૦ હજાર લૂંટી ગયા





તસવીર : ધર્મેન્દ્રસિંહ સોલંકી

## વલભીપુરના કલ્યાણપર ચોકડી પાસેના બનાવમાં ઈજાગ્રસ્તને સારવાર માટે ભાવનગર હોસ્પિટલ ખસેડાયો

ભાવનગર, તા.૫

ભાવનગર જિલ્લાના વલભીપુર ખાતે કલ્યાણપર ચોકડી પાસેથી બાઈક લઈને જઈ રહેલા યુવક પર ચાર બુકાનીધારીઓએ હોકી વડે હુમલો કરી ૫૦ હજારની લૂંટ ચલાવી હોવાનો યુવકે આક્ષેપ કરતા આ બનાવના પગલે ભારે ચકચાર મચી જવા પામી હતી. યુવકને સારવાર માટે ભાવનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

રવિન્દ્ર ગોબરભાઈ સાગઠીયા નામના યુવકના જણાવ્યા પ્રમાણે ગુરુવારે તે કલ્યાણપર પાસે બાઈક પર પસાર થઈ રહ્યો હતો ત્યારે બે બાઈક પર મોઢે રૂમાલ બાંધીને આવેલા ચાર શખ્સોએ ચાલુ બાઈકે જ યુવકને હોકી મારી નીચે પછાડી દીધો હતો અને ત્યાર બાદ આ તમામ શખ્સો રૂ.૫૦ હજારની રોકડ રકમ લૂંટીને ફરાર થઈ ગયા હતા. યુવકને પહેલા સારવાર માટે વલભીપુરની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા બાદ તેને વધુ સારવાર માટે ભાવનગર ખસેડવામાં આવ્યો હતો. યુવકના જણાવ્યા પ્રમાણે બાઈક પર આવેલા શખ્સોએ મોઢે બુકાની બાંધી હોવાના કારણે તેના ચહેરા જોઈ શકાયા ન હતા. આ બનાવ અંગે વલભીપુર પોલીસે જણાવ્યું હતું કે, આ બનાવ અંગે હજી સુધી કોઈ ફરિયાદ નોંધાઈ નથી.

# ઘોઘામાં કોલેરાના રોગચાળાનો અજગરી ભરડો : ઘરે ઘરે ઝાડા ઉલ્ટીના ખાટલા

## પીવાનું પાણી પ્રદુષિત હોવાની આશંકાઓ





ઘોઘા તા.૫

ઘોઘા ગામના નાગરિકોને છેલ્લા એક અઠવાઈયાથી કોલેરાના રોગચાળાએ અજગર ભરડો લીધો છે. નાનીવયના કુમળા બાળકો થી મોટી ઉંમરના લોકો આ રોગચાળાનો ભોગ બની પરેશાન થઈ રહ્યા છે. ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે છેલ્લા બે ત્રણ દિવસ થી આ ઝાડા ઉલ્ટીના રોગચાળા એ વિકરાળ સ્વરૂપ ધારણ કરેલ છે.

ઘરે ઘરે આ કોલેરાનાં કેસો જોવા મળે છે. સામુહિક આરોગ્ય કેન્દ્ર તેમજ અન્ય ખાનગી દવાખાનાઓમાં સારવાલ મેળવવા માટે દર્દીઓની લાઈનો લાગતી હોય છે. ઘોઘા સામુહિક આરોગ્ય કેન્દ્ર નાં મેડિકલ ઓફિસર ડો ચૌહાણ ના જણાવ્યા અનુસાર કોલેરાનો આ રોગચાળો ફેલાવા પાછળ પાણી પુરવઠા બોર્ડ દ્વારા ઘોઘાની જનતાને પીવા માટે આપવામાં આવતુ પાણી પ્રદુષિત હોવાનું સમજાય છે.

સામુહિક આરોગ્ય કેન્દ્ર નાં મેડિકલ ઓફિસરની વાત માં તથ્ય હોય શકે ..કેમ કે ઘોઘાનાં દશામાં મફતનગર વિસ્તાર માં છેલ્લા ઘણાંય લાંબા સમય થી ડહોળુ અને દુર્ગંધ મારતુ હોય તેવા પાણીનું પીવા માટે વિતરણ કરવામાં આવતુ હોવાની ફરીયાદો ઉઠવા પામી હતી. એક કલાક પાણી વિતરણ કરવાના સમય ગાળા દરમ્યાન અડધા સમય નું પાણી પીવાના ઉપયોગમાં તો નહી પરંતુ વાપરવાનાં કામ માં પણ ન આવે એટલુ પ્રદુષિત પાણી આપવામાં આવતુ હોવાની ફરીયાદો વ્યાપક બની હતી. તેમ છતાંય આરોગ્ય તંત્ર દ્વારા કોઈ પણ જાતની તપાસ હાથ ધરવામાં આવેલ નહતી જેના કારણે આજે કોલેરાનાં રોગચાળાએ વિકરાળ સ્વરૂપ ધારણ કરેલુ છે અને હજી પણ દિન પ્રતિદિન આ કોલેરાનાં કેસ માં વધારો થતો જોવા મળી રહ્યો છે જો કે ઘોઘા ગામ માં ઝાડા ઉલ્ટીના આટલા મોટી સંખ્યામાં કેસો હોવા છતાંય વહિવટીતંત્રની ઉંઘ ઉડતી નથી હજુપણ આરોગ્યતંત્ર દ્વારા ઝડપી કાર્યવાહી હાથ ધરવામાં નહી આવે તો સમગ્ર ઘોઘા ગામ કોલેરા ભયગ્રસ્ત જાહેર કરવુ પડશે જ ..તેમાં કોઈ શંકા ને સ્થાન નથી ત્યારે જીલ્લા આરોગ્યતંત્ર સત્વરે જાગૃતિ દાખવે ..અને પાણી પુરવઠા બોર્ડ દ્વારા ઘોઘાના નાગરિકોને પીવા માટે આપવામાં આવતુ પાણી પીવાલાયક છે કે કેમ .? તેની લેબોરેટરી માં તપાસ કરાવે અને ઘોઘાના કોલેરા ગ્રસ્ત નાગરિકો ને યોગ્ય પુરતી સારવાર મળી રહે અને નાગરીકોને પીવા માટે શુદ્ધ પાણી નું વિતરણ કરવામાં આવે અને રોગચીળાને વધુ વકરતો અટકાવવામાં આવે તેમ ઝડપી કાર્યવાહી કરવામાં આવે તેમ વ્યાપક માંગણીઓ ઉઠવા પામેલ છે.

# પાલીતાણામાં જૈનોમાં પ્રથમ તિર્થંકર પ્રભુ અદિનાથના જન્મ તથા દિક્ષા કલ્યાણકની ઉજવણી

ભાવનગર, તા.૫

પાલીતાણામાં જૈનોના પ્રથમ તિર્થંકર પ્રભુ આદેશ્વર દાદાનાં જન્મ તથા દિક્ષા કલ્યાક પ્રસંગે સલોત જગજીવન ફુલચંદ જૈન ઘર્મશાળા તથા નંદપ્રભા થી તળેટી રોડ ઉપર આવેલ રામચંદસુરીશ્વરજી મહારાજ આરાઘના ભવનથી ચતુર્વિધ સંઘની હાજરીમાં ભવ્ય રથયાત્રા-શોભાયાત્રા નીકળેલ જેમાં શેત્રુંજય કલ્યાણક રથ, ૮-૮ દિક્ષાર્થીઓની બગી, પૂ રામચંદપુરી મહારાજાનાં દર્શનની બગી, બેન્ડો વગેરે હતા.

આ દિવસે શેત્રુંજય ગિરિરાજ ઉપર બિરાજમાન મુળનાયક તથા અન્ય પ્રભુજીને ૧૮ અભિષેક કરવામાં આવેલ ત્યાર પછી તળેટી રોડ ઉપર આવેલ મહારાષ્ટ ભવનમાં નિલેષ રાણાવતની હાજરીમાં સામુહિક સ્નાત્ર મહોત્સવ કરેલ. બપોરે સાધર્મિક ભક્તિ થતા નંદપ્રભામાં પ્રવચન યોજાયેલ.

બાળકોની યુવા સંસ્કરણ સિધ્ધગિરિ નવાનુ યાત્રા ૧૫ એપ્રીલનાં રોજ શરૂ થશે. તો યાત્રામાં આવનાર બાળકો/વાલીઓએ સલોત જગજીવન ફુલચંદ્ર જૈન ઘર્મશાળા (ભાવનગર)

# ભર ઉનાળે ગઢડાનો રમાઘાટ ડેમ સૌની યોજનાના પાણીથી છલકાયો

## પાણી માટે ખેડૂતોએ કરેલી રજૂઆત અને આંદોલનને મળેલી સફળતા



ગઢડા,તા.૫

ગઢડા શહેરમાં આવેલ રમાઘાટ ડેમમાં સૌની યોજના અંતર્ગત પાણી છોડવામાં આવતા રમાઘાટ ડેમ છલકાયો છે. જેથી ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. અને ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે.

બોટાદ જિલ્લાના ગઢડા શહેરમાં આવેલ રમાઘાટ ડેમ, ગઢડા શહેર સહિત માંડવધાર, રામપરા, કેરાળા,તેમજ ડેમ નિચેના અડતાળા, પીપળ, લાખણકા, તતાણા સહિતના દસેક ગામોનો જીવાદોરી સમાન ડેમ છે. રમાઘાટ ડેમમાં સૌની યોજના અંતર્ગત પાણી છોડવામાં આવતા ગઢડા શહેર તેમજ ડેમની નીચેના દસેક ગામોને સિંચાઈ અને પીવાના પાણીનો ફાયદો થશે.

ગઢડા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોએ અગાઉ સિંચાઈના પાણી માટે રજૂઆત અને આંદોલન તેમજ ચૂંટણી બહિષ્કારની ચિમકી પણ ઉચ્ચારી હતી. ત્યારે સૌની યોજના અંતર્ગત રમાઘાટ ડેમમાં પાણી છોડવામાં આવતા ભર ઉનાળે રમાઘાટ ડેમ છલકાતા ચોમાસા જેવો માહોલ સર્જાયો છે અને શહેરીજનો તેમજ ખેડૂતોમાં આનંદ છવાયો હોવાનુ ખેડૂતોએ જણાવ્યું હતું. ખેડૂતોની રજૂઆતને સફળતા મળી હતી.

# મારી સામે કેમ કાતર માર છો કહી નવાપરાના યુવકને શખ્સે આપી ધમકી

ભાવનગર,તા.૫

શહેરના નવાપરા, અરમાન એપાર્ટમેન્ટની સામેના ખાંચામાં રહેતા અસ્લમભાઈ યુસુફભાઈ સૈયદ (ઉ.વ.૨૭) ગત તા.૧-૪ના રોજ સાંજના સમયે પ્રભુદાસ તળાવ, અલીફ પ્લાઝા ફ્લેટમાં રહેતા તેમના શેઠ ઝાબીરભાઈ શબ્બીરભાઈ ફતાણીના ફ્લેટના પાર્કિંગમાં બેઠા હતા. ત્યારે તુફેલ અહેમદભાઈ અરબીયાણીનો ભાઈ મહંમદસફી અહેમદ અરબીયાણી (રહે,જમનાકુંડ, કેજીએન મસ્જિદના આગળના ખાંચામા) રોઝુ છોડવા આવ્યો ત્યારે નજીકમાં ગાડી ઉભી રાખી તું કેમ મારી સામે કાતર મારે છે ? તેમ કહીં ગાળો દઈ તારા શેઠની જેમ તને મારીશ તેમ કહીં જાનથી મારી નાંખવા ધમકી આપી હતી. જે બનાવ અંગે યુવાને મહમદસફી અરબીયાણી નામના શખ્સ સામે ઘોઘારોડ પોલીસમાં ફરીયાદ નોધાવી હતી.

# PNR દ્વારા આવતીકાલે ફિઝીયોથેરાપી તપાસ કેમ્પ

ભાવનગર, તા.૫

પી.એન.આર.સોસાયટી ભાવનગર દ્વારા સામાન્ય વ્યક્તિઓ માટે રાહત દરે ફિઝિયોથેરાપી કેમ્પ તા.૬ને શનિવારના રોજ નટરાજ કોલેજ કેમ્પસ, કાળિયાબીડ, ભાવનગર ખાતે સવારે ૧૦ થી ૨ સુધી રાખેલ છે. જેમાં ફ્રોજન શોલ્ડર, કમર તથા હાથ-પગના સાંધાના દુખાવા, ફ્રેક્ચર/સાંધા બદલ્યા પછીની સારવાર, લીગામેંટની ઈજાની સારવાર, પેરાલિસિસ અથવા બ્રેઈન સ્ટ્રોકની સારવાર, સેરેબ્રલ પાલ્સી(બાળકો તથા યુવાનો), ફેસિયલ પાલ્સી(ફક્ત મોઢાનો લકવા), પાર્કિંસન રોગમાં હલનચલનની સારવાર, અર્બ્સ પાલ્સી(ફક્ત હાથના હલનચલનની મૂશ્કેલી, સાયટીકા અથવા નસ દબાણથી થતાં દુખાવા અંગે ડો.નિમેશભાઈ દવે (ઓર્થોપેડિક સર્જન), ડૉ.દ્રષ્ટિબેન ભટ્ટ (MPT), ડૉ. કૂનાલભાઈ મિસ્ત્રિ (MPT), ડૉ વિધિબેન વકાણી (BPT), ડૉ.આયુષીબેન ત્રિવેદી (BPT) દ્વારા તપાસ, સારવાર તથા માર્ગદર્શન આપવામાં આવશે. રસ ધરાવતા વ્યક્તિઓએ રૂબરૂમાં સ્થળ પર અથવા નં. ૯૪૨૭૪૨૩૭૫૭ ઉપર સંપર્ક સાધવો.

# ચેમ્બરના મેનેજમેન્ટ કમિટીની આજે સાજના મિટીંગ

સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મેનેજીંગ કમિટીની મીટીંગ આજે ૫ ને મંગળવારનાં રોજ સાંજે ૬ કલાકે ચેમ્બર સભા હોલ ખાતે નિયત એજન્ડા પર ચર્ચા-વિચારણા માટે મળશે. આથી ચેમ્બરની મેનેજીંગ કમિટીનાં દરેક સભ્યોને આ મીટીંગમાં અચૂક ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવેલ છે.

# રાણપુરમાં વિવાદાસ્પદ લગ્ન અટકાવવા વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા રજૂઆત

## પી.આઈ મામલતદારથી લઈ ગૃહ વિભાગ સુધી લગ્ન અટકાવવા માટે આવેદનપત્ર અપાયુ



રાણપુર, તા.૫

બોટાદ જીલ્લાના રાણપુરમાં આગામી રામ નવમીના પર્વ ઉપર હિન્દુ યુવતી અને મુસ્લીમ યુવકના લગ્નની ચર્ચાથી હિન્દુ સમાજમાં રોષ જોવા મળ્યો છે. ત્યારે આ ઘટનાને અટકાવવા માટે વિશ્વ હિન્દુ પરીષદ અને હિન્દુ સમાજ દ્વારા રાણપુર પીઆઈ, મામલતદાર, ધારાસભ્ય, ક્લેક્ટરથી લઈ ગૃહ વિભાગ સુધી આમની વિરૂદ્ધ કાયદાકીય પગલા લેવામાં માટે રજૂઆત કરવામાં આવી છે. આ લવ જેહાદની ઘટનાને અટકાવવા માટે રાણપુર વિશ્વ હિન્દુ પરિષદ અને રાણપુર હિન્દુ સમાજ દ્વારા પીઆઈ અને માલલતદારને રજૂઆત કરવામાં આવી હતી કે બોટાદ જિલ્લાના રાણપુર ખાતે રહેતો મુસ્લિમ યુવક અને રાણપુરની જ હિન્દુ યુવતીના બિનકાયદેસર રીતે આગામી તા.૧૭ અને ૧૮ એપ્રિલના રોજ લગ્ન યોજાનાર છે. જેમાં લવ જેહાદ અને ધર્માતર ધારો લાગુ પડે છે. તેમજ હિન્દુ-મુસ્લિમ લગ્નમાં કલેક્ટરની મંજુરી લેવી ફરજીયાત છે. જે આ થનાર લગ્નમાં લેવામાં આવી નથી. અને એકબીજાએ ધર્મ પરિવર્તન કર્યુ નથી. જેથી આ બિનકાયદેસર થતાં લગ્ન અટકાવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી. રાણપુર વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ રાજુભાઈ દ્વારા જણાવવામાં આવ્યું હતુ કે વેહલામાં વેહલી તકે આની ઉપર કાર્યવાહી કરવામાં આવે. રાણપુરમાં બીજો કોઈ અણબનાવ ન બને તેને લઈને સરકાર તેમજ તંત્ર પાસે માંગણી કરી છે. ધર્મ પરિવર્તન કર્યા વગર આવા લગ્ન મંજુર ના ગણાય તેમજ હિન્દુ સમાજ માટે આવી દુઃખદ ઘટના કહેવાય. આમ વિશ્વ હિન્દુ પરીષદ અને હિન્દુ સમાજે લગ્ન બંધ રાખવા રજૂઆત કરી હતી.

ભાવનગરમાં સતત નવુ આપવાની નેમ સાથે

# વિદ્યાથીઓમાં વ્યવસાયીક પ્રેકટીકલ જ્ઞાન આપવા જ્ઞાનગુરુમાં યોજાયો - 'ફૂડ ટેસ્ટીવલ'

## ૫૦ જેટલા ફૂડસ્ટોલ, ૨૨૫ કરતા વધુ સ્વાદિષ્ટ વાનગીઓનું સેલીંગ થયુ, ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ વેપાર કર્યો

ભાવનગર, તા.૫

તા.૩૦ ને શનિવરની સાંજે શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠનું પટાંગણ વિવિધ નીતનવીન વાનગીઓની સોડમથી મધમધી ઉઠયું હતું. શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠ, જ્ઞાનગુરુ વિદ્યાપીઠ અને ધ ગ્લોબલ ઈંગ્લીશ સ્કૂલના સંયુક્ત આયોજન રૂપે સ્કૂલમાં "ફૂડ ટેસ્ટીવલ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું. આ આયોજનમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીએ ભાગ લીધો હતો.

આ ફૂડ ટેસ્ટીવલમાં કુલ - ૫૦ ફૂટ સ્ટોલ અને ગેઈમ સ્ટોલ હતા. ધોરણ-૫ થી ૧૧ના વિદ્યાર્થીઓએ રસ તરબોળ કરનાર ભાત-ભાતની વાનગીઓ બનાવી હતી. વિદ્યાર્થીઓએ પોતાના સ્ટોલને ખૂબ સરસ ડેકોરેટ કર્યા હતા, તો પોતે પણ "માસ્ટર શેફ" કોમ્પિટીશનમાં ભાગ લેવા જતા હોય એમ સરસ ડ્રેસિંગ પણ કર્યું હતું. દરેક સ્ટોલ પર લગભગ ૪ થી ૫ વિદ્યાર્થીઓના ગ્રુપમાં બાળકોએ જાતે તૈયાર કરેલ વાનગીઓનો રસથાળ પીરસ્યો હતો. આ સાથે બાળકોના વાલીઓ પણ બાળકોને મદદ કરવા ઉત્સાહ પૂર્વક જોડાયા હતા. સાંજે ૬:૩૦ વાગ્યે શાળાના મેનેજીંગ ડીરેક્ટર મનહરભાઈ રાઠોડ અને મિત્તલબેન રાઠોડ તેમજ ફૂડ ટેસ્ટીવલમાં જજ શિનમબેન બંસલ દ્વારા આમંત્રીત મહેમાનો, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓની વચ્ચે ફૂડ ટેસ્ટીવલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

સમગ્ર આયોજનમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અલગ-અલગ ત્રણ વિભાગ (૧) બેસ્ટ સ્ટોલ ડેકોરેશન, (૨) બેસ્ટ ડ્રેસિંગ અને (૩) બેસ્ટ ફૂડમાં ઈનામો જાહેર કરવામાં આવ્યા. ભાવનગરની લગભગ ૪૦૦૦થી વધુ સ્વાદપ્રેમી જનતાએ આ સાંજે બાળકો દ્વારા બનાવેલ વિવિધ વાનગીઓનો સ્વાદ માણી અભૂતપૂર્વ સહકાર અને પ્રોત્સાહન આપ્યું. વિદ્યાર્થીઓને પોતાની જાત મહેનતથી કમાણી કેમ કરાય, સેલ્સમેન શીપ, માર્કેટીગ, હિસાબી પ્રવૃત્તિ અને આત્મનિર્ભરતાના ગુણ કેળવવા મળ્યા. દરેક સ્ટોલ પર બાળકોએ ૨૦૦૦ થી લઈ ૧૦૦૦૦ સુધીનો નફો પણ મેળવ્યો. જે વાલીઓ કોઈ-કોઈ યુટીલીટી પ્રોડકટ ઘરેથી વહેંચતા હોય એવા ઘણા વાલીઓ પણ સ્ટોલ રાખી બાળકો સાથે જોડાયા હતા.

રાત્રે ૧૦:૩૦ વાગ્યે જયારે ઈનામોની જાહેરાત કરાઈ ત્યારે ચિક્કાર મેદની વચ્ચે બાળકોએ અનેરી સફળતાનો આનંદ અનુભવ્યો.

આ સમગ્ર કાર્યક્રમમાં જજ તરીકે સિનમબેન બંસલે પોતાની સેવા આપી હતી. સ્કૂલના મેનેજીંગ ડીરેકટર મનહરભાઈ રાઠોડ અને મિત્તલબેન રાઠોડનું સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં અતિમહત્વનું રહ્યું. બન્ને સંસ્થાના કેમ્પસ ડીરેકટર કૃણાલભાઈ અને ભગીરથસિંહ ઈવેન્ટ હેડ યાજ્ઞિકભાઈ અને બધા વિભાગના પ્રિન્સિપાલ અને શિક્ષકોએ અવિરત સહકાર આપી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સોમવારે ખગ્રાસ સૂર્યગ્રહણનો અદ્દભુત અવકાશી નજારોઃ ભારતમાં દેખાશે નહિ

## સોમવારે વિશ્વમાં રોમાંચકારી અવકાશી ખગોળીય ઘટના, સૂર્યગ્રહણ નરી આંખે જોવું નુકશાનકારક





અમદાવાદ,તા.૫

દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં સોમવાર તા. ૮ મી એપ્રિલે અમુક દેશો–પ્રદેશોમાં ખગ્રાસ અને ખંડગ્રાસ ગ્રહણનો અદ્દભુત અવકાશી નજારો જોવા મળવાનો છે. આ ગ્રહણની અવધિ ૫ કલાક ને ૧૦ મિનિટની છે જે ઉત્તર–મધ્ય અમેરિકા, મેક્તિસકો, પૂર્વ કેનેડામાં અદ્દભુત દેખાવાનું છે. વૈજ્ઞાનિકોએ સંશોધનો માટે પોતાના સ્થળની પસંદગી કરી લીધી છે. સૂર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમી છે. ભારતમાં આ ગ્રહણ જોવા મળશે નહિ ત્યારે રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથા ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપશે.

સંવત ૨૦૮૦ ફાગણ કૃષ્ણ પક્ષ ને અમાસ તા. ૮ એપ્રિલ, ૨૦૨૪, સોમવાર મીન રાશિ રેવતી નક્ષત્રમાં થનારૂં ખગ્રાસ અને ખંડગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું નથી. જયારે સૂર્યગ્રહણ ઉત્તર–મધ્ય અમેરિકા, પૂર્વ કેનેડામાં અલૌકિક જોવા મળવાનું છે. આ ઉપરાંત ગ્રહણ, ઉત્તર–દક્ષિણ પેસિફિક મહાસાગર, લેબ્રેડર સમુદ્ર, ગ્રીનલેન્ડ સમુદ્ર, આઈસલેન્ડ સમુદ્ર, નોર્વેજીત સમુદ્ર, કેનરીઅસ સમુદ્ર વગેરે વિસ્તારોમાં જોવા મળવાનું છે.

ભૂમંડલે ભારતીય સમય મુજબ ગ્રહણ સ્પર્શ : ૨૧ કલાક ૧૨ મિનિટ ૧૦ સેકન્ડ, ગ્રહણ સંમીલન : ૨૨ કલાક ૦૮ મિનિટ ૪૭ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૨૩ કલાક ૪૭ મિનિટ ૧૬ સેકન્ડ, ગ્રહણ ઉન્મીલન : ૨૫ કલાક ૨૫ મિનિટ ૩૨ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૨૬ કલાક ૨૨ મિનિટ ૧૪ સેકન્ડ, આ ગ્રહણનું ગ્રાસમાન : ૧.૦૫૭ રહેશે. ગ્રહણની અવધિ ૦૫ કલાક ૧૦ મિનિટની છે. ખગ્રાસ ગ્રહણ ૦૪ મિનિટ ૨૮ સેકન્ડ સ્થિરતા રહેશે.

આ ગ્રહણ પૃથ્વી ઉપર ૦૫ કલાક ૧૦ મિનિટ જોવા મળવાનું છે તેમાં પૂર્વ કેનેડામાં ૦૪ મિનિટ ૨૮ સેકન્ડ સુધી ખગ્રાસ અવસ્થા અતિ દુર્લભ જોવા મળવાનું છે. માનવી માટે જીજ્ઞાસા સાથે સંશોધનનો શ્રેષ્ઠ સમય છે ત્યારે પશુ–પંખી માટે વિચલિત થઈ જાય તેવી અવસ્થા સાબિત થશે. તેમને એકાએક અંધકાર, પ્રકાશનું ગાયબ થઈ જવું કુતુહુલ સાબિત થવાનું છે. ભારતમાં ખગ્રાસ કે ખંડગ્રાસ સૂર્યગ્રહણ જોવા મળવાનું નથી. વિશ્વના અમુક દેશ–પ્રદેશોમાં આશરે ૦૫ કલાક ૧૦ મિનિટ સુધી ગ્રહણનો અવકાશી નજારો આબેહુબ જોવા મળવાનો છે. આ ગ્રહણ અદ્દભુત–અલૌકિક છે. જીંદગીનો યાદગાર પ્રસંગ છે. માનવ જાતે વિજ્ઞાન ઉપકરણથી જોવાલાયક નજારો છે. વિશ્વના વૈજ્ઞાનિકોએ પોતાની જગ્યા નિયત કરી વ્યવસ્થા આરંભી દીધી છે. વિશ્વના વૈજ્ઞાનિકો અદ્યતન સાધનોથી લોકકલ્યણકારી સંશોધનો કરશે. ગ્રહણની અસરો, પશુ–પંખી–પક્ષી અને તેની ગતિવિધિ સાથે સાર્વત્રિક અભ્યાસ કરશે. વિશ્વ આખું તા. ૮ મી એપ્રિલે ટી.વી. માં ગ્રહણ સંબંધી વિસ્તૃત માહિતી આપશે.

# તળાજાના બે શખ્સ બાઈક ચોરીમાં ઝડપાયા

તળાજા,તા.૫

તળાજા શહેરમાં એસ.ટી.સ્ટેન્ડ અને બાપા ચોકમાં આવેલા શોપીંગ સેન્ટરમાંથી બે બાઈક ચોર્યાની ઘટના સામે આવતા બસ સ્ટેન્ડમાંથી થયેલી બાઈકની ચોરી અંગે સતાવાર રીતે પોલીસ ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી. જયારે અન્ય એક બાઈકચોરી અંગે સીસીટીવી ફુટેજના વીડિયો વાયરલ કરવામાં આવતા પોલીસે હરકતમાં આવી બાઈકચારીમાં સંડોવાયેલા વિજય ઉર્ફે જીરાફ ભયલુંભાઈ વાઘેલા (ઉ.વ.૨૨) અને જશુ વલ્લભભાઈ મકવાણા (ઉ.વ.૩૭,રહે બન્ને દિનદયાળ નગર,તળાજા)ને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અનુ.પાના ૮નું શરૂ...

## કોર્પોરેશનમાં દંડ ભરી

અને સમર્થન મેળવા ફ્રુટ માર્કેટમાં યુનિયનના આગેવાને પરાણે દુકાનો બંધ કરાવી હતી. પરંતુ તંત્ર ટોળાશાહી સામે ઝુક્યુ ન હતું. અને લારી છોડાવી હોય તો દંડ ભરવો જ પડશે તેમ સાફ જણાવી દીધુ હતું. આથી બપોરબાદ સાંજ સુધીમાં ૬૦ હજાર દંડ ભરી ૬૦ લારીઓ છોડાવાઈ હતી જયારે આજ સવારથી વધુ લારી ધારકો દંડ ભરવા અને લારી છોડાવવા કોર્પોરેશન પહોચ્યા હતા. આમ તંત્રના મક્કમ નિર્ધાર અને કડક પગલા સામે ટોળાશાહી નો ગજ વાગ્યો ન હતો.


PNR HOPE 4 HANDICAPPED

**પી.એન.આર. હોસ્પિટલ**

અંધશાળા કેમ્પસ, કમિશ્નરના બંગલા સામે, વિદ્યાનગર, ભાવનગર.
ફોન નં. ૦૨૭૮-૨૪૩૧૧૫૦ Follow us @PNRSOCIETY

**જોઈએ છે**

• નર્સિંગ સ્ટાફ (ANM/GNM) (લેડીઝ/જેન્ટસ)
• આયાબહેન • હેલ્થકેર એટેન્ડેન્ટ (લેડીઝ/જેન્ટસ)

ઉમેદવારને આકર્ષક પગાર યોગ્યતા મુજબ.
દિવસ-૫ માં અરજી સર્ટીફીકેટ-આધાર કાર્ડ ઝેરોક્ષ સાથે
સમય ૧૦ થી ૫ ઓફીસમાં રૂબરૂ આપી જવી.

VIVEK

# અબુ ધાબીના હિન્દુ મંદિરની ૧ મહિનામાં ૩ લાખથી વધુ ભક્તોએ લીધી મુલાકાત



અબુધાબી,

અબુધાબીમાં બનેલા હિન્દુ મંદિરે રેકોર્ડ કર્યો છે. અબુધાબીના હિન્દુ મંદિર ભક્તો માટે ખુલ્લા મૂકાયાના ૧ મહિનાની અંદર ૩.૫ લાખ જેટલા ભક્તો મુલાકાત લઈ ચૂકયા છે. સપ્તાહના અંતમાં મંદિરમાં મુલાકાતીઓનો વધુ ધસારો હોય છે. દર શનિવાર અને રવિવારે અંદાજે ૫૦ હજાર જેટલા લોકો આ હિન્દુ મંદિરની મુલાકાત લેતા હોય છે. જો કે સોમવારે સામાન્ય લોકો માટે મંદિર બંધ રાખવામાં આવે છે.

નોંધનીય છે કે આ મંદિરનું ઉદ્ઘાટન ૧૪ ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. પીએમ મોદીએ આ મંદિરના નિર્માણ માટે યુએઈના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાનનો પણ આભાર માન્યો હતો. અબુ ધાબીમાં આ પ્રકારનું પ્રથમ હિન્દુ મંદિર છે. હિન્દુ મંદિરમાં ગંગા અને યુમાના પવિત્ર જળમાંથી ગંગા આરતી કરવામાં આવે છે. મંદિરના સંભાળ રાખનારાઓનું કહેવું છે કે મંગળવારથી રવિવાર સુધી દરરોજ સાંજે ૭.૩૦ વાગ્યે સ્વામિનારાયણ ઘાટ પર આ ગંગા આરતી કરવામાં આવે છે. આ મંદિર સોમવાર સિવાય તમામ દિવસોમાં સવારે ૯ થી રાત્રે ૮ વાગ્યા સુધી ખુલ્લું રહે છે. મંદિરની મુલાકાત લેનારા ઘણા ભક્તો પણ મંદિરનું સ્થાપત્ય અને વાસ્તુકલા જોઈને સ્તબ્ધ થયા હતા.

અબુધાબીના આ હિન્દુ મંદિરનું નિર્માણ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા દુબઈ-અબુધાબી શેખ જાયદ હાઈવે પર અલ રહેબા પાસે ૨૭ એકરમાં આશરે રૂ. ૭૦૦ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે.

# પુરુષોમાં ઝડપથી ઘટી રહ્યા છે સ્પર્મ કાઉન્ટ : પ્રજનન દર ઘટ્યો

નવીદિલ્હી,

સમગ્ર વિશ્વમાં વિવિધ કારણોસર પુષોમાં શુક્રાણુઓની સંખ્યા સતત ઘટી રહી છે. હ્યુમન રિપ્રોડકશન અપડેટ જર્નલમાં પ્રકાશિત એક રિપોર્ટ અનુસાર, છેલ્લા કેટલાક વર્ષોમાં પુષોના સ્પર્મ કાઉન્ટમાં જબરદસ્ત ઘટાડો થયો છે.હ્યુમન રિપ્રોડકશન અપડેટ જર્નલમાં ગયા અઠવાડિયે પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ૧૯૭૩ અને ૨૦૧૮ વચ્ચે સરેરાશ શુક્રાણુઓની સંખ્યામાં અડધાથી વધુનો ઘટાડો થયો છે.

સંશોધનમાં એ પણ બહાર આવ્યું છે કે સરેરાશ માનવ શુક્રાણુઓની સંખ્યામાં ૫૧.૬ ટકાનો ઘટાડો થયો છે.આ અભ્યાસ ૫૩ દેશોના ૫૭,૦૦૦ પુષો પર કરવામાં આવ્યો હતો. યારે કુલ શુક્રાણુઓની સંખ્યામાં ૬૨.૩ ટકાનો ઘટાડો થયો છે.સંશોધનકારોએ ૧૯૭૩ અને ૨૦૧૮ વચ્ચે પ્રકાશિત થયેલા ૨૨૩ પેપરનું વિશ્લેષણ કર્યા પછી જર્નલમાં આ અભ્યાસ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.



# ગેંગરેપ પીડિતાને કપડા ઉતારવાનું કહેનાર મેજિસ્ટ્રેટ સામે કેસ નોંધાયો

જયપુર,

રાજસ્થાનમાં એક ન્યાયિક મેજિસ્ટ્રેટ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે કારણ કે તેણે કથિત રીતે ગેંગરેપ પીડિતાને તેની ઈજાઓ બતાવવા માટે તેના કપડાં ઉતારવા કહ્યું હતું, બાર અને બેંચે અહેવાલ આપ્યો હતો.આ ઘટના ૩૦ માર્ચે બની હતી, જ્યારે પીડિતા એક કેસમાં તેનું નિવેદન નોંધવા ગઈ હતી, એમ એફઆઈઆરમાં જણાવાયું હતું. રાજસ્થાન હાઈકોર્ટ, જયપુરના વિજિલન્સ રજિસ્ટ્રાર અજય ચૌધરી હિંડૌન સિટી પહોંચ્યા અને મેજિસ્ટ્રેટની બંધ રૂમમાં ત્રણ કલાક સુધી પૂછપરછ કરી. તેમજ વકીલોને જજના વર્તન વિશે પૂછ્યું.

રાજસ્થાનના કરૌલી જિલ્લાના હિંડૌન શહેરમાં ગેંગરેપ પીડિતાને કપડાં ઉતારવા માટે કહેનારા જજની મુશ્કેલીઓમાં વધારો થયો છે. ગેંગરેપ પીડિતાને કપડાં ઉતારવાનું કહેનાર હિંડૌન શહેરના ન્યાયિક મેજિસ્ટ્રેટ રવિન્દ્ર કુમાર વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૪૫ (ખોટી રીતે કેદ) અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની સંબંધિત જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, ગેંગ રેપ પીડિતાએ ૧૯ માર્ચે પોલીસ સ્ટેશનમાં જજ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# કંગાળ પાકિસ્તાનમાં વધુ ૧ કરોડ લોકો ગરીબી રેખા નીચે જવાનો વર્લ્ડ બેંકે વ્યક્ત કર્યો ભય

ઈસ્લામાબાદ,

વિશ્વ બેંકે ચેતવણી આપી હતી કે, વધતા જતા પરિવહન ખર્ચ તેમજ જીવનનિર્વાહના વધતા ખર્ચને કારણે શાળા બહાર બાળકોની સંખ્યામાં વધારો થવાની સંભાવના છે. આ ઉપરાંત આનાથી જે પરિવારો ગમે તે રીતે કરીને જીવી રહ્યા છે, તેમની બીમારીના કિસ્સામાં સારવારમાં વિલંબ થઈ શકે છે.

વિશ્વ બેંકે કહ્યું છે કે, આગામી નાણાકીય વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ જબરદસ્ત રહેશે. તે જ સમયે ભારતના પાડોશી દેશ પાકિસ્તાનની આર્થિક સ્થિતિએ તેની ચિંતા વધારી દીધી છે. વર્લ્ડ બેંકને આશંકા છે કે પાકિસ્તાનમાં ગરીબી આગામી દિવસોમાં બળવો સર્જી શકે છે. અહીં એક કરોડથી વધુ વસ્તી ગરીબી રેખા નીચે જઈ શકે છે.



વર્લ્ડ બેંકે કહ્યું છે કે પાકિસ્તાનની આર્થિક સ્થિતિ ખરાબ થઈ રહી છે. તેમણે દેશના રોકડ સંકટ અંગે ચેતવણી આપી છે. તેમજ પહેલાથી જ મોંઘવારી સામે ઝઝૂમી રહેલા દેશમાં એક કરોડથી વધુ લોકો ગરીબી રેખા નીચે જવાની દહેશત વ્યક્ત કરી છે.

વિશ્વ બેંકના અનુમાન મુજબ પાકિસ્તાન ૧.૮ ટકાના ધીમા આર્થિક વિકાસ દરે વૃદ્ધિ કરી રહ્યું છે, જ્યારે મોંઘવારીનું સ્તર આના કરતા ઘણું વધારે છે. વર્તમાન નાણાકીય વર્ષમાં પાકિસ્તાનમાં મોંઘવારી દર ૨૬ ટકા પર પહોંચી ગયો છે. વિશ્વ બેંકે પાકિસ્તાનના વિકાસના અંદાજ પર તેનો અર્ધવાર્ષિક અહેવાલ જાહેર કર્યો છે.

વર્લ્ડ બેંકનું કહેવું છે કે, પાકિસ્તાન તેના પ્રાથમિક બજેટના લક્ષ્યાંકથી ઓછું પડી શકે છે. તે સતત ત્રણ વર્ષ સુધી ખોટમાં રહી શકે છે. આ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ની શરતોની વિરુદ્ધ છે. પાકિસ્તાનને ભંડોળ પૂરું પાડવાના બદલામાં IMFએ તેની આવક વધારવા અને સરપ્લસ બજેટનું લક્ષ્ય હાંસલ કરવાની ફરજિયાત શરત મૂકી છે.

# કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ વલ્લભ પક્ષ છોડી ભાજપમાં

## ઉદયપુર ઉપરાંત તેઓ ઝારખંડના જમશેદપુરથી પણ ચૂંટણી લડી ચૂક્યા છે પરંતુ હારી ગયા હતા

નવીદિલ્હી,

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ વલ્લભ ગુરુવારે પાર્ટીમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતા. તેમણે સવારે જ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પત્ર લખીને રાજીનામું આપી દીધું હતું. ગૌરવે ખડગેને કહ્યું હતું કે તે સવાર-સાંજ ન તો સનાતન વિરોધી સૂત્રોચ્ચાર કરી શકે અને ન તો દેશના વેલ્થ ક્રિએટર્સને ગાળો શકે. આ કારણોસર તેઓ પાર્ટીમાંથી રાજીનામું આપી રહ્યા છે. રાજસ્થાન વિધાનસભા ચૂંટણી ૨૦૨૩માં કોંગ્રેસે ઉદયપુર બેઠક પરથી ગૌરવ વલ્લભને મેદાનમાં ઉતાર્યા હતા. પરંતુ તેઓ ભાજપના તારાચંદ જૈન સામે ૩૨ હજારથી વધુ મતોથી હારી ગયા હતા. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પત્ર લખીને ગૌરવે કહ્યું, 'હું છેલ્લા કેટલાક દિવસોથી પાર્ટીના સ્ટેન્ડથી સારું નથી અનુભવી રહ્યો. જ્યારે હું કોંગ્રેસ પાર્ટીમાં જોડાયો ત્યારે હું માનતો હતો કે કોંગ્રેસ દેશની સૌથી જૂની પાર્ટી છે. ત્યાં દરેકના વિચારોનું સન્માન કરવામાં આવે છે, પરંતુ એવું નથી. પાર્ટીનું ગ્રાઉન્ડ લેવલનું જોડાણ સંપૂર્ણપણે તૂટી ગયું છે, જે નવા ભારતની આકાંક્ષાને બિલકુલ સમજી શકતું નથી.

# રશિયા- યુક્રેન યુદ્ધ વચ્ચે યુક્રેને લશ્કરી ભરતીની ઉંમર ૨૭થી ઘટાડીને ૨૫ કરી

મોસ્કો,

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધને બે વર્ષથી વધુનો સમય થઇ ગયો છે. જે પછી સેનામાં તેની ઘટેલી રેક્રને ફરીથી ભરવા માટે યુક્રેન મોટો નિર્ણય લીધો છે. યુક્રેને લશ્કરી ભરતીની ઉંમર ૨૭થી ઘટાડીને ૨૫ કરી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ આ નિર્ણય પર કરેલા હસ્તાક્ષના એક દિવસ પછી આ નવો ગતિશીલતા કાયદો અમલમાં આવ્યો.

લશ્કરી વિશ્લેષકોનું કહેવું છે કે રશિયન બાજુના સૈનિકોની જેમ યુક્રેનિયન સૈનિકોની સરેરાશ ઉંમર ૪૦ની આસપાસ છે. કેટલાક યુક્રેનિયનોને ચિંતા છે કે યુવા વયસ્કોને કર્મચારીઓમાંથી બહાર કાઢવાથી યુદ્ધથી તબાહ થયેલી અર્થવ્યવસ્થાને વધુ નુક્સાન થશે.

ઝેલેન્સકીએ આ કાયદાને લાગુ કરવામાં આટલો સમય કેમ લીધો તે સ્પષ્ટ નથી. તેઓએ કોઈ સાર્વજનિક



ટિપ્પણી કરી ન હતી અને અધિકારીઓએ જણાવ્યું ન હતું કે દેશને કેટલા નવા સૈનિકો મળવાની અપેક્ષા છે અથવા કયા એકમો માટે ભરતી કરવામાં આવશે. યુક્રેનમાં પાયદળની વધતી જતી અછત અને દારૂગોળાની તીવ્ર અછતને કારણે સેનામાં ભરતી એ ઘણા મહિનાઓથી સંવેદનશીલ બાબત છે. જેના કારણે રશિયાએ યુદ્ધના મેદાનમાં પ્રવેશવાની પહેલ કરવી પડી હતી.

# ભોજશાળાના એએસઆઇ સર્વેમાં હિંદુ પ્રતીકો મળ્યા, મુસ્લિમ પક્ષે દાવો નકાર્યો

ધાર,તા.૫

મધ્યપ્રદેશના ધારની ભોજશાળા મુદ્દા સાથે જોડાયેલા એક હિન્દુ પક્ષે ચોંકાવનારો દાવો કર્યો છે. પાર્ટીએ કહ્યું છે કે ભોજશાળા-કમાલ મૌલા મસ્જિદ પરિસરમાં ચાલી રહેલા સર્વે દરમિયાન હિન્દુઓના ધાર્મિક પ્રતીકો અને વસ્તુઓ ધરાવતું ભોંયરું મળી આવ્યું છે. જો કે, મુસ્લિમ પક્ષે આક્ષેપ કર્યો હતો કે દાવો 'ભ્રામક' છે. તમને જણાવી દઈએ કે મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશ પર એએસઆઈએ ૨૨ માર્ચથી ભોજશાળાના વિવાદિત પરિસરમાં સર્વે શરૂ કર્યો હતો. આ આદેશ એક હિન્દુ સંગઠનની અરજી પર આપવામાં આવ્યો છે જેણે ભોજશાળા મુદ્દે કોર્ટમાં અરજી દાખલ કરી હતી.

સુપ્રીમ કોર્ટે સોમવારે ભોજશાળાના મધ્યકાલીન સંકુલના સર્વે પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. હિન્દુ અને મુસ્લિમ બંને પક્ષો આ સંકુલનો દાવો કરે છે. સર્વોચ્ચ અદાલતે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે આ સર્વેક્ષણના પરિણામો અંગે તેની પરવાનગી વિના કોઈ કાર્યવાહી ન કરવી જોઈએ.

# કોંગ્રેસ એકમાત્ર પાર્ટી છે જેણે રામની પ્રાણપ્રતિષ્ઠાને નકારી : સંજય નિરુપમ

મુંબઇ,

કોંગ્રેસમાંથી હાંકી કાઢવામાં આવેલા પૂર્વ સાંસદ સંજય નિરુપમે ૪ એપ્રિલે કોંગ્રેસ પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે કહ્યું કે કોંગ્રેસમાં પાંચ અલગ-અલગ પાવર સેન્ટર છે. સોનિયા, રાહુલ, બહેન, નવા અધ્યક્ષ ખડગેજી અને વેણુગોપાલજી. કોંગ્રેસમાં વૈચારિક સંઘર્ષ ચાલી રહ્યો છે, જેના કારણે કાર્યકરોમાં નિરાશા જોવા મળી રહી છે. નિરુપમે કહ્યું કે રાહુલજીની આસપાસના ડાબેરીઓ વિશ્વાસમાં નથી માનતા. રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠાના આમંત્રણના જવાબમાં કોંગ્રેસે એકલા



હાથે પત્ર લખીને કહ્યું કે આ ભાજપનો પ્રચાર છે. તેમણે રામના અસ્તિત્વને નકાર્યું. વહેલી સવારે, તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી કે બુધવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને રાજીનામું મોકલ્યા પછી પાર્ટીએ તેમને હાંકી કાઢ્યા હતા. વાસ્તવમાં, બુધવારે રાત્રે, ખડગેએ અનુશાસનહીન અને પક્ષ વિરોધી નિવેદનોની ફરિયાદો બાદ નિરુપમને ૬ વર્ષ માટે પાર્ટીમાંથી હાંકી કાઢવાની મંજૂરી આપી હતી. નિરુપમે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં મલ્લિકાર્જુન ખડગેને મોકલેલા રાજીનામાની તસવીર શેર કરી છે. તેમણે લખ્યું- એવું લાગે છે કે ગઈકાલે રાત્રે મારું રાજીનામું મળતાની સાથે જ પાર્ટીએ મારી હકાલપટ્ટીની જાહેરાત કરવાનો નિર્ણય લીધો.

# મેં મારી પાર્ટીનું વિલિનીકરણ કર્યું તેથી મારે અપક્ષ તરીકે ચૂંટણી લડવી પડી-પપ્પુ યાદવ



પટણા,

જન અધિકાર પાર્ટીનું વિલીનીકરણ કરીને કોંગ્રેસમાં જોડાયેલા પપ્પુ યાદવે આજે ઉમેદવારી પત્ર ભર્યું હતું. આ પછી રાજકારણ શરૂ થયું. કોંગ્રેસે તેમને ભારતીય ગઠબંધનના ઉમેદવારનું નામ આપવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો. કોંગ્રેસ પ્રવક્તા રાજેશ રાઠોડે કહ્યું કે પપ્પુ યાદવ કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર નથી. પૂર્ણિયા લોકસભા મતવિસ્તાર કોંગ્રેસના ક્વોટાની ૯ બેઠકોમાં સામેલ નથી. આરજેડી નેતા બીમા ભારતી ભારત ગઠબંધનના સંયુક્ત ઉમેદવાર છે. તેથી કોંગ્રેસ પાર્ટીના દરેક કાર્યકર બીમા ભારતીને જીતાડશે.

અહીં, નોમિનેશન પછી, પૂર્વ સાંસદ પપ્પુ યાદવે કહ્યું કે તેઓ બિહારમાં કોંગ્રેસને આગળ લઈ જવા માંગે છે. તેઓ કોંગ્રેસ સાથે છે. દાવો કરતી વખતે પપ્પુ યાદવે કહ્યું કે મને કોંગ્રેસનું સમર્થન છે.

# અદાણી ગ્રીન એનર્જી બની ૧૦,૦૦૦ મેગાવોટ રિન્યુએબલ એનર્જી ક્ષમતા સાથેની પ્રથમ કંપની

નવીદિલ્હી,

અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ (AGEL) એ ગુજરાતના વિશાળ ખાવડા સોલાર પાર્કમાં ૨,૦૦૦ મેગાવોટની સૌર ક્ષમતા સ્થાપિત કરી છે, જે ૧૦,૦૦૦ મેગાવોટથી વધુ નવીનીકરણીય ઉર્જા ક્ષમતા ધરાવતી ભારતની પ્રથમ કંપની બની છે. કંપનીના નિવેદન અનુસાર, તેની પાસે હવે ૧૦,૯૩૪ મેગાવોટની ઓપરેશનલ ક્ષમતા છે, જે ભારતમાં સૌથી વધુ છે.



નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૨,૮૪૮ મેગાવોટ રિન્યુએબલ ક્ષમતા સ્થાપિત કરવામાં આવી છે. AGENના ઓપરેટિંગ સેગમેન્ટમાં ૭,૩૯૩ મેગાવોટ સૌર, ૧,૪૦૧ મેગાવોટ પવન અને ૨,૧૪૦ મેગાવોટ પવન-સૌર હાઈબ્રિડ ક્ષમતાનો સમાવેશ થાય છે. કંપનીનું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં ૪૫ ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ઈન્સ્ટોલ કરવાનું છે. AGENનું ૧૦,૯૩૪ મેગાવોટ ઓપરેશનલ સેગમેન્ટ ૫૮ લાખથી વધુ ઘરોને પાવર આપશે, એમ નિવેદનમાં જણાવાયું છે. વાર્ષિક આશરે ૨૧ મિલિયન ટન $CO_2$ (કાર્બન ડાયોક્સાઇડ) ઉત્સર્જન બચાવશે. અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, "અમને રિન્યુએબલ સેક્ટરમાં ભારતના પ્રથમ ૧૦ હજારની મેગાવોટની અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કર કંપનીનો હોવાનો ગર્વ છે."

# કોંગ્રેસને પીએફઆઇના પોલિટિકલ લીડરશિપનું સમર્થન: સ્મૃતિ ઈરાની

વાયનાડ,

કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટી ના નેતા સ્મૃતિ ઈરાની ભાજપ માટે પ્રચાર કરવા કેરળના વાયનાડ પહોંચ્યા હતા. અહીં તેમણે કેરળ બીજેપી અધ્યક્ષ કે સુરેન્દ્રન સાથે રોડ શોમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે રાહુલ ગાંધી સહિત ગાંધી પરિવાર પર નિશાન સાધ્યું હતું.

મહત્વનું છે કે કેરળની વાયનાડ સીટ પર બીજા તબક્કામાં મતદાન થવાનું છે. અહીં નોમિનેશનનો છેલ્લો દિવસ ગુરુવાર એટલે કે ૪ એપ્રિલ છે. રાહુલ ગાંધી આ સીટ પર ઉમેદવારી નોંધાવી ચૂક્યા છે. ત્યારે બીજેપીના પ્રચાર અર્થે સ્મૃતિ ઈરાની વાયનાડ આવ્યા હતા. તેમણે રાહુલગાંધી પર પ્રહાર કરતા જણાવ્યું કે મારુ એ માનવુ છે કે કાલે કોંગ્રેસ પાર્ટીની નામાંકન રેલીમાં મુસ્લિમ લીગના ઝંડાને છૂપાવવા તે એ વાતનો સંકેત છે કે રાહુલ ગાંધી મુસ્લિમ લીગના સમર્થનથી શર્મસાર છે અથવા તો તેઓ ઉત્તર ભારત આવશે અને મંદિરોમાં જશે તો મુસ્લિમ લીગની સાથે તેમના ગઠબંધનને છૂપાવી શકશે ? હું વાયનાડ આવીને સ્તબ્ધ થઇ ગઈ છું.

# પન્નુ અને કેજરીવાલના મુદ્દે ફરી ભારત પર દબાણ કરતું અમેરિકા

નવીદિલ્હી,

અમેરિકામાં ખાલિસ્તાન સમર્થક આતંકવાદી ગુરપતવતં સિંહ પન્નુની હત્યાના કથિત કાવતરાને લઈને વિદેશ વિભાગે ફરી એક નિવેદન આપ્યું છે. યુએસએ કહ્યું કે તે સંપૂર્ણ તપાસ હાથ ધરવામાં આવે અને પરિણામોની રાહ જોઈ રહ્યું છે. અમેરિકા અગાઉ પણ આ અંગે નિવેદન આપતું રહ્યું છે.અમેરિકી વિદેશ વિભાગે આતંકવાદી ગુરપતવતં સિંહ પન્નુના મામલામાં ફરીવાર પોતાના વલણનો પુનરોચ્ચાર કર્યો છે.

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવકતા મેથ્યુ મિલરે ભારત સરકાર દ્વારા સંપૂર્ણ તપાસના મહત્વ પર ભાર મૂકયો હતો. મિલરે કહ્યું કે અમે ભારત સરકારને સ્પષ્ટ્ર કરી દીધું છે કે અમે તેમને સંપૂર્ણ તપાસ કરે તે જોવા માંગીએ છીએ અને અમે તે તપાસના પરિણામોની રાહ જોઈ રહ્યા છીએ.અમેરિકા દ્વારા



એવો દાવો કરવામાં આવ્યો હતો કે ભારત સરકારના એક કર્મચારીએ ગુરપતવતં સિંહ પન્નુની હત્યાનું કાવતં ઘડું હતું. મિલરને એમ પણ પૂછવામાં આવ્યું કે તેઓ અરવિંદ કેજરીવાલના મામલામાં નિવેદન આપે છે, પરંતુ યારે વિપક્ષ પાકિસ્તાનની જેલમાં બધં હોય ત્યારે તેઓ કેમ કઈ બોલતા નથી?આના પર તેણે કહ્યું, 'અમે એવું માનતા નથી.

# બ્રિટનમાં ચૂંટણીમાં સુનકની પાર્ટીને હાર અને વિપક્ષની જીતની સંભાવના

લંડન,

બ્રિટનમાં ૧૮ હજારથી વધુ લોકો પર કરવામાં આવેલા સર્વેમાં સામે આવ્યું છે કે વડાપ્રધાન ઋષિ સુનકના નેતૃત્વમાં કન્ઝર્વેટિવ પાર્ટીને આ વર્ષે યોજાનારી સામાન્ય ચૂંટણીમાં હારનો સામનો કરવો પડશે. જ્યારે વિપક્ષી લેબર પાર્ટી ૪૦૩ બેઠકો સાથે સત્તામાં હશે. બહુમત માટે માત્ર ૩૨૬ સીટોની જરૂર છે.

સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે સુનકની આગેવાની હેઠળની સત્તાધારી પાર્ટી ૨૧૦ બેઠકોના નુકસાન સાથે હાઉસ ઓફ કોમન્સમાં માત્ર ૧૫૫ બેઠકો જીતી શકશે. સર્વે અનુસાર, આ ૧૯૯૭માં તત્કાલિન પીએમ જોન મેજરની હાર કરતાં પણ ખરાબ હશે જ્યારે ટોની બ્લેરના નેતૃત્વમાં લેબર પાર્ટીએ તેમને માત્ર ૧૬૫ સાંસદો સુધી ઘટાડ્યા હતા. તે જ સમયે, લેબર પાર્ટી સરળતાથી સ્કોટલેન્ડમાં સૌથી મોટી પાર્ટી બનવાની અપેક્ષા છે. એવું કહેવાય છે કે ૪૧ ટકા વોટ લેબર પાર્ટીને જશે અને ૨૪ ટકા વોટ કન્ઝર્વેટિવ પાર્ટીને જશે. લિબરલ ડેમોક્રેટ્સને ૧૨ ટકા વોટ મળશે, ગ્રીન્સને સાત ટકા વોટ મળશે અને બાકીના પક્ષોને મળશે.

# યુપીમાં ૧૬ હજાર મદરેસાની માન્યતા નાબૂદ

## મદ્રેસાઓ હવે UP બોર્ડ, CBSE અથવા ICSE પાસેથી માન્યતા લઈને શાળાઓની તર્જ પર કામ કરી શકશે

અલ્હાબાદ,

યોગી સરકારે રાજ્યના તમામ ૧૬ હજાર મદરેસાની માન્યતા નાબૂદ કરી છે. રાજ્યના ૧૬ હજાર મદરેસામાં કુલ ૧૩.૫૭ લાખ વિદ્યાર્થીઓ છે. કુલ મદરેસાઓમાંથી ૫૬૦ સબસિડીવાળી મદરેસાઓ છે જ્યાં ૯૫૦૦ શિક્ષકો કામ કરી રહ્યા છે. યુપીના અલ્પસંખ્યક કલ્યાણ મંત્રી ઓમ પ્રકાશ રાજભરે કહ્યું કે હાઈકોર્ટના નિર્ણયને મદરસા અઝીઝિયા ઈજાજુતુલ ઉલૂમના મેનેજર અંજુમ કાદરીએ પડકાર્યો છે, જેના પર શુક્રવારે સુનાવણી થવાની છે. સરકાર ત્યાં પોતાનું સ્ટેન્ડ રજૂ કરશે.અલ્હાબાદ હાઈકોર્ટની



લખનૌ બેંચના નિર્ણય બાદ હવે ઉત્તર પ્રદેશમાં તમામ મદરેસાઓની માન્યતા સમાપ્ત થઈ ગઈ છે. ધોરણોને પૂર્ણ કરતી મદ્રેસાઓ હવે UP બોર્ડ, CBSE અથવા ICSE પાસેથી માન્યતા લઈને પ્રાથમિક અથવા માધ્યમિક શાળાઓની તર્જ પર કામ કરી શકશે. જે મદરેસાઓ ધોરણોને પૂર્ણ કરતા નથી તેમને કોઈપણ બોર્ડ દ્વારા માન્યતા આપવામાં આવશે નહી અને તેનું સંચાલન બંધ થઈ જશે.






ભાવનગર આવૃત્તિ 8

તા.૦૫-૦૪-૨૦૨૪, શુક્રવાર

LEELA NEWS NETWORK P. LTD

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







## વેળાવદરમાં કાતર મારવા જેવી નજીવી બાબતે થયેલી મારામારી

### બે વ્યક્તિને નાનીમોટી ઈજા થતાં સામસામી પોલીસ ફરિયાદ

ભાવનગર તા.૫

તળાજા તાલુકાના વેળાવદર ગામમાં નજીવી બાબતે મારામારી થતા બે વ્યક્તિને નાની મોટી ઈજા થઈ હતી. આ બનાવ અંગે તળાજા પોલીસે બંને પક્ષના મળી છ ઈસમો વિરુદ્ધ સામ સામે પોલીસ ફરિયાદ નોંઢી તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ તળાજા તાલુકાના વેળાવદર ગામમાં રહેતા મૂળ તરસરાના વતની રજનીશભાઈ ચીમનભાઈ જોશી અને ગામમાં રહેતા પ્રદ્યુમનસિંહ ઉર્ફે પદુભા બહાદુરસિંહ રાઠોડને કાતર મારવા જેવી નજીવી બાબતે બોલાચાલી અને માથાકૂટ થતા સામસામે અથડામણ થઈ હતી. આ બનાવમાં પ્રદ્યુમનસિંહ રાઠોડ અને રજનીશભાઈ ચીમનભાઈ જોશીને ઈજા થઈ હતી. આ બનાવ અંગે રજનીશભાઈ ચીમનભાઈ જોશી એ વેળાવદર ગામના પ્રદ્યુમનસિંહ ઉર્ફે પદુભા બાલુભા વાજા તેના પિતા બાલુભા વાજા અને ભાઈ હિતુભા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જ્યારે સામા પક્ષે પ્રદ્યુમનસિંહ ઉર્ફે પદુભા બહાદુરસિંહ રાઠોડ એ રજનીશભાઈ ચીમનભાઈ જોશી, ઠાકરભાઈ ચીમનભાઈ જોશી અને હિરેનભાઈ ચીમનભાઈ જોશી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા તળાજા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પોલીસને બાતમી આપતો હોવાની શંકા રાખી યુવાન ઉપર હુમલો

### સેંદરડાના યુવાનની બજુડ અને ગોલરામાના ત્રણ શખ્સ વિરુદ્ધ ફરિયાદ

ભાવનગર તા.૫

સિહોર તાલુકાના સેદરડા ગામમાં રહેતા યુવાનોને ત્રણ શખ્સે લાકડી વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવાને સોનગઢ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ સોનગઢ તાબેના સેંદરડા ગામમાં રહેતા વિરેન્દ્રભાઈ હિંમતભાઈ ચૌહાણ તેમના ઘરે સુતા હતા તે દરમિયાન બજુડ ગામના પૃથ્વીરાજસિંહ વજુભા ગોહિલ અને ભોલુભાઈ ઘેલુભા ગોહિલ મોટરસાઇકલ લઈને આવ્યા હતા અને વિરેન્દ્રભાઇને જગાડી રોડ પર લઈ ગયા હતા જ્યાં ગોળરામા ગામના ડેગભા રાયજાદા હાજર હોય ત્રણેય ઈસમોએ તું અમારી પોલીસને બાતમી આપે છો તેમ કહી ગાળો આપી લાફા મારી મૂંઢમાર માર્યો હતો તેમજ લાકડી વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા. આ બનવ અંગે વિરેન્દ્રભાઈ હિંમતભાઈ ચૌહાણએ પૃથ્વીરાજસિંહ વજુભા ગોહિલ, ભોલુભાઈ ઘેલુભા ગોહિલ (રહે. બંને બજુડ,તા. ઉમરાળા) અને ડેગભા રાયજાદા (રહે. ગોલરામા,તા. ઉમરાળા) વિરુદ્ધ સોનગઢ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## પોલીસમાં અરજી કર્યાની દાઝ રાખી યુવાન ઉપર બે શખ્સનો હુમલો

### પતિને બચાવવા વચ્ચે પડેલી પત્નીને પણ ધક્કો મારી પછાડી દેવાઈ, પોલીસ ફરિયાદ

ભાવનગર તા.૫

શિહોર તાલુકાના જાંબાળા ગામમાં રહેતા યુવકે પોલીસમાં અરજી કર્યાની દાઝ રાખી ગામના બે શખ્સે તેને માર મારી મોબાઈલ ફોનનો ઘા કરી નુકસાન કર્યું હતું તેમ જ યુવકને બચાવવા વચ્ચે પડેલા તેના પત્નીને પણ ધક્કો મારી પછાડી દેતા યુવકે શિહોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ સિહોર તાલુકાના જાંબાળા ગામમાં રહેતા અને મજૂરી કામ કરતા ભદ્રેશભાઈ લક્ષ્મણભાઈ સોલંકી એ બે દિવસ પહેલા પોલીસમાં અરજી કરી હતી તે બાબતની દાઝ રાખી ગામમાં રહેતા દુલાભાઈ વનાભાઈ બારૈયા અને અનિલભાઈ રવજીભાઈ બારૈયા એ તેના ઘરે આવી 'તે કેમ પોલીસમાં અરજી કરી છે' તેમ કહી ગાળો આપી ઢીકાપાટૂનો માર મારીને ગામના ચોરા તરફ લઈ ગયા હતા, દરમિયાન યુવાને તેનો મોબાઈલ ફોન કાઢી વિડીયો ઉતારતા દુલાભાઈએ તેનો મોબાઈલ ફોન આચકી ઘા કરી દઈ નુકસાન કર્યું હતું તેમજ ભદ્રેશભાઈના પત્નીએ પતિને છોડાવવાનો પ્રયાસ કરતા દુલાભાઈએ તેમને પણ ધક્કો મારી પછાડી દીધા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ બનાવ અંગે ભદ્રેશભાઈ લક્ષ્મણભાઈ સોલંકીએ દુલાભાઈ વનાભાઈ બારૈયા અને અનિલભાઈ રવજીભાઈ બારૈયા (રહે. બંને જાંબાળા તા. સિહોર) વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા સિહોર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## કોર્પોરેશનમાં દંડ ભરી આખરે જપ્ત લારીઓ છોડાવાનું શરૂ

### ટોળાશાહી દ્વારા દબાણ લાવવાનો પ્રયાસ નાકામ : પેનલ્ટી માફ કરાવવા મલ્ટીલેવલ પાર્કિંગના સંચાલકના કોર્પોરેશનમાં આટાફેરા ચાલું !

ભાવનગર,તા.૫

શહેરના ઘોઘાગેટ, હેવમોર ચોક, શાકમાર્કેટ સહિતના વિસ્તારમાં લોકોને નડતર રૂપ બને તે રીતે બેફામ દબાણો કરનાર લારી ધારકો સામે મહાપાલિકા તંત્રએ કાયદાના દંડો ઉગામતા દેકારો બોલી ગયો હતો. બુધવારે મલ્ટીલેવલ પાર્કિંગમાં ગેરકાયદે રીતે મુકાયેલ ૧૦૧ લારીને તંત્રએ ત્યાં જ સીઝ કરી દઈ દંડ વસુલ્યા વગર નહી છોડવા મક્કમતા દર્શાવી હતી. ગઈકાલે ટોળાશાહી દ્વારા તંત્ર પર દબાણ લાવવાનો પ્રયાસ થયો હતો પરંતુ દંડ વગર લારી નહી છુટે તેમ કમિશ્નરે રોકડું પરખાવતા આખરે બપોરબાદથી ક્રમશ દંડ ભરીને લારીઓ છોડાવાનું શરૂ થયુ હતું. અને આજથી મોટાભાગના લારીધારકોના વેપારધંધા પુનઃ શરૂ થયા હતા.

શહેરના ગંગાજળીયા તળાવમાં મલ્ટીલેવલ પાર્કિંગ વાહનો માટે બનાવાયું છે. પરંતુ સંચાલકે લારી ધારકોને પનાહ આપી પૈસા વસુલી લારીઓ માટે પાર્કિંગ બનાવી દેતા લાંબા સમયથી ચાલતી આ ગેરરીતી કમિશ્નર ઉપાધ્યાયના ધ્યાને આવતા જ કડક કાર્યવાહી માટે આદેશ છુટ્યા હતા. અને પાર્કિંગમાં પડેલ ૧૦૧ લારીઓ સીઝ કરી દેવાઈ હતી. બીજી બાજુ મલ્ટીલેવલ પાર્કિંગના કોન્ટ્રાકટરને રૂપીયા ૫૦ હજાર પેનલ્ટી ફટકારાઈ છે જે રદ કરાવવા સંચાલક કોર્પોરેશનના ચક્કર કાપી રહ્યો છે. બીજી બાજુ ગઈકાલે યુનિયનની આગેવાનીમાં લારી ધારકો ટોળાશાહી કરી લારી છોડી મુકવા પ્રેશર ઉભુ કર્યું હતું.

અનુસંધાન ૬

## વેલ્ડીંગના કારખાનામાં લાગેલી આગમા 5 વાહનો સ્વાહા





### ૩ ટ્રક, બે બાઈક સળગી ગયા : બે લોકો દાઝ્યા, ફાયર સ્ટાફે દોડી જઈ પાણીનો મારો ચલાવી આગ બૂઝાવી

ભાવનગર,તા.૫

વરતેજ-સિદસર રોડ પર વેલ્ડિગના કારખાનામાં રિપેરીગ માટે આવેલા ટ્રકમાં અચાનક આગ ભભૂકી ઉઠતા અન્ય બે ટ્રક અને બાઈક આગની લપેટમાં આવી ગયા હતા. અને બળીને ખાક થયાં હતા. આ આગની ઘટનામાં બે કારીગર પણ દાઝી ગયા હતા.

આગના આ બનાવની પ્રાપ્ત થતી માહિતી અનુસાર વરતેજ- સિદસર રોડ પર આવેલ મારૂતિનંદન વેલ્ડીગ વર્કસમાં રિપેરીગ માટે આવેલા એક ટ્રકમાં ગુરુવારે બપોરના સમયે આગ લાગી હતી. જે વધુ ફેલાતા બે ટ્રક અને એક બાઈકને પણ લપેટમાં લીધી હતી. ઘટનાની જાણ થતાં ભાવનગર ફાયર સ્ટાફે દોડી જઈ પાણીનો મારો ચલાવી આગ બૂઝાવી નાંખી હતી. જ્યારે આગનો બનાવ બન્યો ત્યારે અહી કામ કરી રહેલા સંતોષભાઈ દેવજીભાઈ ડાભી અને રમેશભાઈ નામના વ્યક્તિ દાઝી જતાં તેઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાનું મારૂતિનંદન વેલ્ડીગ વર્કસના માલિક વિજયભાઈ પ્રજાપતિએ વાતચીતમાં જણાવ્યું હતું. આગની ઘટનામાં મિતેશભાઈ ડાંગરની માલિકીના ટ્રક નં.જીજે.૧૦.ટીટી.૭૬૯૩, કલ્પેશભાઈ ડાંગરના ટ્રક નં.જીજે.૦૪.વી.૭૫૦૩ અને રફિકભાઈના ટ્રક નં.જીજે.૦૪.એચ.૭૭૦૦ તેમજ જયદીપસિંહ ગોહિલની બાઈક નં.જીજે.૦૪.બીસી.૦૦૨૩ને નુકશાન થયું હતું. આગ લાગ્યાની જાણ ફાયર બ્રિગેડને કરાતા ફાયર ઓફીસર પ્રદ્યુમનસિહ જાડેજા સહિત કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને ૧૬ હજાર લીટર પાણી છાટી આગ બુઝાવી હતી. આગ લાગવાનું કારણ કે નુકશાની જાણવા મળી શકી ન હોવાનું ફાયર સૂત્રોએ જણાવ્યું છે.

## ભાજપના પુરુષોત્તમ રૂપાલાની પડખે આવ્યા પાટીદારો, સમર્થનમાં ૨૦૦ પોસ્ટર લાગ્યા

### 'રૂપાલા જેવું યોગ્ય નેતૃત્વ મળ્યું છે', ક્ષત્રિયોએ રૂપાલાને માફ કરી દેવા જોઈએ : નરેન્દ્ર સોલંકી

રાજકોટ, તા.૫

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા નિવેદન મામલે હાલ ક્ષત્રિયો અને પાટીદારો સામસામે આવી ગયા હોય તેવું ચિત્ર સામે આવ્યુ છે. એક તરફ કરણીસેનાના મહિલા પ્રદેશ અધ્યક્ષ પદ્મિનીબા વાળા અન્ન ત્યાગ પર છે, તો બીજી તરફ અંબીકા ટાઉનશિપમાં રૂપાલાના સમર્થનમાં ૨૦૦ જેટલા પોસ્ટર લાગ્યાં છે. દરમિયાન યુથ ક્લબના નેજા હેઠળ ૨૦૦ જેટલી સોસાયટીના લોકોએ રૂપાલાને જીતાડવા સમર્થન આપ્યું છે, જેમાં સાંજે પાટીદારોની બેઠક મળવાની છે. જોકે, આ તકે લાંબા સમયથી રાજનીતિ મૂકી આપાગીગા ઓટલાના મહંત બનેલા રાજકોટ મનપાના પૂર્વ કોર્પોરેટર નરેન્દ્ર સોલંકી મેદાને આવ્યાં હતાં અને રૂપાલાને માફી આપવા ક્ષત્રિય સમાજને અપીલ કરી હતી.રાજકોટના અંબિકા ટાઉનશિપ વિસ્તારમાં રૂપાલાના સમર્થનમા પોસ્ટર લગાવવામાં આવ્યાં હતાં. જે અંગે રાજકોટ યુથ ક્લબના અધ્યક્ષ જીગ્નેશ કાલાવડીયાએ જણાવ્યું હતું કે, યુથ ક્લબના નેજા હેઠળ અંબિકા ટાઉનશિપમાં




૨૦૦થી વધુ સોસાયટી અને ફ્લેટ ઓનર્સ એસોસિએશનની બેઠક મળી હતી. તેમાં આ વિસ્તારના લોકોના વિકાસ માટે પુરુષોત્તમ રૂપાલાને સમર્થન આપવું તેવું સર્વાનુમતે નક્કી થયું હતું. રાજકોટ યુથક્લબ તમામ સમાજના લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. અહીં ૨૦૦થી વધુ પોસ્ટર લાગ્યાં છે. આગામી સમયમાં અહીં ૧૦,૦૦૦થી વધુ લોકોની સભાનું આયોજન કરવામાં આવશે.જયારે રાજકોટ મહાનગરપાલિકાના ભાજપનાં પૂર્વ કોર્પોરેટર અને હાલ આપાગીગાના ઓટલાના મહંત નરેન્દ્રબાપુએ જણાવ્યું હતું કે, રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાથી ક્ષત્રિય સમાજ અંગે જે નિવેદન થયુ છે, તે અંગે તેમને માફી પણ માંગી છે. તેમનાથી ૪૦ વર્ષમાં પ્રથમ વખત આ પ્રકારની ભૂલ થઈ છે, જેથી ક્ષત્રિયોએ રૂપાલાને માફ કરી દેવા જોઈએ. ક્ષત્રિયોના આદરણીય ગધેથડ આશ્રમના મહંત લાલબાપુએ પણ આ બાબતે પોઝિટિવ વાત કરી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મહારાણા પ્રતાપ અને પૃથ્વીરાજ ચૌહાણે ભૂતકાળમાં જેમણે આક્રમણો કર્યા તેઓને પણ માફી આપી છે. ક્ષત્રિયોએ ૫૬૨ દેશી રજવાડાઓ દેશને આપી દીધા અને ખૂબ મોટું બલિદાન આપ્યું છે. ત્યારે પુરુષોત્તમ રૂપાલાએ કરેલા નિવેદન અંગે તેમનાં દ્વારા લાગણીસભર રીતે માફી માંગી છે, જેથી ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાને માફી આપવી જોઈએ. રાજકોટ જિલ્લાને રૂપાલા જેવું યોગ્ય નેતૃત્વ મળ્યું છે. જેથી તેઓ જ રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર હોવા જોઈએ.

## નિર્મળનગરમાં અડચણરૂપ બસને લોક લાગ્યો, તરબુચનો માંડવો હટાવાયો





શહેરમાં નિર્મળનગરમાં ફરિયાદના પગલે આજે દબાણ હટાવ સેલે દોડી જઇ તરબુચનો ગેરકાયદે માંડવો હટાવ્યો હતો. જ્યારે ખાનગી મીની બસ અડચણરૂપ બને તે રીતે પાર્કિંગ કરેલી હોવાથી તેને લોક લગાવી દંડ વસૂલવા કાર્યવાહી હાથ ધરી હતી. (તસવીર : મૌલિક સોની)

## અમરેલીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની બેઠકમાં વિવિધ પ્રભાવિત મતદારો સાથે સીધો સંવાદ

અમરેલી, તા.૫

અમરેલી માર્કેટીંગ યાર્ડમાં આવેલ એક ખાનગી હોટલમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પોહચીયા અને બૃહદ બેઠક યોજી જેમાં કાર્યકરો હોદેદારો વિવિધ પ્રભાવિત મતદારો સાથે સીધો સંવાદ કર્યો રાજય અને કેન્દ્ર સરકારની વિકાસની સર્ચાઓ કરવામાં આવી ઉપરાંત ચૂંટણી લક્ષી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જેમાં અમરેલી ભાજપ ઉમેદવાર ભરત સુતરીયા,નાયબ દંડક કૌશીક વેકરીયા,ધારાસભ્ય મહેશ કસવાળા,ધારાસભ્ય હીરા સોલંકી, ધારાસભ્ય જે.વી. કાકડીયા, ધારાસભ્ય જનક તળાવીયા, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશ કાબરીયા,પ્રભારી ભરત બોધરા,સહિત પૂર્વ ધારાસભ્યો નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા ચૂંટણી લક્ષી સર્ચા વિચારણા કરવામાં આવી સહતી જરૂરી માર્ગદર્શન





આપવામાં આવ્યું હતું.મુખ્યમંત્રી કાર્યક્રમ સ્થળે પોહચતા પ્રથમ માધ્યમોને દૂર રાખવા માટે સૂચન કરતા સંચાલક દ્વારા મીડિયાને બહાર જવા અપીલ કરવામાં હતી બીજી તરફ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે ૩ દિવસ પહેલા સર્જાયેલા ૨ જૂથ વચ્ચે થયેલ મારામારીના કારણે કેટલીક સૂચના અને નિષ્ક્રિય અગ્રણીઓને એક્ટિવ કરવા માટે સૂચના આપવાની હોવાનો ગણગણાટ ચાલી રહ્યો છે